CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭૩
તા.૧૨-૧૧-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૦ સૂર્યાસ્ત : ૦૫:૫૮

તાપમાન
ડીસા ૩૩.૮
અમદાવાદ ૩૨.૯
ગાંધીનગર ૩૩.૨
વડોદરા ૩૩.૧
સુરત ૩૩.૮
નલિયા ૩૪.૮

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# મોદી કે અમિત શાહ આવે તોય ભાજપ નહી આવે : રાહુલ

## જય શાહના મામલમાં મોદી હજુ સુધી કેમ મૌન સેવીને બેઠા છે : પેટ્રોલ અને ડિઝલને જીએસટી દાયરામાં લાવવા માંગ





અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તેમના ત્રીજા તબક્કામાં ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસે છે. આજે ઉત્તર ગુજરાતમાં પ્રાંતિજ, હિમંત નગર સહિતના સ્થળોએ જાહેરસભા દરમ્યાન રાહુલ ગાંધીએ નોટબંધી અને જીએસટીને લઈ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતો, આદિવાસીઓની જમીન, પાણી, વીજળી છીનવીને તેમના હક્કના પાણી, વીજળી અને જમીન મોદીના માનીતા ઉદ્યોગ પતિઓને આપી દેવાય છે. નર્મદાનું પાણી ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓને અપાય છે પરંતુ ખેડૂતો અને આદિવાસીઓને મળતું નથી. મોદી સરકાર અને ભાજપ વાયદાઓ કરે છે પરંતુ પાળતા નથી, તેથી લોકોને હવે ખબર પડી ગઈ છે. હવે નરેન્દ્ર મોદી કે અમિત શાહ ગુજરાતમાં પ્રચાર માટે આવે કે, નિર્મલા સીતારમન કે યુપીના સીએમ યોગી આદિત્યનાથ આવે તો પણ ડિસેમ્બરમાં હવે ભાજપ સરકાર આવશે નહી. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધુ નિશાન તાકતાં જણાવ્યું કે, નોટબંધીએ ભારતીય લોકતંત્રના ઈતિહાસમાં સૌથી મોટી ભૂલ હતી અને સ્વયં મોદીજીએ હિન્દુસ્તાનના ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, નાના દુકાનદારો, વેપારીઓ, મહિલાઓ, બહેનો બધાને લાઈનમાં લગાવી દીધા અને બેંકોના પાછલા દરવાજેથી હિન્દુસ્તાનના તમામ ચોરોએ પોતાનું કાળુ નાણું સફેદ કરાવી દીધું. આ બહુ આઘાતજનક અને લોકશાહીના ઈતિહાસમાં કાળા દિવસ સમાન ઘટના છે. કારણ કે, નોટબંધી દરમ્યાન ૧૦૦થી વધુ નિર્દોષ નાગરિકો મોતને ભેટયા અને લાખો લોકો બેરોજગાર થઈ ગયા. આટલુ ઓછું હોય તેમ નોટબંધીના પ્રહાર બાદ મોદી સરકારે જીએસટીનો વજાઘાત લોકોને માર્યો, ખાસ કરીને નાના દુકાનદારો, વેપારીઓ અને મધ્યમ કદના ઉદ્યોગકારો ખતમ થઈ ગયા. રાહુલ ગાંધીએ શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીને લઈને પણ મોદી સરકાર અને ભાજપ પર ચાબખા વરસાવ્યા હતા. રાહુલે જણાવ્યું કે, ગુજરાતમાં ૯૦ ટકા કોલેજોનું ખાનગીકરણ થઈ ગયું છે. આજે ગરીબ આદિવાસીઓ કે ખેડૂતોના સંતાનોને ભણાવવા હોય કે કોલેજમાં મોકલવા હોય તો ખિસ્સામા પહેલાં પાંચ-દસ લાખ રૂપિયા હોવા જોઈએ પરંતુ તે તેમની પાસે નથી.

## મા જગદંબાના દર્શન સાથે રાહુલ બનાસકાંઠાના પ્રવાસે

અંબાજી

અખીલ ભારતીય કોંગ્રેસ સમીતી દ્વારા આગામી વિધાનસભા ૨૦૧૭ ને જીતવાં નવસર્જન ગુજરાત લોકો સંપર્ક યાત્રા નું આયોજન કરાયુ છે. જે ચોથા તબક્કા માં આ લોક સંપર્ક યાત્રા માં કોંગ્રેસ નાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલગાંધી પોતાની ચોથા તબક્કા ની લોક સંપર્ક યાત્રા લઈ આજે સુપ્રિધ્ધ યાત્રાધામ અંબાજીજની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં સૌ પ્રથમ હડાદ ખાતે લોકોનાં અભીવાદન લીધા બાદ અંબાજી ખાતે કોંગ્રેસનાં કાર્યકર્તાઓ દ્વારા તેમનું સ્વાગત કરાયુ હતુ. અને ત્યાર બાદ અંબાજી મંદિર નાં ગર્ભગૃહમાં માતાજીની પુજા અર્ચના કરી કપુર આરતી કરી હતી. અને પોતાની લોક સંપુર્ક યાત્રા સફળ થાય તે માટે પણ માતાજી ને



પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ રાહુલગાંધી એ માતાજી ની ગાદી ઉપર

અનુસંધાન પાના નં.૬

## બેસણું



સ્વ. દેવજીભાઈ હેમાભાઈ પ્રજાપતિ

અમારા પિતાશ્રી સ્વ. દેવજીભાઈ હેમાભાઈ પ્રજાપતિ (ગોત્રકીયા)નું દુઃખદ અવસાન તા. ૧૦/૧૧/૧૭ ના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્ગતનું બેસણું તા.૧૩/૧૧/૨૦૧૭ ને સોમવારના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : રવેચી નગર, કચ્છી કોલોની, ડીસા જિ.બ.કાં. મો. ૯૮૨૫૦ ૫૩૧૭૧, ૯૭૧૪૨ ૧૬૩૨૪

લિ.
માધુભાઈ દેવજીભાઈ પ્રજાપતિ (પુત્ર)
બાબુભાઈ દેવજીભાઈ પ્રજાપતિ (પુત્ર)
દામાભાઈ જગાભાઈ પ્રજાપતિ (ભત્રીજા)
રામાભાઈ જગાભાઈ પ્રજાપતિ (ભત્રીજા)
શામજીભાઈ નાથાભાઈ પ્રજાપતિ (ભાઈ)
વેરસીભાઈ રૂપાભાઈ પ્રજાપતિ (ભાણેજ)

બનાસકાંઠા જિલ્લામાં વર્ષોથી ઘેર - ઘેર પીવાતી નવલ રોયલ ઘાટીયા
પેકેટ ચાના ગ્રાહકો માટે બમ્પર ધમાકા ભેટ યોજના




નવલ
(રોયલ ચા)




વર્ષો જુની સતત એક જ ગુણવત્તાવાળી
પેકેટ ચા વાપરવાનો આગ્રહ રાખો.

॥ સ્કીમ ॥
નવલ રોયલ પેકેટ ચા ૧૦ કિલોના ૧ થેલા ઉપર એક સ્ક્રેચ કુપન મળશે. તેમાં તમને
રૂા.૩૦ થી રૂા.૨૦૦૦ સુધીનું ઈનામ તુરત જ સ્થળ ઉપર મળશે. બમ્પર સ્કીમનો ભરપેટ લાભ મેળવો.

નવલ રોયલ પેકેટ ચાના વર્ષો જુના કંપનીના અધિકૃત એજન્ટ
આશિષ ટ્રેડીંગ કંું.
શાહ અમૃતલાલ નરસંગમલ
કલીકુંડ કોમ્પલેક્ષ, ગાંધીચોક - ડીસા (બનાસકાંઠા)
ફોન નં. ૦૨૭૪૪ - ૨૨૦૧૭૯, મોબાઈલ : ૯૧૦૬૦૦૨૫૮૦, ૯૪૨૭૩૯૩૮૪૦
રોજુટ ટ્રેડીંગ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી.
કંપની રીપ્રેઝન્ટેટીવ - રાજેશ શર્મા, ડીસા, મો.૭૫૭૪૦૬૪૮૨૨

CMYK

**સૂર્યોદય - ૬.૫૦ સૂર્યાસ્ત - ૫.૫૮**

## તિથિદર્શન

કારતક વદ-૯ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ : નોમ રવિવાર નક્ષત્ર: મઘા બપોરે ૧૧.૩૨ પછી પૂર્વ ફાલ્ગુની યોગ :ઐદ્ર કરણ: વણીજ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**દેશાનામુપરિ ક્ષમાપા આતુરાણાં ચિકિત્સકાઃ ચ મૂર્ખાણામપિ પંડિતાઃ પ્રમાદિનાં તથા ચૌરા ભિક્ષુકા ગૃહમેધિનામ્ ગણિકા કામુકાનાં ચ સર્વલોકસ્ય શિલ્પિનઃ**

આ શ્લોકમાં કોના પર આધિપત્ય જમાવે છે.

દેશની પ્રજા- રાષ્ટ્ર પર દેશના રાજા- વડાપ્રધાનનું આધિપત્ય છે, રાજાની આજ્ઞા જ અંતે સર્વોપરી ગણવામાં આવે છે. રોગચાળો ફાટી નીકળ્યો હોય ત્યારે, બીમારીમાં માણસ એવો લાચાર થઈ જાય છે કે,ડૉક્ટર- વૈધ- ચિકિત્સક કહે એમ જ, એની આજ્ઞા જ સર્વોપરી હોય છે. ગ્રાહક ગમે તેટલા ચતુર હોય પણ વેપારી બુદ્ધિમાં ગ્રાહક કરતાં વધારે બુદ્ધિશાળી હોય છે. વેપારી ધારે તે જ અને તેવો માલ અંતે ગ્રાહકને પકડાવી દે છે. મૂર્ખ લોકોએ અંતે પંડિત વિદ્વાન- વકીલની સલાહ લેવા જ જવું પડે છે. જે આળસુ છે તેના પર ચોર લોકો આધિપત્ય જમાવી દે છે. શેઠ- વડો આળસુ હોય તો ચોર કર્મચારી પોતાનો સ્વાર્થ કાઢી લે છે.

ભિખારી- માગનારા- ગૃહસ્થીઓ પાસેથી યાચના દ્વારા મેળવી લે છે. જે કામી છે તેને વાસનાની લાચારીમાં ગણિકા- વેશ્યાની આજ્ઞામાં જ રહેવું પડે છે.

જે કારીગર- શ્રમિક - કર્મી- રામાઓ છે તેમનું આધિપત્ય તેમના કાર્યને કારણે તમામ ગૃહિણી અને સર્વજનો પર છે, જે લોકો જાતે કામ કરતા નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) સ્વમાન ભંગના ભોગ બનવું પડે. વાણીસંયમ જાળવવો હિતાવહ.**
**વૃષભ : (બ.વ.ઉ.) મહેનતથી કાર્યસિદ્ધિ મળે. પ્રતિકૂળતામાંથી બહાર આવી શકશો.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કર્ક : (ડ.હ.) )હિતશત્રુઓથી સાવધ રહેવું. નાણાંભીડ અનુભવવી પડે.**
**સિંહ : (મ.ટ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. ધંધાકીય કાર્યમાં સફળતા મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) અકસ્માતથી સંભાળવું. નાણાંભીડમાં રાહત અનુભવાય.**
**તુલા : (ર.ત.) ગૃહવિવાદના ભોગ બનવું પડે. માનસિક ઉદ્વેગ જણાય.**
**વૃશ્ચિક :(ન.ય.) ધીરજના ફળ મીઠા મળે. મનનું ધાર્યુ થાય નહીં.**
**ધન : (ભ.ફ.ધ.)નવિન આયોજન પાર પડે. કૌટુંબિક પરેશાની દૂર થાય.**
**મકર : (ખ.જ.)આર્થિક નવા આયોજનો પાર પડે. જીવનસાથી સાથે આનંદ-પ્રમોદનો પ્રસંગ બને.**
**કુંભ : (ગ.શ.સ.) લાગણી ઘવાય તેવા બનાવો બને. ધીરજ-મક્કમતાથી સંકટનો સામનો કરવો હિતાવહ**
**મીન : (દ.ચ.જ.થ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. નવિન કાર્યોમાં સફળતા મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિતા અને દીર્ઘ નવલિકાના લેખક ‘સ્વપ્નસ્થ’ ની જન્મજયંતી છે. એમનું મૂળ નામ તો શ્રી લક્ષ્મીનારાયણ ર.વ્યાસ.

એમનો જન્મ ૧૩-૧૧-૧૯૧૩ ના રોજ રાજકોટમાં થયેલો. એમણે ૧૮વર્ષની નાની વયે સુપ્રસિધ્ધ કવિ કાન્તની પુત્રી ડોલર સાથે તેમના લગ્ન થયા હતા. કવિ શ્રીસ્વપ્નસ્થે તેમના જીવનકાળ દરમિયાન ‘અચલા’ (લાંબુ પ્રણયકાવ્ય), ‘વિનાશના અંશો અને મામા’ (બે લાંબા કથાકાવ્યો), ‘શોધ’ (મોહન શુકલના નામથી લખેલી લાંબીવાર્તા) વગેરે પ્રગટ કરેલ છે.

એમનું તા ૨૩-૧૨-૧૯૭૦ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ઉકરડાની તપોભૂમિમાં કાલભૈરવ જયંતિ ઉજવાઈ



ડીસા

સુપ્રસિધ્ધ સૌંદર્યધામ બાલારામથી અંબાજીના માર્ગે ૩ કિ.મી.ના અંતરે આવેલ ઉકરડાની પૂ. બ્રહ્મલીન યોગીરાજ મુકુનપુરી મહારાજની - ગુરૂ મહારાજની ધૂણીના નામે જાણીતી હજારો નહિ બલ્કે લાખો ભક્તજનોની શ્રધ્ધા- ભક્તિ અને સેવાનું અદભુત આધ્યાત્મિક પાવન સ્થળ ઉકરડાની ધૂણી ખાતે કાલભૈરવ જયંતિની શક્તિ- ભક્તિ - શ્રધ્ધાના સથવારે હજારો ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ઉલ્લાસ- ઉમંગ અને ભક્તિનાદના સંગે ઉજવણી કરવામાં આવી.

આ જગ્યાના નિસ્પૃહી, નિરાભિમાની, સરળ અને સહજ સ્વભાવ ધરાવતા સૌમ્યમૂર્તિ પૂ.ચીનુભારથી મહારાજ (બાપજી) તેમજ ભૈરવના કૃપાપાત્ર અને ઉપાસક પૂ.ગીરીશભારથી મહારાજની પાવન નિશ્રા અને માર્ગદર્શન તળે કાલભૈરવ જયંતિ- પ્રસંગે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર ભક્તિ- ભાવપૂર્વક પૂ.ભૈરવદાદાના દર્શનાર્થે ઉમટી પડેલ. કાલભૈરવ દેવોના દેવ મહાદેવના (શિવજીના) અંશાવતાર મનાય છે. શિવનો પાંચમો અવતાર કાલભૈરવની ઉત્પતિ શિવજીની જટામાંથી થયેલી. જેમણે બ્રહ્માજીના પાંચમા મુખનો વિધ્વંશ કરેલ તેવી કથા છે. દુષ્ટપરિબળો, ભૂત- પ્રેત કે નકારાત્મક ઉર્જાને ભગાડી શિવ તત્વની નજદીક લાવનાર દેવ એટલે કાલભૈરવ.

ઈ.સ. ૧૯૯૩ માં જેમણે જીવીત સમાધિ લીધેલ તેવા મૂળ રાજસ્થાનના અને સંસાર છોડી ‘‘પરમતત્વ’’ ની પ્રાપ્તિ અર્થે ઉગ્ર તપશ્ચર્યા કરી ઈશ્વર પ્રાપ્તિ કરેલ. તેવા યોગીરાજ બ્રહ્મલીન પૂ.મહાત્મા મુકુનપુરી મહારાજે અરવલ્લીની ગીરીકંદરાઓમાં એકાંત સેવન કરી અલખની આરાધના કરતાં ધૂણી પ્રગટાવી- એવી ધૂણીઓ બનાસકાંઠામાં કેટલીય જગ્યાઓએ છે. પરંતુ ઉકરડાની ધૂણીમાં, સમાધિસ્થ પૂ.મુકુનપુરી બાપુ (ગુરૂ મહારાજ) નો આત્મા છે. તેવું મનાય છે. જેથી સવિશેષ ઉકરડાની ધૂણી આસ્થાનું શ્રધ્ધેય સ્થળ છે. પૂ.ગુરૂમહારાજના કૃપાપાત્ર શિષ્ય પૂ.ચીનુભારથી મહારાજની નિશ્રામાં વાર- તહેવાર દરેક પ્રકારના ધાર્મિક મહોત્સવ બારેમાસ ઉજવાતા રહે છે.

કાલભૈરવ જયંતિના પ્રસંગે દિવ્ય અને ભવ્ય- ‘‘ભૈરવ યજ્ઞ’ વિદ્વાન બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં, વેદોના મંત્રોચ્ચાર સાથે, પર્યાવરણને પવિત્ર અને શુધ્ધ કરતી ઔષધિઓથી આહુતિઓ અર્પવામાં આવી. ભજન- ભક્તિ અને ભોજનના ત્રિવેણી સંગમમાં સાધુ- સંતોને ભોજન - દક્ષિણા, બાળકોને બટુક ભોજન પીરસાયું. ઉલ્લેખનીય છે કે આ એકાંત અને અંતરિયાળ પાવન સ્થળે માનવધર્મના સદકાર્યો વિદ્યાર્થીઓને સહાય, સર્વરોગ નિદાન કેમ્પ, આયુર્વેદના સેવાકેમ્પો, કપડાં વિતરણ જેવી સામાજીક સેવા પણ ભક્તોના સહયોગથી થાય છે.

દર્શનીય અને રમણીય, મનમોહક અને આત્માની શાંતિની અનુભૂતિ કરાવતુ, પ્રકૃતિની ગોદમાં વસેલુ, અરવલ્લીની ગીરીમાળાઓમાં અલખનો આહલેક જગાડતુ, મનને ખસવાનુ મન ન થાય તેવું ભક્તિસ્થળ ઉકરડાની ધૂણી ભક્તોને મન સ્વર્ગ સમાન છે. ભૈરવજયંતિ નિમિત્તે જિલ્લા અને જિલ્લા બહારથી હજારો ભક્તોએ દર્શન- પૂજન- ભક્તિ થકી ભાવપૂર્વક ઉજવણી કરી.

# લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા ફ્રી બ્લડગૃપ ચેકઅપ કેમ્પ યોજાયો




વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ માર્કેટયાર્ડ ખાતે લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા ફ્રી બ્લડગૃપ ચેકઅપ કેંપ,વ્યસનમુક્તિ કેમ્પ તથા વધારે વજનમાંથી છુટકારો મેળવવા માટેના કેંપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં થરાદ લાયન્સ કલબના પ્રમુખ હરસેંગભાઇ ચૌધરી, બનાસબેંકના ડીરેક્ટર શૈલેષભાઇ પટેલ,માર્કેટના સેક્રેટરી ભેમજીભાઇ પટેલ,પુર્વ પ્રમુખ ડૉ રિતેશભાઇ પ્રજાપતિ સહિત માર્કેટયાર્ડના વેપારીઓ અને દુકાનદારોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. કલબના પ્રમુખ હરસેંગભાઇ ચૌધરીતથા ડૉ રિતેશભાઇ પ્રજાપતિએ વ્યસનમુક્તિ પર ભાર મુકતાં પ્રવચન કરી ઉપસ્થિતોને વ્યસનથી દુર રહેવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં કલબના જયરામભાઇ જોષી, વસરામભાઇ પટેલ, વસીમભાઇ પઠાણ, વેપારી ધનાલાલ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા ખાતે આજે વહેલી સવારની ટ્રેન બંધ રહેશે

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાથી જોધપુર જતી ટ્રેઈન વહેલી સવારે જતી હતી. તે પેસેન્જર ટ્રેઈન રેલ્વે નાળા નજીક કામ ચાલતું હોઈ તા.૧૧/૧૦/ ૨૦૧૭ ની રાત્રીની પેશેન્જર ટ્રેઈન તથા વહેલી સવારની ૫.૫૦ વાગે જોધપુર જતી પેસેન્જર ટ્રેઈન બંધ રહેશે. બાકીની બપોરની ટ્રેઈન કામપુરૂ થયે રાબેતા મુજબ ચાલુ થશે તેમાં રેલ્વે સ્ટેશન માસ્તરે એક મુલાકાતમાં જણાવ્યું હતું.

# રેમી દ્વારા અમદાવાદમાં ખાસ રિયલ એસ્ટેટ આધારિત શિક્ષણ આપવા માટે ગણપત યુનિવર્સિટી સાથે ભાગીદારી



૨૦૧૭- ધ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (રેમી) દ્વારા ગણપત યુનિવર્સિટી સેન્ટર ફોર કન્ટિન્યુઈંગ એજ્યુકેશન (જીએનયુ- સીસીઈ) સાથે ગુજરાતના અમદાવાદમાં કેન્દ્ર સાથે ભારતભરમાં તેની હાજરી વિસ્તારવા માટે જોડાણ કરાયું છે. રેમી રિયલ એસ્ટેટ શિક્ષણમાં અગ્રણી સંસ્થા છે અને મુંબઈમાં આરંભથી જ રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ઉચ્ચ સુસંગત સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ, એક્ઝિક્યુટિવ કોર્સીસ અને કસ્ટમાઈઝ્ડ ટ્રેનિંગ વર્કશોપ્સ સાથે ઉદ્યોગની આવશ્યકતાને પ્રતિસાદ આપ્યો છે.

રેમીનું ગુજરાતમાં વિસ્તરણ ભારતમાં રિયલ એસ્ટેટની વધતી સુસંગતતા અને બદલાતી ક્ષિતિજ અને રાજયમાં વધતી તકોને ધ્યાનમાં લેતાં યોગ્ય દિશામાં મોટું પગલું છે. રેમી અને જીએનયુ- સીસીઈ વચ્ચે ભાગીદારી વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને ઉદ્યોગ અભિમુખ પ્રોગ્રામ્સ આપવા માટે બંને સંસ્થાઓના વિચાર સાથે સુમેળ સાથે છે. આ વિસ્તરણ ભારત નિર્માણ કરવા માટે ભારતને કુશળ બનાવવાના રેમીના ધ્યેયની રેખામાં પણ આવે છે. રેમીના કોર્સીસ અને વર્કશોપ્સ, જેમ કે, રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ અને હાઉસિંગ ફાઈનાન્સ સર્ટિફિકેશન (બીએમએફ ૨૦૧), ઓનર- ડેવલપર પ્રોગ્રામ (ઓડીપી ૩૦૧), બ્રોકર સર્ટિફિકેશન (બીસીપી ૨૦૧) સાથે વર્કશોપ્સ અને સેમિનારો આ સહયોગના ફળસ્વરૂપ ગુજરાતમાં ટૂંક સમયમાં જ ઓફર કરાશે.

<u>એન્ટરટેનમેન્ટ કી રાત</u>

# કોમિક ટાઈમિંગ મેચ કરવા સૌથી મોટો પડકાર : દીપિકા કકકડ



મનોરંજનની દરેક વસ્તુ માટે એકમાત્ર જગ્યા કલર્સનો આવી રહેલ ટેંટપેલ નોનફિકશન શો ’એન્ટરટેનમેન્ટ કી રાત’ નવા સેગમેન્ટ, નવા કલાકારો અને અગાઉ કયારેય જોવા મળેલ ન હોય તેવા કન્ટેન્ટ માટે પૂરી તાજગીનો વાયદો કરે છે. આ શોમાં કોમેડી, સંગીત, સેલિબ્રિટી મહેમાનોની લાંબી સૂચી છે, જે આને દેશભરના દર્શકો માટે સાચે જ મનોરંજક ઘટના બનાવશે. ઘણી પેડીઓથી જોડાયેલા અને ભારતીય ટેલિવિઝનના કેટલાંક સૌથી ચહેતા ચહેરા નજર આવશે. આ શોમાં ટીવીની લોકપ્રિય વહુઓમાં સમાવિષ્ટ દીપિકા કકકડ પણ દેખાવાની છે. ’’દીપિકા કકકડ ઉપરાંત રવિ દૂબે, કરણ વાહી, મુબીન સૌદાગર, બાળ કલાકારોમાં કાવ્ય, કિયાન,દિવ્યાંશ, સંગીતકારમાં આદિત્ય નારાયણ, આર જે મલિશ્કા, રઘુ રામ અને બલરાજ સિયાલ દેખાશે.આ મનોરંજક પ્રવાસનો ભાગ બનવા માટે જોવાનું ન ભૂલશો ૧૮મી નવેમ્બર, ૨૦૧૭થી શરૂ થઇ દરેક શનિવાર અને રવિવાર રાત્રે ૧૦ કલાકે ફક્ત કલર્સ પર.

# દુઃખદ અવાસન



તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના સલીમગઢના પ્રગતિશીલ ખેડુત પરાગભાઈ દેવશીભાઈ ચૌધરીના ધર્મપત્નિ શ્રીમતિ રતનબેન ચૌધરીનું તા. ૯/૧૧/૨૦૧૭ ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ. સ્વ.ની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં સગાસંબંધી મિત્રવૃંદ જોડાઈ શ્રદ્ધા સુમન પાઠવેલ. સ્વ.નું બેસણુ સમાજના રિત રિવાજ મુજબ તા. ૧૨/૧૧/૨૦૧૭ ને રવિવારના રોજ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# કોંગ્રેસ ૧૪મીથી રાજ્યભરમાં ડોર ટુ ડોર અભિયાન કરશે

અમદાવાદ

આગામી વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય પક્ષોમાં પ્રજા સાથે સીધો સંપર્ક કરવાની ગતિવિધિ તેજ બનતી જાય છે. તાજેતરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા લોકસંપર્ક અભિયાનનો પ્રારંભ કરાયા બાદ હવે કોંગ્રેસ પણ લોકસંપર્ક અભિયાન શરૂ કરશે. આગામી તા.૧૪ નવેમ્બરથી રાજ્યભરમાં અઠવાડિયા સુધી ચાલનારા ડોર ટુ ડોર અભિયાન હેઠળ પ્રદેશ કોંગ્રેસના ટોચના નેતાઓ જોડાશે. કોંગ્રેસના પ્રદેશ પ્રભારી અશોક ગહેલોત અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની આગેવાની હેઠળ આગામી તા.૧૪ નવેમ્બરથી રાજ્યભરમાં પક્ષ ડોર ટુ ડોર અભિયાન હાથ ધરશે. આ અભિયાનમાં પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડિયા, પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા શક્તિસિંહ ગોહિલ વગેરે આગેવાનો પણ જોડાશે. સતત એક અઠવાડિયા સુધી ચાલનારા કોંગ્રેસના આ અભિયાન હેઠળ રાજ્યના એક કરોડ ઘરને આવરી લેવાશે તેવો દાવો કોંગ્રેસના સૂત્રો કરે છે.

# ખેડુતો પાસેથી પૈસા ઉઘરાવવા ગેટમેન નહેરના દરવાજાને તાળાં મારતો હોવાનો આક્ષેપ

**જરૂરીયાતના ટાણે પણ નહેરમાંથી પાણી નહી મળતાં રવિ પિયતમાં મુશ્કેલી : ખેડુતોમાં આક્રોશ**



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વાવ થરાદ તાલુકાના ગામોના ખેડુતોને પિયત માટે આશિર્વાદરૂપ બનેલી થરાદ તાલુકામાંથી પસાર થતી શાખા નહેરોના દરવાજાને ગેટમેન દ્વારા તાળાં મારી દેવામાં આવતાં બંન્ને તાલુકાના કમાન્ડ વિસ્તારમાં આવતા ખેડુતોમાં ભારે આક્રોશ અને રોષ ભભુકતો જોવા મળી રહ્યો છે.જોકે ગેટમેન રૂપીયાની ઉઘરાણી માટે પાણી નહી છોડતો હોવાનો ખેડુતોએ જવાબદારીપુર્વક આક્ષેપ પણ કર્યો છે . ન ર્મ દા વિ ભા ગ ના અધિકારીઓની પણ મિલીભગત હોવાની ચર્ચા ઉઠવા પામીછે.

થરાદની મુખ્ય નહેરમાંથી વાવ થરાદ તાલુકાના છેવાડાના ગામોને સિંચાઇ માટે પાણીની વ્યવસ્થા પુરી પાડતી શાખા નહેરો પસાર થાય છે.આ નહેરોમાં ગેટમેન દ્વારા નિયમિત પાણી નહી છોડવામાં આવતું હોવાની બુમરાણ ઉઠવા પામી છે.ઇઢાટા ગામના દોલુસીહ દરબારે જણાવ્યું હતુંકે ઇઢાટા ઢીમા માયનોરમાં એકાદ બે દિવસને બાદ કરતાં પખવાડીયાથી પાણી છોડવામાં આવ્યું જ નથી. શનિવારે આવા ગામોના ખેડુતોનું ટોળું થરાદ નર્મદા વિભાગની કચેરીમાં પણ દોડી આવ્યું હતું.

ગામના ખેડુત વિનોદભાઇ સહિતોએ જવાબદારી પુર્વક જણાવ્યું હતુંકે વામીથી આવતી ઢીમા માયનોરના ગેટમેન ગંગારામભાઇ દ્વારા મનમાની કરવામાં આવેછે. આ ગેટમેન પાણી છોડવાના પૈસા માંગતો હોઇ ખેડુતો દ્વારા મશીન દીઠ પૈસા પણ ઉઘરાણું કરીને આપવામાં આવેછે.જો ખેડુતો ન આપે તો આગળથી પાણી છોડવાની ના છે તેવો જવાબ આપવામાં આવેછે.આમ ખેડુતોની ખરીફ સીઝન અતિવૃષ્ટીના કારણે ફેલ જતાં રવિ સિઝનમાં પણ રાયડા જીરાના વાવેતરનો સમયગાળો પાણીના અભાવે હાથમાંથી સરકી રહ્યોછે. પરિણામે ઢીમા, પ્રતાપપુરા, ઇઢાટા, જમડા, લોરવાડા, ભાચર, ગંભીરપુરા ગામોના ખેડુતોમાં ભારે આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.સાથે સાથે ગેટમેન દ્વારા ઉઘરાવવામાં આવતા પૈસામાં કેટલાક અધિકારીઓની પણ મિલીભગત હોવાની ચર્ચા ઉઠવા પામીછે.જોકે નર્મદા વિભાગના અધિક્ષક ઇજનેર જે જે પંડ્યાને પણ આડાકાને આ વાત સાંભળવામાં આવતાં તેમણે શુક્રવારની રાત્રે મોડા સુધી નહેર પર ચેકીંગ પણ હાથ ધર્યું હતું.જોકે જરૂરીયાતના ટાણે પાણી નહી આપવામાં આવતું હોઇ તેમની મુશ્કેલીઓનો જવાબ આગામી ચુંટણીમાં આપવામાં આવશે તેવો આક્રોશ પણ અનેક ખેડુતોએ વ્યક્ત કર્યો હતો.

# ઓટીબીએલ દ્વારા ગુજરાતની શાળાઓમાં પર્યાવરણ જાળવણી કાર્યક્રમનું સમાપન

અમદાવાદ

ઓએનજીસી અને ધ એનર્જી રિસોર્સીસ ઈન્સ્ટીટ્યુટ (તેરી) ના સંયુક્ત સાહસ ઓએનજીસી તેરી બાયોટેક લિમિટેડ (ઓબીટીએલ) દ્વારા શૈક્ષણિક કાર્યક્રમ ’પ્રોટેક્ટર્સ ઓફ એન્વાયર્મેન્ટ’ નો સમાપન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં શરૂ કરાયેલા પ્રોગ્રામનો ઉદ્દેશ શાળાના નાના બાળકો અને પુખ્ત વયના લોકોને પર્યાવરણની જાળવણી અંગે સંવેદનશીલ બનાવી આ હેતુ માટે પ્રેરણા આપવાનો હતો. આ સમારંભમાં 'Environment Education and the Role of Stakeholders to Attain Sustainability’ વિષયે ઊંડાણપૂર્વકની બાબતો આવરી લઈને પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતુ. સાથે સાથે ઉત્તમ કામગીરી દર્શાવનાર શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પર્યાવરણની જાળવણીના પ્રયાસોની કદર કરીને તેમને એવોર્ડ આપવા માટેનો સમારંભ યોજવામાં આવ્યો હતો.." ત્રણ તબક્કામાં યોજાયેલો આ કાર્યક્રમ ગુજરાતમાં અમદાવાદ, અંકલેશ્વર અને મહેસાણાની વંચિત બાળકો ધરાવતી સરકારી અને ખાનગી શાળાઓમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓના 'Environment Protectros' નામના જૂથની રચના કરવામાં આવી હતી અને એ દ્વારા પ્લાન્ટ પ્રોટેક્ટર ક્લબ રચીને વિદ્યાર્થીઓ દ્વારા 'Adopt a Plant' નામની પહેલ હાથ ધરવામાં આવી હતી. બીજા તબક્કામાં પરામર્શલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી, જેમાં પર્ફોમિંગ આર્ટસ અને પ્રોજેક્ટ આધારિત જાણકારી આપવામાં આવી હતી. ત્રીજા અને આખરી તબક્કામાં કાર્યક્રમની અસર અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને એ દ્વારા આ કાર્યક્રમ પર્યાવરણની સુરક્ષા માટે કેટલો લાભદાયી છે તે અંગ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓએ ત્રણ શહેરોમાં ૨૦૦૦ થી વધુ રોપાઓનું વાવેતર કર્યું હતું. આ રોપાઓ દ્વારા ૬૦ મે.ટન જેટલા અંગારવાયુ છોડવાની પ્રક્રિયા અટકી હતી. આ પ્રોગ્રામમાં અંદાજે ૨૦૯૭ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં ઉર્જા અને પાણીના વપરાશ તથા કચરો પેદા થવા અંગે ઓડિટ કર્યું હતું અને ત્યારબાદ વ્યૂહરચના સૂચવવામાં આવી હતી, જેના પરિણામો નોંધવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ આધારિત એક દસ્તાવેજી ફિલ્મ પણ સમાપન સમારંભમાં દર્શાવવામાં આવી હતી.

# દિલ્હીમાં ૧૫મીએ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક થશે : વાઘાણી

## ઉમેદવારોના નામ પર ચર્ચા હાથ ધરવામાં આવશે

અમદાવાદ

ભાજપના થલતેજ સ્થિત મિડિયા સેન્ટર ખાતે આજ રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિ તિમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ભુપેન્દ્ર યાદવે સતત વિકાસ, જનજન કા વિશ્વાસ પુસ્તકનું વિમોચન કર્યું હતું. ભાજપ જે કહે છે તેના કરતા પ્રજાની સુખાકારી માટે વધારે કરે છે અને ભાજપા જનહિત માટે સમર્પિત છે તે સંદેશા સાથે ગુજરાતની અને કેન્દ્રની ભાજપ સરકારે કરેલી પ્રજાકલ્યાણલક્ષી કામગીરી આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. સતત વિકાસ, જનજન કા વિશ્વાસ પુસ્તકના વિમોચન પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા, જગદીશ ભાવસાર અને મિડિયા ઈન્ચાર્જ હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ૭થી ૧૨ નવેમ્બર ૨૦૧૭ ગુજરાતમાં પ્રારંભ કરાયેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન એ ઐતિહાસિક જનસંપર્કનો કાર્યક્રમ બની ગયો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પ્રારંભ કરાયેલા ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન આવતીકાલે ૧૨ નવેમ્બરના રોજ સંપન્ન થનાર છે. આ અભિયાન થકી ભાજપે ઘરે ઘરે જઇને જનતાના આશીર્વાદ મેળવ્યા છે. જનતાએ ૩/૪ બહુમતિ સાથે વિજય ભવના આશીર્વાદ આપ્યા છે.

# ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન આજે પૂર્ણ થશે

અમદાવાદ

ભાજપની ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની આવતીકાલે ૧૨મીના દિવસે પૂર્ણાહૂતિ થઇ રહી છે. મહાસંપર્ક અભિયાનના ભાગરુપે છેલ્લા ઘણા દિસવથી જુદા જુદા રાષ્ટ્રીય નેતાઓ અને પ્રધાનો ગૌરવ યાત્રામાં પહોંચી રહ્યા હતા અને ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા હતા. આવતીકાલે ગૌરવ યાત્રાની પૂર્ણાહૂતિ થનાર છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં વિશેષ માર્ગદર્શન આપવામાં આવે તેવી શક્યતા છે. આ અભિયાન થકી ભાજપે ઘરે ઘરે જઇને જનતા જનાર્દનના આશીર્વાદ મેળવ્યા હતા. જનતાએ ૩/૪ બહુમતિ સાથે વિજયભવના આશીર્વાદ પણ આપ્યા હતા. અત્રે નોંધનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લેવાના ઇરાદા સાથે ૭મી નવેમ્બરના દિવસે ભાજપના ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત થઇ હતી. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજકોટ ખાતે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અમદાવાદમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરાવી હતી. મહાસંપર્ક અભિયાની શરૂઆત વેળા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહાસંપર્ક અભિયાન દરમિયાન લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો હતો. સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અને સિદ્ધીઓ લોકો સુધી પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી હતી. ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદીના સંદેશની નકલ લોકો સુધી પહોંચાડવામાં આવી રહી હતી. ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપ પ્રમુખ અમિત શાહે ૭મી નવેમ્બરના દિવસે અમદાવાદના નારણપુરાથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

# ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટ્રેન્ડ સેટિંગ ફિલ્મ ‘ઓક્સિજન’ નું મુહૂર્ત શૂટિંગ યોજાયુ



શાંતિ શાહ

ઓક્સિજન એક વાર્તા છે જે ક્યારેય સાંભળવામાં ન આવી હોય તે ના પર આધારિત છે. તે એક સંપૂર્ણ અલગ સિનેમા છે જે ગુજરાતી પ્રેક્ષકોને એક અનન્ય અનુભવ પ્રસ્તુત કરે છે. આટલું જ સુંદર કળા સ્વરૂપથી અમે ફિલ્મ નિર્માતાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતી સિનેમાને ગૌરવ અને સન્માન આપવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ. આ મૂવી દિવસના રોજિંદા જીવનમાં નવા પરિપ્રેક્ષ્યને રજૂ કરે છે અને તે ગુજરાતી ચલચિત્ર મંત્રમુગ્ધ ફિલ્મ હશે. સમગ્ર કાસ્ટ અને ક્રૂ બૉલીવુડમાં વર્ષોના અનુભવ ધરાવતા વ્યાવસાયિકો છે.ચીનમય પુરોહિત, લેખક, દિગ્દર્શક અને ફિલ્મ નિર્માતા મૂળભૂત રીતે અમદાવાદ ના છે અને છેલ્લાં ૨૦ વર્ષથી બોલીવૂડ ઉદ્યોગમાં તેમની શ્રેષ્ઠતામાં યોગદાન આપી રહ્યા છે.

ચીનમય પુરોહિત મહાન ડિરેક્ટર સ્વ. કુનદન શાહના સહયોગી ડિરેક્ટર રહ્યા છે. તેમણે અમારા ટેલિવિઝન પ્રેક્ષકો માટે ૨૦ થી વધુ દૈનિક ટેલિવિઝન સીરીયલ નુ નિર્માણ અને નિર્દેશન કર્યું છે. ફિલ્મનું મુખ્ય પાત્ર અંશુલ ત્રિવેદી દ્વારા ભજવવામાં આવે છે. ફિલ્મની અગ્રણી અભિનેત્રી- વ્યોમા નંદીએ આગામી ફિલ્મ ’ગુજુ ભાઇ ધ ગ્રેટ -૨’ અને ’તેલગુ’ ફિલ્મોમાં અભિનય કર્યો છે.

# લાખણી પ્રા.શાળા નં.૧ નું પ્રવેશદ્વાર ગંદકીમાં ગરકાવ



દેવજી રાજપુત

## નાના બાળકો ગંદા પાણીમાં ચાલવા મજબુર

પ્રતિનિધિ વાતમ

લાખણીની પ્રાથમિક શાળા નં.૧ ના પ્રવેશદ્વાર આગળ જ ગટરનું ગંદુ પાણી ભરાયું છે. જેના કારણે શાળામાં ભણતા નાના બાળકો ગંદા પાણીમાંથી ચાલવા મજબુર બને છે. જેથી રોગચાળાની ભીતિ વચ્ચે સ્વચ્છતા અભિયાનના જાહેરમાં ધજાગરા ઉડી રહ્યા છે.

ગરીબી અને બિમારીની જડમૂળ સમાન ગંદકીને હટાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન છેડ્યું છે. જેને વ્યાપક જન સમર્થ સાંપડ્યું છે. પરંતુ તાલુકા મથક લાખણીમાં આ અભિયાન ફક્ત 'ફોટોસેસન' સાબિત થયું છે. વહીવટી અધિકારીઓના અણઘડ આયોજનના કારણે ઠેરઠેર ગંદકીનું સામ્રાજય છવાયું છે. તેમાંય પ્રાથમિક શાળા નં.૧ આગળ જ ગટરનું ગંદુ પાણી ભરાયું છે. જેથી શાળામાં ભણતા નાના બાળકોને પણ ગંદા પાણીમાંથી ચાલવાની નોબત આવી છે. ગંદા પાણીની દુર્ગંધથી ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. જેથી માખી- મચ્છરોનો ઉપદ્રવ પણ વધી પડતા ગંભીર રોગચાળો ફેલાવાની પૂરેપૂરી શક્યતા છે. જેના કારણે સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડતા ચૂંટણી ટાંણે ખુદ સરકાર બદનામ થઈ રહી છે. ત્યારે જવાબદાર તંત્રના અધિકારી આળસ ખંખેરી શાળા આગળની ગંદકી હટાવે તેવો જનમત ઉઠવા પામ્યો છે.

# થરાદના લખાપુરા ગામના ખેડુતોને સહાયના મુદ્દે અસંતોષ : રિસર્વેની માંગ

## ગામના ખેડુતો રજુઆતો કરવા સરકારી કચેરીઓમાં ધસી આવ્યા



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના લખાપુરા ગામના ખેડુતોએ તેમને ગત પુર અને વરસાદમાં ભારે નુકશાન થવા છતાં પણ સર્વે કરવામાં ગ્રામસેવક દ્વારા ભારે ગેરરીતીઓ આચરવામાં આવી હોવાના આક્ષેપ સાથે સહાયની ચુકવણામાં અસંતોષ હોવાની રજુઆત કરી હતી.સાથે સાથે ગામના આવા ખેડુતોને રિસર્વે કરાવી ન્યાય અપાવવાની માંગણી કરી હતી.

તાલુકાના લખાપુરા ગામના ખેડુતોનું ટોળું થરાદ દોડી આવ્યું હતું.જેમણે તેમના ગામમાં ગત જુલાઈમાં આવેલા ભારે પુરમાં જમીન અને પાકધોવાણનું નુકશાન થયું હોવા છતાં પણ સર્વે કરવામાં આવેલા ખેતીવાડી કચેરીના ગ્રામસેવક દ્વારા ગોટાળા કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.ગામના વાઘાજી રૂપાજી તથા દલપતભાઈ નામના ખેડુતે જણાવ્યું હતુંકે અમો આ બાબતે થરાદની કચેરીઓમાં રજુઆતો કરવા આવતાં ગ્રામસેવકે પહેલાં ભુલો થઈ ગઈ હશે અને તમે મિડીયામાં મત આપતા તેમ જણાવ્યા બાદ શુક્રવારે મિજાજ બદલતાં ખેડુતોને આરટીઆઈ કરવાની પણ ચેલેંજ કરી હતી.ખેડુતોએ જણાવ્યું હતુંકે જમીનધોવાણમાં અને પાક ધોવાણમાં ખરેખર જેને મળવાપાત્રછે તેમને પુરતુ વળતર મળ્યું નથી.જયારે ગામના ૪૫ મકાન ધરાશયી થયાં હોવા છતાં પણ એક પણ રૂપીયાની સહાય મળી નથી તેમ જણાવી રિસર્વે કરી અગાઉના સર્વે કરનાર અધિકારી કર્મચારીઓ સામે પગલાં ભરવાની પણ માંગણી કરી હતી.

**આંતરરાષ્ટ્રીય વેબચેનલ સાથેની મુલાકાતમાં બાપુની જાહેરાત**

# પાટીદાર સહીત સવર્ણ સમાજને ૨૫ ટકા અનામત આપશે જનવિકલ્પની સરકાર

**ઓ.બી.સી.ની કોળી-ઠાકોર, મદારી અતિ પછાત વર્ગની જ્ઞાતિઓને ૨૭ ટકામાંથી અલગથી ૧૦ ટકા અનામતનો લાભ અપાશે : વાઘેલા**

ગાંધીનગર

ગુજરાતમાં જનવિકલ્પ પાર્ટીની સરકાર રચાયા બાદ ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. ની અનામતને યથાવત રાખીને અન્ય સવર્ણ સમાજને ૨૫ ટકા અનામત આપવાની જાહેરાત પાર્ટીના પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ કરી છે.

એક આંતરરાષ્ટ્રીય કક્ષાની સમાચાર વેબસાઈટ અને નેટ ચેનલને આપેલી વિસ્તૃત મુલાકાતમાં રાજપાના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ પાટીદારોને કે બીજા-ત્રીજાને અનામતના મામલે છેતરી રહ્યા છે. ઓ.બી.સી. નાં ક્વોટામાંથી કોઈને પણ અનામત આપી શકાય તેમ છે જ નહિ. એસ.ટી. કે એસ.સી.ની અનામતને અડી શકાય તેમ નથી તેથી મારી સરકાર તમિલનાડુ પેટર્ન પ્રમાણે ગુજરાતના બ્રાહ્મણો, વાણીયા, પાટીદારો, રાજપૂત અને જેમને કોઈપણ અનામતનો લાભ મળતો નથી તે તમામ સવર્ણ સમાજને ૫૦ ટકાથી અલગ જઈને ૨૫ ટકા અનામતનો પ્રસ્તાવ વિધાનસભામાં પસાર કરીને કેન્દ્ર સરકારને મોકલશે. કેન્દ્ર સરકાર તેને પાર્લામેન્ટમાં મુકીને બંધારણમાં સુધારા માટે જરૂરી કેટલાક રાજયોની સહમતી મેળવ્યા પછી જ બંધારણમાં સુધારો કરીને અનામત મળી શકે. ભાજપ અને કોંગ્રેસ પાટીદાર સમાજની લાગણીઓ સાથે રમત રમી રહી છે જે ના હોવું જોઈએ. અનામતને મતની સાથે જોડવું નાં જોઈએ. પણ ગુજરાતમાં જે સવર્ણ સમાજ વસે છે તેમાં બધા લાખોપતી કે કરોડપતિ નથી. સવર્ણ સમાજમાં પણ ગરીબો છે. તેમના સંતાનોને પણ અનામત મળે તો તેઓ આગળ વધી શકે. અનામત એક સવેદનશીલ બાબત છે. તેને યોગ્ય રીતે સમજવાની જરૂર છે. ભાજપ અને કોંગ્રેસ "અમે અનામત આપીશું." એમ કહીને પાટીદારો અને અન્ય સમાજને બેવકૂફ બનાવે છે. કોંગ્રેસના પ્રખર ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલ કેમ લોચા મારે છે? કેમ તેઓ ખુલીને બોલી શકતા નથી? કેમ કે અનામત કાઈ રસ્તામાં પડી નથી. જનવિકલ્પ પાર્ટી પારદર્શકતામાં માને છે. અમારી વાત ખુલ્લી છે.

અનુસંધાન પાના નં.૬

# ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર અરુણ જેટલીએ જી.એસ.ટી.માં કરેલી ભૂલો બદલ મતદારોની માફી માગે

**જીએસટીમાં પીછેહઠ ભાજપ સરકારના અણઘડ વહીવટનો જીવતો પુરાવો - પાર્થેશ પટેલ**

ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે કેન્દ્ર સરકારે જી.એસ.ટી. માં ૧૭૭ ચીજ વસ્તુઓને ૨૮ ટકામાંથી ૧૮ ટકામાં મુકવાના નિર્ણયને ચૂંટણીલક્ષી લોલીપોપ ગણાવીને કહ્યું છે કે જી.એસ.ટી.માં કરાયેલી આ પીછેહઠ ભાજપ સરકારની અણઘડ વહીવટનો જીવતો પુરાવો છે. જી.એસ.ટી.નો અમલ ઉતાવળે અને માત્ર ને માત્ર પ્રજાને - વેપારીઓને મુશ્કેલીઓમાં મુકવા માટે કરાયો હતો તે પણ પુરવાર થયું છે. ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપ હારવાની છે સામી દીવાલે લખાઈ ગયું છે ત્યારે તેમાંથી બચવા માટે જી.એસ.ટી. માં રાહતો આપવામાં આવી છે તે ચૂંટણીલક્ષી લોલીપોપ છે. ચુંટણીઓ પૂરી થયા પછી કેન્દ્રસરકાર જી.એસ.ટીમાં આવક ઘટી ગયી છે તેવું કારણ આપીને ફરીથી ૧૭૭ ચીજ-વસ્તુઓને ૧૮ ટકા માંથી ૨૮ ટકામાં મુકશે તે પણ દિવા જેવું સ્પષ્ટ છે. સરકારે આ ઘટાડો કાઈ ખુશી ખુશી કરેલો નથી પરંતુ તેમને ઘટાડો કરવાની ફરજ પડી છે. તેથી સરકાર પોતાની આદત પ્રમાણે વેરભાવ રાખીને ફરીથી તેમાં વધારો કરશે. તેમણે કહ્યું કે જે રાહતો આપવામાં આવી છે તેમાં લાખો વેપારીને તો કોઈ રાહત મળી જ નથી. ફરજીયાત રીટર્ન ફાઈલ કરવાના સમયમાં અને પ્રોસેસ માં કોઈ રાહત અપાઈ નથી. રીટર્ન ફાઈલ કરવાની પ્રોસેસની વેપારીઓને તાલીમ આપવાની વાત કરવામાં આવી છે. સવાલ એ છે કે વેપારીઓ પોતાનો ધંધો-રોજગાર છોડીને તાલીમ લેવા જશે કે બે પૈસા કમાશે? વેપારીઓ અને લોકો તો એમ જ કહે છે કે ગુજરાતમાં ભાજપ માટે ચૂંટણીઓમાં હાર નક્કી હોવાથી છેલ્લી ઘડીના હવાતિયા મારવાનો આ નિષ્ફળ પ્રયાસ છે.

અનુસંધાન પાના નં.૬

# ખાનગી સિક્યુરીટીગાર્ડે ગામડાના લોકોમાં પોલીસની છાપ બતાવવા લોગો લગાવ્યો હતો

## દેના ગુજરાત ગ્રામિણબેંકનો ખાનગી સિક્યુરીટીગાર્ડ ખાખી વર્દીમાં દારૂ પીધેલ ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

ગુરુવારે થરાદ શહેરમાંથી દારૂપીધેલી હાલતમાં પોલીસના લોગોવાળા શર્ટ પહેરેલા ગ્રામિણબેંકના સિક્યુરીટીગાર્ડે ગામડાના લોકોમાં પોલીસની છાપ બતાવવા લોગો લગાવ્યો હોવાનું જણાવતાં પોલીસે શર્ટ કબજે લઈ તેની સામે કપટી ઈરાદા બદલ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદ શહેરના શાક માર્કેટમાંથી ગુરુવારની સાંજે થરાદ શહેરના શાકમાર્કેટ આગળ ગુરૂવારની ઢળતી સાંજના સુમારે શહેરના શિવનગર વિસ્તારમાં રહેતા પ્રવિણભાઈ મગનભાઈ પંડ્યા નામના એક ખાનગી સિક્યુરીટીગાર્ડે દારૂ પીને તમાશો કરતાં ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો.જેણે ગુજરાત પોલીસના લોગોવાળું શર્ટ પહેરેલ હોઈ પોલીસે તેની સામે પીધેલાનો ગુનો દાખલ કર્યા બાદ શુક્રવારે પોલીસનો લોગો લગાવવા બદલ વધુ એક ગુનો દાખલ કર્યો હતો.

આ અંગે પોલીસસુત્રોએ જણાવ્યું હતુંકે પોલીસના લોગો લગાવવા બાબતે પુછતાછ કરતાં દ્વજીજી પ્રાઈવેટ સિક્યુરીટીમાં શહેરની દેનાગુજરાત ગ્રામિણબેંકમાં નોકરી કરતા આ ખાનગીસિક્યુરીટી ગાર્ડે ગામડાના લોકોમાં પોલીસ તરીકેની છાપ બતાવવા માટે શર્ટ પર સીલાઈ કરીને લોગો ફીટ કરાવ્યો હોવાની કબુલાત કરી હતી.આમ તે ખાનગી સિક્યુરીટીમાં હોવા છતાં પણ કપટી ઈરાદાથી ખાખી શર્ટના બાવડા પર પોલીસનો લોગો લગાવવા બદલ ઈપીકો કલમ ૧૭૧ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

# થરાદ દુધવા હાઈવે પર બોલેરો ટ્રેક્ટરની ટ્રોલીને અથડાતાં ચારને ઈજા

**સામેથી આવતા વાહનના અજવાળામાં ટ્રોલી ન દેખાતાં દુર્ઘટના સર્જાયાની આશંકા**



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ગુરૂવારની રાત્રે આઠેક વાગ્યાના સુમારે થરાદ સાંચોર હાઈવે પર એક બોલેરોના ચાલકે પુરઝડપે પોતાની ગાડી હંકારી આગળ જઈ રહેલા એક ટ્રેક્ટરની ટ્રોલીને ટકરાતાં બોલેરોમાં બેઠેલી ત્રણચાર વ્યક્તિને ઈજા થવા પામી હોવાનું એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું. ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાયા હતા.

થરાદ સાંચોર હાઈવે પર ગુરુવારની રાત્રીના આઠેક વાગ્યાના સુમારે એક બોલેરો ગાડીના ચાલકે પોતાની ગાડી પુરઝડપે હંકારી હતી.જોકે તેના ચાલકને સામેથી આવતા અન્ય વાહનના અજવાળામાં આગળ જઈ રહેલું ખેતીની સામગ્રી ભરેલ ટ્રેક્ટરના ટ્રોલી નહી દેખાતાં તેને ધડકાભેર ટક્કર મારી હતી. આથી બોલેરોના આગળના ભાગને વ્યાપક નુકશાન થવાની સાથે તેમાં બેઠેલ ચાલક સહિત ત્રણથીચાર મુસાફરોને ઈજાઓ થવા પામી હોવાનું શહેરના શૈલેષભાઈ નામના પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું.ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડાયા હતા. જોકે બનાવ અંગે શુક્રવારની સાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ નહી હોવાનું પોલીસસુત્રોએ જણાવ્યું હતું.

# જીઆઈડીસીના ચેરમેનનું સન્માન



વિષ્ણુ પરમાર

વાવ, થરાદ અને સુઈગામ તાલુકાના યુવા રાજપુત સમાજ દ્વારા ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન અંતર્ગત યુવા સંમેલન તથા જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપુતનો સત્કાર સમારોહ યોજાયો હતો જે પ્રસંગે બહોળી સંખ્યામાં રાજપુત સમાજના અગ્રણીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# દશનામ ગોસ્વામી સમાજ દ્વારા શિવરથયાત્રાનો શુભારંભ



પુષ્કર ગોસ્વામી

પ્રતિનિધિ વડગામ

શિવધામ સેવાટ્રસ્ટ સોમનાથ દશનામ ગોસ્વામી સમાજ દ્વારા ગતરોજ શિવરથ યાત્રાનો ભવ્ય શુભારંભ કરાયો હતો. જેમાં ગુ-જરાત સહિત વિવિધ રાજયોના દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓ, જ્ઞાતિબંધુઓ ઉમટી પડ્યા હતા. હરિદ્વારથી પધારેલ મહંત હરીપુરી બાપુ, મહંત નારાયણગીરી (ગાજીયાબાદ), મહંત મુકેશગીરીજી (દિલ્હી), સહિત મહંતો- સંતો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. બનાસકાંઠાના પ્રતિનિધિ તરીકે વડગામ- પાલનપુર ચાર જલા પૂર્વ પ્રમુખ અમૃતગીરી ડી. ગોસ્વામી (સરીપડા મઠ), સુખદેવપુરી (ભટામલ), ચમનભારથી (મલાણા), ચેહરપુરી (પસવાદળ), સોમપુરી (સાંગલા), મુકેશભાઈ (વરસડા) વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજયના તમામ જિલ્લા તાલુકા ગામોના જ્ઞાતિબંધુઓ તથા સંતો મહંતોની ઉપસ્થિતિમાં શિવરથ યાત્રાનો પ્રારંભ કરાયો હતો. બનાસકાંઠાના તમામ ગોસ્વામી અગ્રણીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

# વાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે વરણી

## કોંગ્રેસનું પ્રમુખ પદ દલિત સમાજને સોંપાયું

તા.પ્રતિનિધિ વાવ

ગુ.પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને ગુ.પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુતના આદેશ અનુસાર બ.કાં.જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, ગેનીબેન ઠાકોર અને અમીરાભાઈ જોષીની ભલામણથી વાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે વાવ તાલુકાના ઢેરીયાણા ગામના વતની અને પૂર્વ સરપંચ મુળજીભાઈ એસ.પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસ મોવડી મંડળે વાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદનું સુકાન દલિત સમાજને સોંપ્યું છે. જેથી કરીને આગામી વિધાનસભાની ચૂંટણીમાં દલિત મતોનો કોંગ્રેસ પાર્ટી તરફ વધુ ઝોક રહે.



મૂળજીભાઈ પરમાર વ્યવસાયે ખેડુત ઉપરાંત જમીન-લે વેચના ધંધા સાથે સંકળાયેલા છે. તેમનું દલિત સમાજ ઉપરાંત ઈતર સમાજમાં આગવુ પ્રભુત્વ છે. જેઓ એક નીડર કાર્યકુશળ, હોંશિયાર વ્યક્તિત્વ ધરાવે છે. સરહદી વાવ પંથકમાં નાના બાળકોથી માંડી અબાલ વૃધ્ધો તેમને નામથી ઓળખે છે. તેમની વરણીને સમગ્ર વાવ પંથકના કોંગ્રેસ કાર્યકરમિત્રોએ આવકારી છે. ચોમેરથી ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. તેમની રાહબરી હેઠળ આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીનું સંગઠન વધુ મજબુત બની રહેશે તેવો કોંગ્રેસ અગ્રણી મિત્રોને દ્રઢ વિશ્વાસ છે.

# વડગામ વિધાનસભા ક્ષેત્રમાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

ગુજરાત ગૌરવ મહાસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ડૉ.આંબેડકર સર્વોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડીયાની અધ્યક્ષતામાં વડગામ વિધાનસભાના પિલુચા, સલેમકોટ, શેરપુરા(સે.), વગેરે ગામોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જ્યાં ગ્રામજનો, કાર્યકરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુ.ગૌ.મહાસંપર્ક કાર્યક્રમમાં ગુજરાતની વિકાસ ગાથાની જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજસ્થાન સરકારના પૂર્વ આરોગ્યમંત્રી જોડીવયર ગર્ગ, રા.પ્રવકતા વિજય સોનકરજી, જિ.પં. પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, જિ.અનુ.જા. મોરચા પ્રમુખ ભરતભાઈ ડી. પરમાર (ટાકરવાડા), પાલનપુર તા.પં. પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી, પ્રદેશ અગ્રણી એન.ટી. રાઠોડ, તા. ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ જી. સકસેના, ગમાનભાઈ વાગડોદા, નટુભાઈ શ્રીમાળી, તા.મોરચા મહામંત્રી રાજેશભાઈ ડી. પરમાર (ફત્તેગઢ), દિપક પંડ્યા, પ્રવિણ કટારીયા, મયુર સાલવી વગેરે મહાનુભાવો જોડાયા હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન ભરતભાઈ પરમાર(ટાકરવાડા), અશ્વિનભાઈ સકસેના (ભરકાવાડા), રાજેશભાઈ પરમાર ફત્તેગઢે કર્યું હતું.

# વડગામના મગરવાડામાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અંતર્ગત વડગામના મગરવાડા નગરે પૂર્વમંત્રી હરજીવનભાઈ એચ. પટેલ (ધાનેરા) ની અધ્યક્ષતામાં લોકસંપર્ક કાર્યક્રમ ગતરોજ યોજાયો હતો. જેમાં બક્ષી મોરચા તા. પ્રમુખ રમેશભાઈ ડી. વળાગાંઠ (પરખડી), ઉદ્યોગસેલ તા. કન્વીનર ફલજીભાઈ એસ. ઉપલાણા, લાલજીભાઈ ચૌધરી (પરખડી), કાંનજીભાઈ (વડગામ) વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રાહુલ ગાંધીનો અનોખો અંદાજ : ફાફડા ગાંઠીયા-ચાની લિજ્જત માણી



કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતની ૩ દિવસની મુલાકાતે છે. આ દરમિયાન આજે તેમણે ચંદ્રાલા ગામ પાસે હાઈવે પર આવેલી એક ધાબા હોટલમાં નાસ્તો કર્યો હતો. નાસ્તામાં તેમણે ફાફડા-જલેબી અને ચાની મજા માણી હતી. તેમની સાથે પ્રભારી અશોક ગેહલોત અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી પણ હાજર રહ્યા હતા. આ પહેલા તેઓ અચાનક ગાંધીનગર સ્થિત અક્ષરધામની મુલાકાતે પણ ગયા હતા અને મંદિરમાં માથુ ટેકવ્યુ હતુ. તેમનુ મંદિરના મહંતોએ સ્વાગત કર્યુ હતુ.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જેમ વિધાનસભાની ચૂંટણીમાં પણ પાટીદાર વિસ્તારમાં બેનર લાગ્યા

## પાટીદાર કોર્ટની કલમ ૧૪૪ લાગુ, ભાજપે પ્રચાર ન કરવો : સુરતમાં લાગ્યા બેનર

સુરત

પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા છેલ્લા ત્રણેક દિવસથી ડોર ટુ ડોર પ્રચાર કરી રહેલા ભાજપી નેતાઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આ વિરોધમાં ફરી નવતર સ્વરૂપે પાટીદારોની સોસાયટી બહાર પાસ દ્વારા બેનર લગાવવામાં આવ્યાં છે કે, પાટીદાર કોર્ટની કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. જેથી ભાજપના નેતાઓએ આ સોસાયટીમાં પ્રચાર અર્થે આવવું નહીં.

પાટીદારોની સોસાયટી આગળ બેનર લગાવવાના મુદ્દે પાસના કન્વીનર ધાર્મિક માલવીયાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારે અમને દેશદ્રોહીના લેબલ લગાવી દીધા છે. ત્યાં હવે શા માટે મતની ભીખ માગવા તેમણે આવવું જોઈએ. ભાજપ જ નહીં પરંતુ તેમણે ઉભા રાખેલા અપક્ષ નેતાઓએ પણ ન આવવાની સૂચના બેનરમાં લખી છે. સાથે જ અમે આગામી દિવસોમાં ભાજપના કાગળ જે ઘરે અપાયા હશે તેને એકઠા કરીને ગંગાજળ અને ગૌ મૂત્રના છંટકાવનું આયોજન કરી રહ્યાં છીએ. પાસ દ્વારા લગાવવામાં આવેલા બેનર અગાઉ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ ભાજપના વિરોધમાં પાસ દ્વારા લગાવવામાં આવ્યાં હતાં. ત્યારે પાટીદાર વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મોટાભાગે હાર થઈ હતી. જ્યારે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ફરી આ રીતના બેનર અને વિરોધ જોતાં ભાજપી નેતાઓ ચિંતામાં મુકાયા છે. ત્યારે ભાજપ અને પાસ વચ્ચે ઘર્ષણ વધે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

# મારો મુદ્દો ભાજપને હરાવવાનો છે, અનામતનો નથી : હાર્દિક

અમદાવાદ

સત્તાધારી ભાજપ વિરૂધ્ધ પોતાના આકરા વલણને ઉજાગર કરતા પાટીદાર અનામત આંદોલન સમિતિના પ્રમુખ હાર્દિક પટેલે ગઈકાલે એક પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યુ હતુ કે, મારો મુખ્ય મુદ્દો ભાજપને હરાવવાનો છે અનામતનો નથી. તેમણે સંવાદ કાર્યક્રમ હેઠળ આયોજીત એક રેલીને સંબોધનમાં આ વાત જણાવી હતી જેમાં મોટાભાગના પટેલ સમુદાયના લોકો હાજર હતા. હાર્દિકે દાવો કર્યો હતો કે અનામત પ્રદાન કરવા માટે કોઈ બંધારણીય બાધા નથી. મેં ૭ દિવસ બંધારણને વાંચ્યુ હતુ અને મને કયાંય પણ એવી ચીજ નહોતી મળી કે જે એ જણાવે કે ૫૦ ટકાથી વધુ આરક્ષણ આપી ન શકાય.

હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે, કોઈ પક્ષમાં સામેલ નથી થવાનો. એવુ પુછાતા કે શું કોંગ્રેસ અનામત આપવાનો ઈરાદો રાખે છે ? તો તેમણે કહ્યુ હતુ કે, જો કોંગ્રેસનો ઈરાદો અનામત આપવાનો નહોતો તો તેઓ વાતચીત ન કરત અને સંભાવનાઓ ન શોધત. હાર્દિકે કહ્યુ હતુ કે, તેઓ મને રાત્રે ૧૨ વાગ્યે આવીને મળ્યા. અમે ૩ કલાક સુધી વાતચીત કરી, જો તેમનો ઈરાદો ન હોત તો આટલી મોડીરાત્રીએ શા માટે વાત કરી.

હાર્દિકે પટેલે કહ્યુ હતુ કે, વધુ એક મીટીગ થવાની બાકી છે અને તે પછી જાહેરાત કરવામાં આવશે. તેમણે ભરોસો આપ્યો હતો કે જે પણ નિર્ણય લેવાશે એ સમુદાય સાથે ચર્ચા કર્યા બાદ જ લેવાશે. રૂપાણી સરકાર ઉપર પ્રહાર કરતા હાર્દિકે કહ્યુ હતુ કે, ખેડુતો ઘણા પરેશાન છે અને તેઓનો અવાજ ઉઠાવવાની જરૂર છે. તેમણે કહ્યુ હતુ કે હું આવતા પાંચ દિવસમાં લોકોને મળીશ અને તેઓની સમસ્યાઓને સમજીશ. તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે, પાટીદાર ઓબીસીની વિરૂધ્ધમાં નથી.

# કોંગ્રેસે કલમ-૩૧, ૩૮ (૨) હેઠળ અનામતના નવા કવોટાની ઓફર કરી

નવી દિલ્હી

કેન્દ્રના પુર્વ કાયદા અને માનવ સંશાધન વિકાસ મંત્રી કપિલ સિબ્બલ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ ગુજરાત કોંગ્રેસ બંધારણની કલમ-૩૧ અને ૩૮ (૨) હેઠળ પાટીદારો માટે એક નવા કવોટામાં અનામત આપવાની વાત જણાવી રહ્યુ છે. જો કે અનામત કેટેગરી માટેના હાલના ૪૯ ટકાની અંદર તે નથી.

કોંગ્રેસના ટોચના વર્તુળોએ જણાવ્યુ છે કે, કલમ-૩૧માં એવી જોગવાઈ છે કે તેને કોર્ટ ઓફ લોમાં પડકારી શકાય નહી. કોઈપણ રાજય પોતાની બંધારણીય જવાબદારી પુરી કરવા માટે કાયદો લાવી શકાય છે. સુત્રો જણાવે છે કે અમે ભારપુર્વક સ્પષ્ટતા કરી દીધી છે. અનુસુચિત જાતિ, જનજાતિ અને ઓબીસી કવોટા માટેની હાલની ૪૯ ટકાની સીલીંગમાં અમે કોઈ ફેરફારો નહી કરીએ પરંતુ અમે આમાંથી અલગ કરીને ૨૦ ટકા નવા આરક્ષણ માટે નવો કાયદો લાવશુ.

કોંગ્રેસના વર્તુળોએ જણાવ્યુ હતુ કે, અમારી સુચિત અનામત જાતિ આધારીત નહી પરંતુ જરૂરીયાતમંદ આધારીત હશે. ઓબીસી અનામતવાળા લોકોને જેટલા લાભ મળે છે એટલા જ લાભ પાટીદારોને મળશે.

આ અંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીનો સંપર્ક કરાતા તેમણે કહ્યુ હતુ કે, કપિલ સિબ્બલજીએ પાટીદાર અને અન્ય સમુદાયને અનામતના લાભ મળી શકે એ માટે વિવિધ વિકલ્પો સુચવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, કલમ-૩૧, ૩૮ (૨) (કોંગ્રેસે ઈબીસી માટે પ્રાઈવેટ મેમ્બર બીલ વિધાનસભામાં રજુ કરવા તૈયારી દર્શાવી છે) અને બીજા કેટલાક વિકલ્પો છે. જેમાં વિધાનસભા કાયદો પાસ કરાવી શકે છે અને રાષ્ટ્રપતિને મંજુરી માટે મોકલી શકે છે કે જેને કોર્ટમાં પડકારી શકાતો નથી.

કોંગ્રેસનું સ્ટેન્ડ કલીયર કરતા તેમણે કહ્યુ હતુ કે, અમે જે સુચવીએ છીએ તે હાલના ૪૯ ટકા સિવાયનું છે.

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

**પાપથી મનુષ્યનો નાશ થઈ જાય છે...**

## કાશ્મીરમાં આતંકીઓને મળતી વિદેશી સહાય બંધ થવી જોઈએ

કાશ્મીરમાં હિંસા આચરવા માટે મુસ્લિમ રાષ્ટ્રોમાંથી અઢળક નાણાં આવી રહ્યા છે. હમણાં રાજોરી અને પુલવા વિસ્તારમાંથી પોલીસે એક નાગરિક પાસેથી ૫૦ લાખની નવી ચલણી નોટો જમા કરી હતી. શ્રીનગર અને જમ્મુના પહાડી વિસ્તારોમાં જે તે આતંકવાદીઓ પોતાનું નેટવર્ક ચલાવતા હતા. તે જગ્યાએ લશ્કરી જવાનોએ પહોંચી જઈને ત્રણ આતંકીઓને ઠાર કર્યા હતા. આવા બનાવો કાશ્મીરમાં સામાન્ય બની જવા પામ્યા છે. ત્યારે શ્રીનગર અને જમ્મુના દક્ષિણ વિસ્તારોમાં સરકારે વધારાની ચોકીઓ ઉભી કરવાની વાત દોહરાવી છે તેની સરાહના થઈ રહી છે.

કેન્દ્રના ગૃહ રાજ્યમંત્રી હંસરાજ આહીરે રાજધાની ખાતે એક સવાલના પ્રત્યુત્તરમાં જણાવેલ કે ખીણમાં ભાગલાવાદી તેમજ આતંકને પ્રોત્સાહન આપનારાઓને જે વિદેશી સહાય મળી રહી છે તે બાબત ઘણી ગંભીર છે. તાજેતરમાં જમ્મુમાં એક લશ્કરી હુમલામાં માર્યા ગયેલા આતંકીઓ પાસેથી ''અફઝલ ગુરુ'' સંબંધી અમુક કાગળો મળી આવ્યા હતા. જે ઉર્દુ ભાષામાં હતા. વળી તેમની પાસેથી એન્કે.૪૭ રાઈફલ, ૧૨ ગ્રેનેડ, ચારસો ઉપરાંત બુલેટ, અને ૨૦ જેટલી મેગ્ઝીન સ્ટીક મળી આવી હતી.

આશ્ચર્યની બાબત તો એ છે કે સરહદ પર પુરેપુરો જાપ્તો હોવા છતાં વિસ્ફોટક સામાન સાથે આતંકીઓ કેવી રીતે ઘુસી આવતા હશે?

જો કે આમાં લશ્કરની કેટલીક નિષ્ક્રિયતાના કારણે ઘુસણખોરી થતી હશે તેવું માની શકાય. ત્યારે હવે દસ કિ.મી.ના અંતરે નવી ચોકીઓ ઉભી કરવી જરૂરી છે. જ્યારે નગરોટામાં શહીદ થયેલા સૈનિકોના પરિવારજનોને તમામ પ્રકારની મદદ કરવી તે સરકારની ફરજમાં આવે છે.

આર્થિક રીતે મદદરૂપ થવા રૂા. ૧-૧ લાખ સહાય આપવાનું નક્કી કર્યું છે. ઉરી હુમલા બાદથી અત્યાર સુધીમાં કાશ્મીરમાં વિવિધ જગ્યાઓ પર આતંકવાદીઓના હુમલામાં ૨૪ સૈનિકો શહીદ થયા છે. આ તમામ શહીદોના પરિવારોને વધુમાં વધુ આર્થિક મદદ મળી રહે તે માટે ફાઉન્ડેશનના બંને ભાગીદારોએ મિત્ર વર્તુળ વચ્ચે પોતાના વિચારો વ્યક્ત કરેલ અને જોતજોતામા પાંચ લાખ એકત્ર થઈ ગયા હતા. આમ આ રીતે દેશભરના લોકો સહાય કરવા માટે આગળ આવે તે માટે તિરંગા ફાઉન્ડેશન ગત ૨૧ મી સપ્ટેમ્બરે બેંક એકાઉન્ટ નંબર સોશિયલ મિડીયા પર જાહેર કર્યો.

આ બેંક એકાઉન્ટ ૧૫ ઓક્ટોબર સુધી માત્ર ૨૫ દિવસ માટે શરૂ કરાયો હતો. સંસ્થાએ આર્થિક મદદ માટે અપીલ કરતો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ કર્યો હતો. અત્યાર સુધીમાં ૯૦૦૦ લોકોએ આ પેજ લાઈક કર્યું છે અને બે લાખથી વધુ લોકોએ વિડીયો નિહાળ્યો છે. આ ઉપરાંત ગુજરાત સહિત ભારત અને વિદેશથી લોકોના મદદ માટે ફોન આવવાના શરૂ થયા હતા અને લોકોમાં દેશભાવના જાગૃત થઈ અને બેંક એકાઉન્ટમાં રૂપિયા જમા કરાવતા ગયા અને માત્ર ૨૫ દિવસની અંદર જ રૂા. ૪૫ લાખ એકાઉન્ટમાં જમા થઈ ગયેલ. તેમજ મળી રહેલા દાનનો હિસાબ પારદર્શક રહે તે માટે રોજેરોજ બેંક એકાઉન્ટનો હિસાબ પણ સોશિયલ મિડીયામાં જાહેર કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે.

બે ત્રણ માસ અગાઉ છત્તીસગઢમાં નકસલીઓના હુમલામાં અસંખ્ય લોકો માર્યા ગયા હતા. ત્રાસવાદીઓ અને નકસલવાદીઓને શરણે આવવાની તક આપવી જોઈએ. યુપીએ સરકારના શાસનમાં નકસલી હુમલામાં ઘણા નિર્દોષો માર્યા ગયા હતા એ બાબત ખુબ જ ગંભીર હોવા છતાં કોંગ્રેસ સરકાર દ્વારા કોઈ ઉપાયો વિચારવામાં આવ્યા ન હતા. જો કે પાછળથી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ માનતા હતા કે નકસલીઓ દેશની સાર્વભૂમિકતા સામે સૌથી મોટો પડકાર છે!

## ઝી ટીવી માટે વિનિંગ નોટ પર લિ'લ ચેમ્પ્સની વિદાય!

મુંબઈ

તાજેતરમાં ૪૪'૧૭ સપ્તાહ માટે રીલીઝ થયેલ BARC HSM સાપ્તાહિક ડાટા (અર્બન+રૂરલ) અનુસાર, Zee TV એ આખા HSMu{k ૭૪૧૦૬૩ GVT ના છેલ્લા ૨ વર્ષોમાં હાઈએસ્ટ વ્યૂઅરશિપ સાથે પોતાનો જ અગાઉનો રેકોર્ડ તોડયો.પે હિન્દી GECs માંહે ૬૩૭૦૭૮ GTVTs ઊર' ૧૮ થી આખા HSમાં Zee TV નં.૧ sQ3' ૧૮ના એવરેજ Q2 અને YTD) ચેનલ છે. PZee TV ની રેટિંગ્સમાં મજબૂત વધારો સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ગ્રાન્ડ ફિનાલેની દેન હોઈ શકે છે જે વર્ષના હાઈએસ્ટ રેટેડ ગ્રાન્ડ ફિનાલે, ૐજીસ માં ૧૨૧૩૧ઈમ્પ્રેશન્સજ'૦૦૦જકમાં અને શહેરી બજારોમાં ૭૯૧૨ ઈમ્પ્રેશન્સ જ'૦૦૦જક પણ ફિકશન શોમાં રોબસ્ટ ગ્રોથ છે.સા રે ગા મા લિ'લ ચેમ્પ્સ માટે અમે જે પ્રમાણમાં સકારાત્મક પ્રતિક્રિયાઓ મેળવી છે

સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ફેબ્રુઆરી ૨૦૧૭ માં પોતાના પહેલા જ અઠવાડિયામાં ન–ફિકશન શો તરીકે લોન્ચ થયું હતું અને રાત્રે ૯ કલાકના સ્લોટમાં નં.૧ ની સ્થિતિ જાળવી રાખી હતી.સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સની

અપાર સફળતાને અનુસરતાં, ઝી ટીવીએ આજ લિખેંગે કલ સાથે પોતાની કન્ટેન્ટ સ્ટ્રેટેજીને સમાનાન્તર રાખતાં, દર્શકોને પોતાના અસાધારણ ભાગ્યને ૪ી નવેમ્બર ૨૦૧૭ના રોજ લોન્ચ થયેલ, ડાન્સ ઈન્ડિયા ડાન્સ જેવા શોઝ વડે કંડારવા વિનંતી કરી છે.

**<u>આત્મચિંતન</u>**

## જીવનમાં વિનમ્રતાને જ સ્થાનઆપવું જોઈએ

વિનમ્રતા વ્યકિતની અંદર સત્પાત્રતા વિકસીત કરે છે. વિનમ્ર વ્યકિત જ બીજાની સામે ઝુકી શકે છે. અને બીજાની ભાવનાઓનું સન્માન કરી શકે છે. વિનમ્ર વ્યકિત સંવેદનશીલ હોય છે જે બીજાનાં દુ:ખ મહેસુસ કરી શકે છે અને તેના માટે સેવા સહાયતામાં નિરત થાય છે. અહંકારી વ્યકિત ના તો કોઈની સેવા સહાયતા કરી શકે છે ના તો બીજાને દુ:ખને સમજી શકે છે તેથી જ પાત્રતા અર્જીત કરવા માટે સૌથી પહેલા પોતાનો અહંકાર ત્યાગવો પડે છે અને વિનમ્ર બનવું પડે છે. વિનમ્ર બનીને વ્યકિત સહનશીલ બને છે અને જીવનની ઉબડ ખાબડ પરીસ્થિતીઓ સાથે સામંજસ્ય બેસાડી શકે છે.આ રીતે વિનમ્ર બનીને જ વ્યકિત સાચા અર્થમાં મોટો બની શકે છે અને પોતાના જીવનને ઉંચુ ઉઠાવી શકે છે. આપણે પણ જીવનમાં વિનમ્રતાને જ સ્થાન આપવું જોઈએ, અહંકારને નહીં.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

# શેરબજાર જોખમી તબક્કામાં...!! નફારૂપી વેચવાલી યથાવત...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય :૧૩.૧૧.૨૦૧૭ થી ૧૭.૧૧.૨૦૧૭

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો શેરોમાં અવિરત રોકાણનો પ્રવાહ ઠાલવતાં રહીને ડીઆઈઆઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ પ્રત્યેક ઘટાડે ફરી લેવાલ બનીને વિક્રમી તેજીનાં ચક્રને ગતિમાન રાખ્યું છે. દરેક તબક્કે ઐતિહાસિક નવી તેજી માટેના નવા પોઝિટીવ પરિબળો પણ સાથ આપતાં રહ્યા છે. મિત્રો, વર્ષે ચોમાસું સફળ રહ્યાની સાથે નોટબંધી-ડિમોનીટાઈઝેશન અને ગુડઝ એન્ડ સર્વિસિઝ ટેક્ષના અમલ બાદ ટૂંકાગાળા માટે નફારૂપી આંચકાં પ્રત્યાઘાતી ઘટાડો આપીને ફંડોએ ભારતની આર્થિક નીતિઓમાં અનેક ફેરફારો લાવીને દેશને વિશ્વના વિકસીત દેશોની હરોળમાં મૂકી દેવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મિશનમાં તાજેતરમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિશ્વ બેંક-વર્લ્ડ બેંકના રેન્કિંગમાં ભારતનું સ્થાન ૩૦ અંક ઊંચું ૧૦૦મું જાહેર થયાના પોઝિટીવ પરિબળે તેજીને નવું પીઠબળ પૂરું પાડયું હતું. તેમજ ભારતની બેંકિંગ વ્યવસ્થામાં મોટા ફેરફારો કરવા સાથે હવે પીએસયુ બેંકોને માટે જરૃરી રૂ .૨.૧૧ લાખ કરોડનું રીકેપિટલાઈઝેશન પેકેજ મંજૂર કરવા ઉપરાંત ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ રૂ.૭ લાખ કરોડના વિવિધ રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટો માટે ફાળવણી કરાતાં હાલ તુરત તેજીનું સેન્ટીમેન્ટ વધુ પ્રબળ બન્યું છે. અલબત ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ફરી ૬૨ ડોલરની સપાટી કુદાવતાં અને આ ટ્રેન્ડમાં ભાવ વધુ વધવાના સંજોગોમાં અને ડોલર સામે રૂપિયો વધુ નબળો પડવાના સંજોગોમાં બજારમાં ક્ષણિક આંચકા જોવા મળ્યા હતા. વિશ્વ બેંકના રેન્કિંગ, ભારત માટેના ઉજ્જવળ અંદાજોના પોઝિટીવ પરિબળો છતાં ક્રુડના ફરી વધતાં ભાવ શેરોમાં ટૂંકાગાળાનું છતાં નોંધનીય કરેકશન બતાવ્યું હતું. કોર્પોરેટ ઈન્ડિયાના સપ્ટેમ્બર ૨૦૧૭ના અંતના બીજા ત્રિમાસિકના પરિણામો એકંદર સાધારણ થી નબળા જાહેર થઈ રહ્યા છતાં આર્થિક વિકાસને આગળ વધારવા મોદી સરકાર દ્વારા લેવાઈ રહેલા એક પછી એક સરાહનીય પગલાંના પોઝિટીવ પરિણામો મળવા લાગતાં બજારમાં તેજી તરફી રૂખ આવ્યું હતું. ઘણી કંપનીઓના કિસ્સામાં કંપનીઓના વર્તમાન રિઝલ્ટ અને અપેક્ષિત રિઝલ્ટની તુલનાએ શેરોના વેલ્યુએશનમાં મિસમેચ જોવા મળી રહ્યું હોવાથી શેરોની ખરીદીમાં ઊંચા મથાળે સાવચેત રહેવું જરૂરી છે. કેટલીક કંપનીઓના શેરોનું રી-રેટીંગ થવાની શકયતા છતાં સંખ્યાબંધ એવી કંપનીઓ છે કે જેના ભાવો અસાધારણ વધી ગયા હોવાથી કરેકશન અનિવાર્ય છે. જેથી આવી કંપનીઓના શેરોમાં કરેકશન ન જોવાય ત્યાં સુધી ખરીદીનું જોખમ લેવાથી દૂર રહેવું જોઈએ. આ સાથે ક્રુડ ઓઈલના વધતાં ભાવનું જોખમ ટૂંકાગાળા માટે એકાદ કરેકશન આપી શકે તેમ છે.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો,અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કોર્પોરેટ ટેક્સને ૩૫ % થી ઘટાડીને ૨૦ % કરવાની યોજના તેમના બિઝનેસલક્ષી એજન્ડાનો મુખ્ય ભાગ છે.આ યોજનાને શેરબજારોની વિક્રમસર્જક તેજી ચાલુ રહેવા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ટેક્સ કાયદાની કેટલીક મહત્ત્વની જોગવાઈ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બજારમાં એવી અટકળ છે કે અમેરિકામાં પ્રતિનિધિગૃહ તેનો તાકીદે કાયદો ઘડવાની જગ્યાએ કોર્પોરેટ ટેક્સ રેટમાં તબક્કાવાર ધોરણે ઘટાડો કરવાની વિચારણા કરી રહ્યું છે. જો આવું થશે તો અમેરિકાના બજાર માટે ચિંતા ઊભી થશે તેનાથી અમેરિકાના બજાર માટે ઘણું નેગેટિવ સેન્ટિમેન્ટ ઊભું થશે અને તેના પરિણામે વૈશ્વિક બજારને પણ અસર થશે. હાલમાં બજાર નવા વિક્રમ સ્તરે છે ત્યારે નિફ્ટીમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૭ના કેલેન્ડર વર્ષમાં ૨૫% ટકાથી વધુ વધારો થાય તેવી ધારણા છે. હ્રૂ૧૯ અને હ્રૂ૨૦ દરમિયાન કોર્પોરેટ અર્નિંગમાં ૨૦% સીએજીઆરએ વૃદ્ધિ થશે. નિફ્ટી ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષથી રૂ.૬૯૩ શેર દીઠ કમાણી (ઈપીએસ) નોંધાવે તેવી ધારણા છે. જો આ અંદાજ સાચો પડે તો બજાર મોંઘું લાગતું નથી. જો કોર્પોરેટ અર્નિંગમાં વધારો નહીં થાય તો આપણને બજારમાં મોટું કરેક્શન જોવા મળશે. કોર્પોરેટ અર્નિંગમાં વધારાની સાથે બજાર ફરી વ્યાજબી લાગશે. મારા મતે દરેક સ્તરે પ્રોફિટ બુક કરવાની બદલે દરેક શેર માટેની વ્યૂહરચના અલગથી ગોઠવવી જોઈએ એકંદરે મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોનું રિ-રેટિંગ થઈ રહ્યું છે અને હવે વેલ્યુએશન તફાવત દૂર થયો છે. તેથી કુનેહપૂર્વક સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરોમાં રોકાણ ઘટાડી શકાય છે અને આવા શેરો માટે ૨૦% રકમ રોકડમાં રાખવી જોઈએ.અત્યાર સુધી ૪૦૦ કંપનીઓએ નાણાકીય પરિણામની જાહેરાત કરી છે. આ કંપનીઓના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૦% અને નફામાં આશરે ૪% નો વધારો થયો છે. આ ઉપરાંત મોટા ભાગની કંપનીઓ આગામી ૧૫ દિવસમાં રિઝલ્ટની જાહેરાત કરશે, તેથી થોભો અને રાહ જોવો ની નીતિ અપનાવવી જોઈએ. જો કે પ્રારંભિક રિઝલ્ટમાંથી સંકેત મળે છે કે જીએસટીની અસરને કારણે રિઝલ્ટ ધારણા કરતાં વધુ સારાં રહ્યાં છે. તેથી જો ટ્રેન્ડ ચાલુ રહેશે તો રિઝલ્ટ સીઝન એકંદરે ધારણા કરતાં વધુ સારી રહેશે. આર્થિક મોરચે જોઈએ તો ભારતના બજાર માટે મેન્યુફેક્ચરિંગ, ઔદ્યોગિક ઉત્પાદન, ફુગાવો, બેલેન્સ ઓફ ટ્રેડ, જથ્થાબંધ ફુગાવો વગેરેના ડેટા જાહેર થશે. અમેરિકામાં જોબલેસ ક્લેમ, હોલસેલ ઈન્વેન્ટરીના ડેટા જાહેર થશે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, ૦૮ નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦,૪૨૦.૧૮ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, ૦૮ નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૩૬૨.૭૭ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, અમેરિકાનાં શેરબજારોની સાથે ભારતનાં બજાર પણ અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તર તરફ આગળ વધ્યા છે. નિફ્ટી ફ્યુચર ૧૦૧૦૧ પોઈન્ટના અતિ મહત્વના સપોર્ટથી અફડા તફડી સાથે ૧૦૬૦૦ પોઈન્ટ તરફ આગળ વધે તેવી ધારણા છે. મન્થલી ઈજીં ઓવરબોટ પોઝિશનમાં હોવાથી રોકાણકારોએ ઓપન પોઝિશન માટે સ્ટોપલોસ રાખવો જોઈએ. મ્યુચ્યુઅલ ફંડ્સ અને નાના રોકાણકારોના સાતત્યપૂર્ણ નાણાપ્રવાહ આ અપટ્રેન્ડના મુખ્ય ચાલકબળ છે. વોલેટિલિટી ઈન્ડેક્સ ફૈંઠ ઈન્ડિયા હજુ પણ બજાર માટે હકારાત્મક આઉટલૂક આપે છે. અમેરિકામાં એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સના સંદર્ભમાં ફૈંઠ ઘણા વર્ષના નીચા સ્તરે છે જે બજાર માટે મજબૂત આઉટલૂકનો સંકેત આપે છે. ડાઉનો મન્થલી ઈજીં ૮૪.૬ છે જે ભારે ઓવરબોટ પોઝિશનનો સંકેત મળે છે. અમેરિકામાં મજબૂત કોર્પોરેટ ગ્રોથ અને મજબૂત આર્થિક ડેટા બજારના અપટ્રેન્ડનાં મુખ્ય કારણો છે.

જો કે ઈજીં પરિબળ અમેરિકાના બજાર માટે મુખ્ય જોખમ છે. જો થોડા પણ નકારાત્મક ન્યૂઝ આવશે તો બજાર નફારૂપી વેચવાલી સાથે કડાકા ધરાશાયી થઈ શકે છે. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ ઘણો પોઝિટિવ છે.આપણે આ ક્ષેત્રમાં વધુ ખરીદીની અપેક્ષા રાખી શકીએ છીએ. નિફ્ટી ફાર્મા અને નિફ્ટી આઈટી પણ ટૂંકા ગાળામાં બજારને સપોર્ટ આપી શકે છે.બીજી તરફ જો વેચવાલી આવશે તો મેટલ, એનર્જી અને ઓટો જેવાં ક્ષેત્રો બજારમાં મોટું દબાણ ઊભું કરી શકે છે. જો ભારતના રેટિંગમાં સુધારો થશે તો આપણને ભારતનાં બજારોમાં વધુ અપસાઈડ જોવા મળી શકે છે. જો આવું નહી થાય તે આ વર્ષે બજારમાં વધારો મર્યાદિત બની શકે છે.નિફ્ટી ફ્યુચરમાં અંદાજીત ૧૦૫૦૦ અને ૧૦૭૦૦ની રેન્જમાં મલ્ટિપલ અવરોધ આવી શકે છે. જો નિફ્ટી ૧૦૧૦૧ પોઈન્ટના સ્તરને તોડશે તો વેચવાલનું દબાણ આવી શકે છે.ભારતના બજારની વ્યાપક રેન્જ અકબંધ છે. નિફ્ટી ફ્યુચર વિક્રમી ઊંચા સ્તરે છે ત્યારે રોકાણકારોમાં વિશ્વાસનો અભાવ જણાય છે. બજારમાં ઓવરબોટ પોઝિશનને કારણે થોડો વધુ સમય કોન્સોલિડેશન થાય તેવી ધારણા છે.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત .....શેરબજારની રુખ .....!!!!





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત**

નિફ્ટી ફ્યુચર તા. ૦૬/૧૧/૨૦૧૭ ના રોજ ૧૦૪૫૨ પોઈન્ટ ખુલીને ૧૦૨૮૪ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૫૩૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૪૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૪૧ પોઈન્ટના ઘટાડે ૧૦૩૪૮ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત**

બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૦૬/૧૧/૨૦૧૭ ના રોજ ૨૫૫૫૬ પોઈન્ટ ખુલીને ૨૫૨૩૭ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૭૧૫ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૪૭૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૫૧ પોઈન્ટના ઘટાડે ૨૫૫૨૫ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૩૪૮)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૬૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૩૦૩ પોઈન્ટથી ૧૦૨૭૩ પોઈન્ટ, ૧૦૨૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૫૨૫)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૪૦૪ પોઈન્ટથી ૨૫૨૫૦ પોઈન્ટ, ૨૫૧૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીંગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

**૧) HDFC બેન્ક ( ૧૮૨૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૧૭૯૩ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૮૪૮ થી રૂ.૧૮૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!**

**૨) ACC લિમિટેડ ( ૧૭૬૨ ) :- આ સ્ટોક રૂ.૧૭૩૦ નો પ્રથમ તેમજ રૂ.૧૭૧૭ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૭૮૮ થી રૂ.૧૮૦૮ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!**

**૩) ઓરબિન્દો ફાર્મા ( ૭૪૫ ) :- ૮૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૭૨૮ નો પ્રથમ તેમજ રૂ.૭૧૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેકટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૭૬૩ થી રૂ.૭૭૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!**

**- ૪) ડીવીસ લેબ ( ૧૦૨૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૩૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૪૯ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૦૭૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

**- ૫) તાતા સ્ટીલ ( ૭૦૬ ) :- રૂ.૭૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૬૮૭ થી રૂ.૬૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**- ૬) ટેક મહિન્દ્રા ( ૪૯૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૦૯ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૫૧૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૪૭૩ થી રૂ.૪૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૫૨૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) બાટા ઈન્ડિયા ( ૮૧૦ ) :- ફૂટવેર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૮૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૭૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૩૩ થી રૂ.૮૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૪૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) ટાઈટન કંપની લિમિટેડ ( ૭૮૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૭૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૬૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૦૩ થી રૂ.૮૧૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) સિપ્લા લિમિટેડ ( ૬૧૭ ) :- રૂ.૬૦૩ નો પ્રથમ તેમજ રૂ.૫૯૦ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૬૩૬ થી રૂ.૬૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ( ૫૭૧ ) :- કોમોડિટી કેમિકલ્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૮૭ થી રૂ.૫૯૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) જસ્ટ ડાયલ લિમિટેડ ( ૫૪૮ ) :- રૂ.૫૩૦ નો પ્રથમ તેમજ રૂ.૫૧૭ ના સ્ટોગ સપોર્ટથી પબ્લિશિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૫૭૩ થી રૂ.૫૮૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) GAIL ઈન્ડિયા લિમિટેડ ( ૪૬૧ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૪૪૦ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૪૭૮ થી રૂ.૪૮૪ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ICICI બેન્ક ( ૩૧૫ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૨૯૭ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૩૩૩ થી રૂ.૩૪૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ ( ૨૬૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એલ્યુમિનિયમ સેક્ટરના

આ સ્ટોક રૂ.૨૫૦ આસપાસ રોકાણકારે રૂ.૨૭૭ થી રૂ.૨૮૩ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૨૪૪ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

**૧) નેલકો લિમિટેડ ( ૧૦૫ ) :- નેટવકીંગ સેકટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૧૨ થી રૂ.૧૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!**

**૨) NLC ઈન્ડિયા ( ૯૮ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ઈલેક્ટ્રીક યુટિલિટીઝ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૯૦ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૧૧૨ થી રૂ.૧૨૦ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!**

**૩) MINDTECK ઈન્ડિયા ( ૭૬ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૮ નો પ્રથમ તેમજ રૂ.૬૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સોફ્ટવેર પ્રોડક્ટ્સ સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૮૮ થી રૂ.૯૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!**

**૪) ઝેનિથ એક્ષપોર્ટ ( ૫૭ ) :- રૂ.૫૦ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૬૩ થી રૂ.૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૦ ઉપર તેજી તરફી ધ્યાન.....!!**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૨૩૦ થી ૧૦૫૩૦ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

CMYK

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

જગો બ્લડ બેંકમાં ગયો. એક બોટલ બ્લડ મળશે ?

નર્સ : કયા ગ્રુપનું જોઈએ છે ?

જગો : કોઈપણ ગ્રુપનું ચાલશે સીસ્ટર.

નર્સ : ઓ ગાંડાલાલ એમ કોઈપણ ગ્રુપનું ના ચાલે..

જગો : મારે તો કોઈપણ ગ્રુપનું ચાલશે. મારે તો ગર્લફ્રેન્ડને લેટર લખવા જ જોઈએ ને !

ooooo

મગનની ઘડીયાળ પાછી બંધ થઈ ગઈ. ચેક કરવા મગને ઘડીયાળ ખોલીને જોયું તો અંદર એક મચ્છર મરેલો પડયો હતો. મગન બબડી ઉઠયો, અચ્છા હવે ખબર પડી. ડ્રાઈવર જ મરી ગયો છે તો પછી ઘડીયાળ કયાંથી ચાલે ?

oooo

ચંપા : મારા દિકરાના બંને લગ્ન નિષ્ફળ નિવડયા.

સુધા : કેવી રીતે ?

ચંપા : તેની પહેલી પત્ની કોઈની સાથે ભાગી ગઈ.. અને આ બીજી કોઈની સાથે ભાગી જતી નથી..

ooooo

ટીચરઃ પપલુ તારી પાસે ફકત બે જ ચોકલેટ હોય અને તારા બે મિત્રો આવી જાય તો તું શું કરીશ ?

પપલુ : એમના જવાની વાટ જોઈશ.

oooo



# કાળી ચૌદશ..કાળી રાત...

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

દિવાળી આવી અને દેવું કરાવીને કયા બારણેથી રફુચક્કર થઈ ગઈ એની ખબર ના પડી. નાનપણમાં જ્યારે દિવાળી આવતી ત્યારે એવો આનંદ થતો કે ના પ્રશ્ને વાત મનમાં થતું લાવ એને પકડી રાખીએ, ઝકડી રાખીએ પણ પણ એ વખતે નાના હતા અને કંઈક સમજી શકતા હતા. કંઈક સમજી શકતા ન હતા કે સમયને પકડી શકાતો નથી, કેદ કરી શકાતો નથી. એ તો જેમ આવે છે એથી ય વધુ ઝડપથી આગળ નીકળી જાય છે. સિર્ફ આપણા મનમાં એની યાદો આપી જાય છે. કયાંક મીઠી યાદો કયાંક કડવી યાદો એ વખતે બધા દિવસ ભરચક રીતે માણતા એને જ્યારે દિવાળી જતી રહે ત્યારે ઉદાસ થઈ જતા.. અરેરે તું જતી રહી.. કહીને કવિતા એ જમાનમાં ખેંચી કાઢેલી.. એમાં લખ્યું હતું હે પ્રિયે કેટલી બધી તારી હું પ્રતિક્ષા કરતો હતો. તને માણવી હતી. તારો આનંદ મારે લુંટવો હતો અને તું જતી રહી.. અખીના ઓછો ડકા દેવાનંદે કયાંક હમેદાનમાં મંગાવ્યું હતું અને બેસતા વર્ષના અંકમાં મારી કવિતા છપાણી ત્યારે એ આનંદ થયેલો.. આહા.હા.. એ દિવાળી યાદ રહી ગઈ હતી પણ એ પછી અઠવાડીયે જે પત્ર આવ્યો હતો. મારે શું કહેવું ..એક જણાએ મને લખ્યુ હતું.. તમારી કવીતા વાંચીને હું પ્રભાવિત થયો છું.. પણ આખરમાં દિવાળી અંગેની કવિતા વાંચી તમને જુના બુટથી ફટકારવાનું મન થઈ આવ્યું.

હું તો મારી રીસાઈ ગયેલી પત્નીની કલ્પનામાં હતો ત્યાં તમારી કવિતા વાંચી, આનંદ થયો પણ આખરમાં મેં દિવાળી વિશેની કવિતા હોવાનું જાણ્યું કે દિવાળીના કોઈ ફટાકડાના જેવું સુરસુરીયું થઈ ગયું..

ખેર એ દિવાળી યાદ હતી.. અને એ દિવાળી એના દિવસના ક્રમ પ્રમાણે વહી ગઈ ત્યારે ઉદાસ થઈ ગયો.. માસીએ ઉદાસી વિશે પુછેલું તો ફટાક કરી દિવાળી એવો જવાબ રાખ્યો હતો. સમયની પાંખે આજે એના નિર્ધારીત ક્રમે દિવાળી આવે છે.. પણ એ માસી કયાં ? એ રમ્ય પળો કયાં ? ખેર.. દિવાળી આવી અને દેવું દેવા કરાવીને કંઈક રફુચક્કર થઈ ગઈ પણ યાદગાર રહી ગઈ. મારા પાડોશીના ઘરમાં મઠીયા મામલે મગજમારી થઈ. પત્ની કહે, આ વખતે હું મઠીયા તળવા બેસવાની નથી. તમારે જ તળવા બેસવાનું મને પડોશીના પ્રોબ્લેમમાં રસ પડયો.. મને કંઈ એકલાને નહીં આપણને બધાને પડોશીના પ્રોબ્લેમમાં ખુબ રસ હોય છે. કયાંક તો આપણે અંદરખાને ઈચ્છા જ હોઈએ છીએ કે એના ઘરમાં કાયમ પ્રોબ્લેમોની હોળી સળગતી રહે, અને એના ભડાકા જોવાની મજા આવે.. પાડોશીની પત્ની મઠીયા તળવા બેસવાની ના પાડતી હતી. પ્રોબ્લેમ તો બરાબરનો ગુંચવાયો..પડોશીએ સોસાયટીના નાકે મને એની સમસ્યા રજુ કરી. હું સાંભળી હાઈકોર્ટના કોઈ જજ સાહેબ ગંભીર બની જાય એમ ગંભીર બનીને મેં કહ્યું.. દિવાળી ટાણે પુરૂષો એ ફક્કડ થઈને ફરવાનું હોય, લાઈનો મારી મારીને જગ્યા બેકરાર કરવાનો હોય.. આમ મઠીયા તળવા જેવું શુધ્ધ કાર્ય ન થાય.. અને એ ઘરવાળી ન માને તો દિવાળીમાં પહેરવાના નવા બુટ લાવ્યા હોય તો પુજા કરવી પછી જુઓ એ ઘરવાળીની ગાડી વિના સિગ્નલે કેવી સડસડાટ ભાગે છે જાતે જ જોઈ લેજો..

મેં પાડોશીને તો સુફીયાણી સલાહ ધરી દીધી.. પણ.. પણ દિવાળી ટાણે જ મારા ઘરમાં ઉદમાત મચી ગયા. શનીવારે સાંજે છુટીને આવ્યો કે કોઈ મારા વેરીએ મારી ઘરવાળી રેણુના કાનભંભેરણી કરી હશે. ઘણાના કાન એવા નાજુક હોય છે કે સાહેબ બે શબ્દો સીધા કે આડા કહો તો ચાલુ..અને એકવાર ચાલુ થાય પછી અટકે.. રામ રામ કરો.. શનિવારે સાંજે છુટીને ઘેર આવ્યો.. બુટ ઉતારીને હાશ કરતોક બેઠો.. કે રેણુએ મને ચિઠ્ઠી પકડાવી દીધી. મને થયું દિવાળી.. દિવાળી કરીને દેવાળું ફુંકાવે એટલી તો ખરીદીને કરાવી છે અને હવે એનું શું બાકી રહી ગયું છે..

વાંચો.. એણે કહ્યું..

શું છે ? હજુ શું બાકી રહી ગયું છે.. મેં પુછ્યું.

એ કહે બાકી કાંઈ રહ્યું નથી પણ.. પણ શું ?

આ બધી આઈટમો તમારે તળવાની છે..

મેં સાંભળ્યું.. એની સામે જોયું.. ગુજરાતી કોઈ નાટકની ઓછી વિખ્યાત થયેલી નાયિકાની જેમ એણે ઠુમકો માર્યો..

મારે તળવાની છે..હા...

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કેવા ગ્રહો અનેક પ્રકારના સુખો આપે ?




સુખી રહેવું દરેક વ્યક્તીને ગમતું હોય છે. દુઃખ કોઈ ચાહતું નથી પણ મહાભારત સમયે કુંતી માતાએ દુખ માગ્યું હતું જેથી ભગવાનનેયાદ કરી શકાય. બાકી કોઈએ દુખ માગ્યું હોય તેવું કયાંય સંભળાતુંનથી. હવે કેવા ગ્રહો અનેક પ્રકારના સુખો આપનાર બને છે ?

જે જાતકની જન્મકુંડળીમાં મુળ ત્રિકોણ અને કેન્દ્ર સ્થાનોમાં પ્રથમ ભાવ, ચોથો ભાવ, સાતમો ભાવ, દશમો ભાવ, પાંચમો અને નવમો ત્રિકોણ સ્થાનમાં પાપગ્રહો ન હોય અને ચોથે આઠમે ગુરૂ અને લગ્નેશ હોય તો તેવી વ્યકિત સંસારના દરેક પ્રકારના સુખો ભોગવી સો વર્ષની આયુષ્યમાન બને છે.

**દ્રષ્ટાંતકુંડળીઃ**

અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં કેન્દ્ર સ્થાને તેમજ ત્રિકોણ સ્થાનોમાં કોઈ પાપગ્રહ નથી તેમજ ચોથામાં ગુરૂ ઉંચનો છે તેમજ આઠમા ભાવમાં લગ્નેશ ચંદ્ર જે આવી વ્યકિતને સંપુર્ણ સુખ સાથે સો વર્ષની આયુષ્ય ભોગવતો હોય છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ભીખનાં હાંહલાં છીંકે ચઢે ખરા ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

એક સમયે અંગ્રેજ સરકારમાં સર્વન્ટ તરીકે ફરજ બજાવનારા અમારા ચકુભા દાદા અમારી કિશોરવયમાં અમને મુકીને અલવિદા થયા. દાદાના વૈકુંઠ ગમનથી પૂજય બાપુ, બા અને કાનભા કાકા ઉપર તેની માઠી અસર થઈ. જાણે ઘરમાંથી એક ઘેઘુર વડલાએ વિદાય લીધી હોય એવું લાગવા માંડયું. એથી વધારે દાદુભાની વિદાયે મને અકળાવી મુકેલો. એમની સુભાષિત જેવી સુવાકયોની પંક્તિ એમના ગયા પછીનાએ ચાર દાયકા બાદ પણ મને યાદ રહી જાય તેવી હતી. દેખ કબીરા..

**‘ઉઠ વીરા મગ્ન થઈ પ્રભુ કેરૂં નામ દઈ**
**વાંચ પાઠ ધ્યાન દઈ એમ માત બોલી’**

દાદાના અભ્યાસની ચોપડીઓમાં એ સમયની કવિતાના આ શબ્દો આજેય મને યાદ આવે છે. પણ દાદા કયાંય જોવા મળતા નથી સિવાય કે એમની તસ્વીરમાં..

અમે દાદા પાસે ઢબુ પૈસો અને બેવડી માગતા..ત્યારે એ અમને ધમકાવતા પણ એક સુવાકય જરૂર સંભળાવતા.. જુઓ દિકરા આ જગતમાં ‘વસ્તુ વિના નર પશુ’ અને ત્રેવડ ત્રીજો ભાઈ દાદાના આ શબ્દો જીવનમાં કાયમ યાદ રાખવા જેવા અને અમલમાં મુકવા જેવા આજે લાગે છે.. દેખ કબીરા..આપણા પ્રશાસનમાં આજે કયાંય ત્રેવડ કે કરકસર જોવા મળતી નથી. એટલેઅમારા દાદા અમને પ્રસ્તુત લાગે છે. આ વાત અમે એટલા માટે યાદ કરવી પડે છે ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટ આપે.. આવું કંઈક આપણા લોકપ્રહરી અને લોકતંત્રના પ્રતિનિધિઓ કરતા જણાય છે.

એટલામાં અમારા અમથાકાકા પોળમાંથી આવતા જણાયા.. મને એક પ્રશ્ન કર્યો.. અલ્યા ભૈ.. આ બુલેટ બોમ્બ શું છે ?

અમે આગળ વધ્યા : કાકા એ બોમ્બ નથી પણ આ આપણા અમદાવાદમાં આવનારી બુલેટના જેવી ઝડપી રેલ્વે સેવા છે જે તમને ત્રણેક હજાર રૂપિયા લઈ બે કલાકમાં અમદાવાદથી મુંબઈ પહોંચાડશે.

અમથાકાકા આગળ વધ્યા : અલ્યા ભૈ આ અમદાવાદમાં બીઆરટી ઓક્સિજન ઉપર દોડે છે ત્યાં આવી મોટી બુલેટ કેવી રીતે ચાલશે ?

જુઓ કાકા આ ટ્રેનના સંપૂર્ણ ખર્ચાની જવાબદારી બીજા દેશવાળા ઉઠાવવા તૈયાર છે ?

એટલે શું બીજા દેશવાળા ભારત દેશમાં ધર્માદો કરવા નીકળી પડશે કે બીજું કંઈ થશે..?

ના કાકા એવું નથી આપણા દેશના પ્રધાનમંત્રીએ એ દેશના પ્રધાનમંત્રીને વિનંતી કરી તેમની આર્થિક મદદ લઈ આવી મોટી બુલેટ ટ્રેઈન શરૂ કરવાની છે..

પણ શું એ બીજા દેશવાળા મફતમાં કંઈ રૂપિયા આપશે ?ના.. કાકા ! એ બીજા દેશવાળા જીરો પોઈન્ટ વન પર્સેન્ટ વ્યાજે પૈસાનું ધિરાણ કરી ભારત સાથે ભાગીદારીના કરાર કરીને ગયા છે.

તમારી વાત.. હું સમજી શકું છું ભઈલા પણ એ કંઈ મફત આપવાના નથી..અને જો ત્રણ હજારમાં માત્ર પચાસ મીનીટમાં અપડાઉન વિમાન મારફતે મુંબઈથી થતું હોય તો આવા બુલેટ બોમ્બ શું કરવાના ?

અમે આગળ વધ્યા : કાકા આ દેશના બે મોટાં શહેરો દીલ્હી અને મુંબઈમાં મેટ્રો જેવી ટ્રેઈનો નિષ્ફળ ગઈ છે ત્યાં આ બુલેટ ટ્રેઈન સફળ કેમ થશે ?

અમથાકાકા ઉવાચ : ભૈ આ ભારત દેશ છે. જુઓ વાસ્કોદી ગામા જેવા પરદેશીઓ આ દેશમાં વેપારના નામે આવ્યા અને દેશમાં પગપેસારો કરી ગયા. પછી આવેલા બધા પરદેશીઓએ ભારત ઉપર લગભગ દોઢસો વરસ કરતાં વધારે રાજ કરીને ગયા.. આ બધાના મુળભુત દોષ જોઈએ તો આપણા રાજાઓ જવાબદાર છે..

કાકા તમારી વાત સો ટચના સોના જેવી છે..પણ આપણા આ લોકતંત્રના રખવાળાં કરનારા કયાં સમજે છે ? દેખ કબીરા..

અમથાકાકા આગળ વધ્યા : ભૈ ભારતની આજ સુધી બધી યોજનાઓ આગળ ધપાવવા પરદેશીઓની મદદ લેવી પડે છે ત્યાં ત્રેવડની શું તાકાત ?

બધા એકી અવાજે બોલવા લાગ્યા, જ્યાં માગવા વાળા હોય ત્યાં આપવાવાળા મળી આવે છે..

કાકા ઉવાચ : ભૈ ભીખનાં હાંડલાં છીકે ચઢે ખરા ?

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# ‘ભાઈ હોય તો આવો’બ્રેનસને વીજળીના ઝટકાથી ભાઈનો જીવ બચાવ્યો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

દેશના ઉત્તર પૂર્વમાં આવેલ મણીપુર નૈસર્ગિક, સૌંદર્યથી ભરપુર સુંદર અને સાંસ્કૃતિક વારસો ધરાવતું રાજય છે. ઉત્તરમાં નાગાલેન્ડ, પશ્ચિમમાં આસામ, દક્ષિણમાં મિઝોરમ અને પૂર્વ દિશાએ આ રાજયનો સીમાડો આપણા પડોશી દેશ મ્યાનમારને મળે છે. અનેક વિશિષ્ટતાઓની સાથોસાથ મણિપુર તેના પ્રાકૃતિક સૌંદર્ય માટે દેશ વિદેશમાં જાણીતું પરંતુ અહીં વસતા લોકોનું જીવન એટલું જ કપરૂં પણ છે. ગીચ જંગલ વિસ્તાર અને પહાડોને કારણે ઘણા અંતરિયાળ વિસ્તારમાં વીજળી, રસ્તા જેવી માનવ જીવનમાં જરૂરી સુવિધાઓ પહોંચી શકી નથી અને જ્યાં પહોંચી છે ત્યાં તેનો રાખરખાવ ખુબ જ નબળો છે. તેના કારણે ઘણી વખત સમસ્યાઓ ઉભી થતી હોય છે. જે વીજળી જીવનમાં પ્રકાશ ફેલાવતી હોય તે કયારેય કારમો ઝાટકો પણ આપી જતી હોય તેવું બની જાય છે.

આ ઘટના મણીપુર રાજયની રાજધાની ઈમ્ફાલ નજીકમાં આવેલ એક નાનકડા ગામની છે. અહીં રહેતો કિશોરજીત પોતાના કામ અંગે બહાર ગયો હતો. ઘરમાં તેની પત્ની અને બે નાનાં બાળકો હતા.

૨૦ મી મે ૨૦૧૪ ના દિવસની સવારના દશ વાગ્યાનો સમય હતો. કિશોરજીતની પત્ની કપડાં ધોવા અને નહાવા માટે નજીકમાં આવેલ લોકતારૂ તળાવે ગયેલ.ઘરના આંગણામાં તેનો નાનો દિકરો જે માંડ છ વરસનો હતો તેનું નામ વાયેન ગાંબા હતું તે રમતો હતો તેને દોરડાનો હિંચકો બનાવી ઝુલે ઝુલવાનો ખુબ જ શોખ હતો. તેથી તેની માંએ ઘરની બાજુમાં આવેલ ઝાડ પર દોરડું બાંધી રાખેલ તેને બીજી બાજુ દિવાલે લગાવેલ મોટા ખિલ્લામાં બાંધી તેનો ઝુલો બનાવી દેતી. તેના પર ઝુલવાની વાયેન ગાંબાને બહુ જ મજા પડતી હતી. તેને અત્યારે હીંચકે હીંચવાની ઈચ્છા થઈ. વાયેન ગાંબાએ તેના મોટા ભાઈ બ્રેનસેનને બુમ પાડી.

‘બ્રેનસેન ઓ બ્રેનસેન..’

શું છે ?

અહીં આવ મારે ઝુલો બાંધવો છે.

તો બાંધી લે ને. મારે ઘણું હોમવર્ક કરવાનું બાકી છે..

પણ આ દોરડું ટુંકું પડે છે.

તો હું શું કરૂં હમણાં બીજું કંઈક રમ. ત્યાં સુધીમાં તળાવેથી મા આવી જશે..

ના પણ મારે હમણાં જ ઝુલવું છે.. વાયેન ગાંબાએ જીદ કરી..

જો વાયેન તારે જે કરવું હોય તે કર હું હમણાં ઉભો થવાનો નથી..બ્રેનસેને કહી દીધું.

વાયેનગાંબા એમ કાંઈ માને એવો ન હતો. તેણે એક લાકડીનો ટુકડો લીધો અને ઝાડની ડાળી પર લટકતા દોરડાંનો છેડો નીચે ઉતાર્યો અને દોરડાના છેડાને લઈને દિવાલ પર લગાવેલ ખિલ્લા સાથે બાંધવા કોશીશ કરવા લાગ્યો. પણ દોરડું ટુકું પડતું હતું.

હવે શું કરવું ?

વાયેન ગાંબા વિચાર કરતો હતો ત્યાં તેને ભીંતે લટકતો એક વાયર દેખાયો.. તેનો ચહેરો એકદમ ખીલી ગયો. દોરડાંને વાયર સાથે બાંધી દેવામાં આવે તો દોરડું લાંબુ થઈ જાય અને ઝુલે ઝુલીશકાય. તેણે પોતાનો વિચાર તરત અમલમાં મુકયો. દોરડાને વાયર સાથે ગાંઠ લગાવી બાંધવાની ગડમથલ કરવા લાગ્યો પરંતુ આ વાયરમાંથી તો વીજળી પસાર થતી હતી. તેથી વાયર સાથે બાંધવા જતાં વાયેન ગાંબાને વીજળીનો જોરદાર ઝાટકો લાગ્યો. તેણે બુમ પાડી ‘બ્રેનસેન ઓ બ્રેનસેન..’

શું છે તું તો ભણતો નથી અને મને પણ ભણવા દેતો નથી..

બ્રેનસેન ઓ બ્રેનસેન.. બચાવ ઓ.માં.. વાયેન ગાંબાની ચીસ સંભળાઈ એટલે બ્રેનસેનને લાગ્યું કે જરૂર કંઈક બન્યું છે તે હોમવર્ક પડતું મુકી ઉભો થયો અને ઘરની બહાર આવી જોયું તો વાયેન ગાંબા વીજળીના તાર સાથે ચીપકી ગયો હતો. બ્રેનસેન દોડીને ગયો અને એને વાયરથી છુટા પાડવાની કોશીશમાં બ્રેનસેનને પણ કરંટનો ઝટકો લાગ્યો.. તે છતા બ્રેનસેને વાયેન ગાંબાની નીચે રહેલ એ વાયરને એટલા જોરથી ખેંચીને ફેંકવાની કોશીશ કરી કે તે પોતે પણ લથડયો અને પથરાળ કઠણ જમીન પર જઈ પડયો.. તેનો પગ મચકોડાયો અને ચહેરા પર ગાલે ઉઝરડા પડયા. પણ આ વખતે તેનો પ્રયાસ સફળ નીવડયો.. તેના નીડરતા ભર્યા કામથી તેના નાના ભાઈનો જીવ બચ્યો.. બંને ભાઈઓને વીજળીનો ઝટકો અને પછડાટ વાગતાં બુમાબુમ સાંભળીને આડોશ પાડોશના લોકો અને રસ્તે જતા રાહદારીઓ દોડી આવ્યા. કોઈએ તળાવે જઈને તેની માને જાણ કરતાં તે પણ આવી ગઈ.. બંને ભાઈઓને નજીકના દવાખાને લઈ જવામાં આવ્યા. જ્યાં તેમની સારવાર થઈ.

આ ઘટનાની જાણ ઈમ્ફાલના દૈનિક પત્રો અને સ્થાનિક ચેનલોના મીડીયામેનોને થતાં બ્રેનસેનની બહાદુરીનાં ખુબ જ વખાણ થયા. બધાં કહેતા હતા કે ભાઈ હોય તો આવો.

માત્ર દશ વર્ષની ઉંમરના એમ બ્રેનસેનનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યું ત્યારે બ્રેનસેને પહેલી વાર દેશના રાજધાની દિલ્હી જોવાનો મોકો મળ્યો.. પોતાના પુત્રને વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં જે માન સન્માન મળ્યું તે જોઈ બ્રેનસેનના માતા પિતાની આંખોમાં હર્ષનાં આંસુ છલકાઈ આવ્યો.

**નટવર હેડાઉ**

# હવેકંગના રાણાવતની ફિલ્મ ક્વીન ૪ ભાષામાં બનાવાશે

બોલિવુડમાં ક્વીન તરીકે જાણીતી કંગના રાણાવતની ફિલ્મને ચાર ભાષામાં બનાવવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ કંગના રાણાવતની ફિલ્મ ક્વીન તેલુગુ અને મલયાલમ તેમજ કન્નડ અને તમિળ ભાષામાં બનાવવામાં આવનાર છે. એકબાજુ કંગનાની ફિલ્મ ક્વીનના તેલુગુ અને મલયાલમ રિમેકમાં તેની મિત્ર વિજય લક્ષ્મી રોલના રોલમાં અભિનેત્રી અને હોસ્ટ શિબાની દાંડેકર ભૂમિકા કરનાર છે. વિકાસ બહેલની આ ડ્રામા કોમેડી ફિલ્મમાં આ રોલ લિસા હેડન અદા કર્યો હતો. કંગનાની ફિલ્મ જુદી જુદા ભાષામાં બનાવવા માટેનો નિર્ણય કરવામા આવ્યો છે. ભારતની ચાર પ્રમુખ ભાષામાં ફિલ્મને લઈને તમામ તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. પહેલા ચારેય વર્જનમાં એમી જેક્સન વિજયલક્ષ્મીની ભૂમિકા અદા કરનાર હતી. જો કે તેની પાસે ડેટ્સ ન હોવાના કારણે તેને પ્રોજેક્ટમાંથી દુર થવાની ફરજ પડી છે. ફિલ્મની તમિળ અને કન્નડ રીમેકમાં હવે અલી અવરામ નજરે પડનાર છે. અલી અવરામ મિકી વાયરસથી બોલિવુડ ફિલ્મોમાં પ્રવેશી હતી. તે પોસ્ટર બોયમાં આઈટમ સોંગમાં પણ નજરે પડી હતી. અલી અવરામ કપિલ શર્માની ફિલ્મ કિસ કિસ કો પ્યાર કરુમાં નજરે પડી હતી. તે સ્વીડનની અભિનેત્રી છે. ફિલ્મના નિર્માતા ફિલ્મના પ્રથમ ભાગને તમન્ના ભાટિયા, કાજલ અગ્રવાલ, મંજિમા મોહન અને પારૂલ યાદવની સાથે ફ્રાન્સમાં શરૂ કરશે.

આ ચારેય અભિનેત્રી ચાર ભાષામાં બની રહેલી ફિલ્મમાં લીડ રોલ એટલે કે કંગનાના રોલમાં નજરે પડનાર છે. દેશ વિદેશમાં ફિલ્મના શુટિંગને કરવામાં આવનાર છે. ક્વીનમાં કંગનાએ યાદગાર ભૂમિકા અદા કરી હતી. જે સુપરહિટ સાબિત થઈ હતી. જેમાં તે સ્થાનિક યુવતિના રોલમાં દેખાઈ હતી. જેના લગ્ન અચાનક રદ થઈ જાય છે.

# કાશ્મીર સહિત દેશભરમાં ત્રાસવાદના કારણે પર્યટન ઉદ્યોગનો પડતો કરોડોનો ફટકો

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદને કારણે પર્યટન ઉદ્યોગને ભારે ફટકો પડયો છે ત્યારે હવે ત્રાસવાદીઓનો ડોળો ગુજરાતના, યાત્રાધામો પર પડે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. ગુજરાત અને મહારાષ્ટ્રમાં બાંગ્લાદેશી નાગરિકો અને પાકિસ્તાની નાગરિકોની વિશેષ પ્રમાણમાં હેરાફેરી જોવા મળે છે. ગુજરાતમાં ઓખા બંદરેથી ગત વર્ષે પંદર પાકિસ્તાની નાગરિકો ઝડપાયા હતા. દરિયાઈ માર્ગેથી આવતા આ લોકોને કોણ પ્રોત્સાહન પુરૂં પાડતું હશે તે એક તપાસનો વિષય કહી શકાય.

વર્તમાન સંજોગોમાં દેશમાં પર્યટન ઉદ્યોગથી પ્રત્યેક રાજયમાં નાના મોટા ધંધાઓ ખીલી ઉઠયા છે. જેમ જમ્મુ કાશ્મીરમાં જોવાલાયક સ્થળો પર વિદેશીઓની ભારે ભીડ રહે છે. તે રીતે ગુજરાતમાં યાત્રાધામોના સ્થળો પર સહેલગાહે નિકળતાં યાત્રીકોથી પ્રત્યેક ધંધાનો વિકાસ થયો છે. પર્યટન ઉદ્યોગ દ્વારા બહારથી આવતા લોકોને તમામ પ્રકારની સુવિધા અને તેમની તમામ જરૂરીયાતો પૂર્ણ કરવામાં આવે છે છતાં દેશના ઘણા ખરા રાજયોમાં યાત્રાધામ સ્થળો પર કેટલીક અવ્યવસ્થાના કારણે બહારથી આવતા લોકોની અવર જવરમાં પહેલા જેવી ઝલક દેખાતી નથી.

દેશના પ્રત્યેક યાત્રાધામોમાં સરકાર દ્વારા ઓછા દરે યાત્રિકો કે પર્યટકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવે તો સરકારને સારી એવી કમાણી મળી રહે. વર્તમાન સંજોગોમાં જોવા જઈએ, યાત્રાધામોમાં ચાલતા ગેસ્ટહાઉસોની અંદર રહેવા માટેની સગવડ હોય છે પરંતુ અતિશય ભાડુ લેવામાં આવતા સામાન્ય મધ્યમ વર્ગના લોકોને મોંઘાદાટ ગેસ્ટહાઉસોમાં રહેવું અશકય બને છે. વળી કેટલીક માત્રામાં સ્થળો પર ગુન્હાખોરી વધવા લાગી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ગુજરાતમાં કોઈ છમકલું કરેતે પહેલાં હવાઈ અને દરિયાઈ માર્ગે લોખંડી બંદોબસ્ત જરૂરી**

# અજબ અનોખી સ્પર્ધાઓ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

આજનો યુગ પ્રતિયોગિતાનો યુગ છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં હરીફાઈ પ્રતિયોગીતા જ જોવા મળે છે પરંતુ આપણે કેટલીક એવી પ્રતિયોગીતાના વિષયમાં જાણીશું કે જેના વિષયમાં તમે કયારે પણ કલ્પના નહીં કરી હોય.

સ્વીડનમાં પથ્થર ફેંકવાની હરીફાઈનું આયોજન પ્રતિ વર્ષ સપ્ટેમ્બર મહીનામાં કરવામાં આવે છે. આ પ્રતિયોગીતામાં પ્રયોગ કરવામાં આવતા પથ્થરો કોઈ સામાન્ય પથ્થર નથી હોતા પરંતુ વજનમાં ભારેખમ પથ્થરો હોય છે. આ પ્રતિયોગીતામાં જે પણ વિજયી થાય છે તેને રોકડ રકમની સાથે એ જે યુવતીને પ્રેમ કરતો હોય છે તેની સાથે તેના લગ્ન કરાવી આપવામાં આવે છે.

કેનેડામાં દર વરસે વધુમાં વધુ ચીસો પાડવાની એક અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવાને માટે વિશ્વમાંથી લોકો આવે છે. એમાં સ્ત્રીઓ અને પુરૂષો પણ સાથે ભાગ લઈ શકે છે. જે સૌથી વધુ ઉંચા સ્વરમાં વધુ સમય સુધી ચીસ પાડે છે એને બે લાખ ડોલરનું રોકડ ઈનામ પ્રાપ્ત થાય છે. આ પ્રતિયોગીતામાં સૌથી વધુ ચીસો પાડવાનો શ્રેય ફીવે નામના યુવાનને જાય છે. એણે ૧૯૩૯ થી ૧૯૬૩ સુધી સતત જીવતો રહ્યો હતો.

બ્રિટનમાં માન્ચેસ્ટરમાં પ્રતિ વર્ષ દેડકાંની જેમ ઉછળકુદ કરીને સો મીટરનું અંતર કાપવું પડે છે. એમાં વિજેતા થનારને ૪૫૦ ડોલરનું ઈનામ આપવામાં આવે છે. આ સ્પર્ધામાં યુવક યુવતીઓની સાથે નાના મોટા સૌ કોઈ ભાગ લઈ શકે છે. આ સ્પર્ધામાં ભાગ લેવાને માટે લોકો દુર દુરથી આવે છે.

નેધરલેન્ડમાં દર વરસે પાણીના વહેણમાં કુદવાની અદ્‌ભૂત અને સાહસિક સ્પર્ધા યોજાય છે. આ સ્પર્ધામાં સ્પર્ધકે ૫૦૦ ફૂટની ઉંચાઈ પરથી ત્રણ કી.મી.ની લંબાઈ ધરાવતી નદીમાં તરીને પસાર કરવાની હોય છે. આ સ્પર્ધામાં ડેવીડ નામના યુવકના નામે વિશ્વ રેકોર્ડ નોંધાયેલો છે.

અમેરીકામાં કાગળમાંથી બનાવેલા વિમાનને ઉડાડવાની એક મનોરંજક સ્પર્ધા પ્રતિ વર્ષે યોજાય છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિની ઉંમર માત્ર ૧૦ વરસ સુધીની રાખવામાં આવે છે. કાગળમાંથી બનાવેલ વિમાનને એક વિશેષ સ્થાન પર ઉભા રહીને ઉડાડવું પડે છે. નીચે મેદાનમાં એક સ્થળે એક મોટર ઉભી હોય છે. જે સ્પર્ધકનું કાગળનું બનેલ વિમાન એ મીટર પર પડે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

## નમાં જગદંબાના...

પાના નં .૧ ચાલુ

ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા. સાથે ચાચરચોક માં ગરબા રમતી યુવતી ઓ ને પણ મળ્યાં હતા અને પછી પોતાના રાત્રી રોકાણ નાં સ્થળ સર્કીટ હાઉસ ખાતે જવા રવાનાં થયા હતા. જોકે મહત્વ ની બાબત તો આજે રાહુલગાંધી ની મુલાકાત દરમીયાન એ જોવા મળી હતી કે જનરલ વી.આઇ.પી અને વી.વીઆઇ.પી નેતાઓ ગેટ નંબર-૭ અને ગેટ નંબર-૫ ખાતે થી પ્રવેશ કરતાં હોય છે. પણ રાહુલ ગાંધી એવાં પ્રથમ રાષ્ટ્રીય નેતા હતા કે જેઓ રોજીંદી અવર-જવર કરતાં એવાં મંદિર નાં મુખ્ય દ્વારા શક્તિદ્વારા થી પ્રવેશી માતાજીનાં દર્શનાર્થે પહોંચ્યા હતા.

## કોંગ્રેસે કલમ-૩૧...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અમે ૪૯ ટકામાં કોઇ ફેરફાર કરવા માંગતા નથી. આર્થિક રીતે પછાત લોકો માટે બંધારણ અંતર્ગત નવો કવોટા લાવવા અમે તૈયાર છીએ. અમે આ બાબત માટે ટુંક સમયની અંદર પાસના નેતાઓને મળશુ.

કોંગ્રેસના સુત્રો જણાવે છે કે, હાલ અનામતની સિસ્ટમ કલમ-૧૫ (૪) અને ૧૬ (૪) હેઠળ છે પણ અમે જે સુચવ્યુ છે તે અલગ છે. પાસના નેતાઓએ અમારી દરખાસ્ત અંગે સંતોષ વ્યકત કર્યો છે પરંતુ તેઓએ કહ્યુ છે કે કોઇ અંતિમ નિર્ણય લેતા પહેલા અમે અમારા સમુદાયના લોકો, કાનૂની નિષ્ણાંતો અને હાર્દિક પટેલને વિશ્વાસમાં લેશુ. દરયિમાન નાયબ મુખ્યમંત્રી પટેલે જણાવ્યુ છે કે, રાતના ૩ વાગ્યા સુધી પાસ અને કોંગ્રેસે કપિલ સિબ્બલ સાથે ચર્ચા કરી તેની વિગતો શા માટે જાહેર કરાતી નથી. અનામત અંગે તેઓએ પાટીદાર અને ઓબીસી સમુદાયને જણાવવુ જોઇએ.

## ગુજરાતનું પ્રતિનિધિત્વ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ભાજપના જ પૂર્વમંત્રી યશવંત સિંહાએ જે કહ્યું છે તે યોગ્ય જ કહ્યું છે કે જી.એસ.ટી.ના અમલમાં નાણામંત્રી અરુણ જેટલું પોતાના મગજનો ઉપયોગ કર્યો જ નથી. અણઘડ, ઉતાવળિયો અને ભારતના ઈતિહાસમાં રાતોરાત અમર થઇ જવાના રાજકીય અભરખા માટે અડધી રાતે સંસદના દરવાજા ખોલાવીને જાણે કે ભારતને આઝાદી અપાવતા હોય તેમ જી.એસ.ટી.નું અમલ કરીને કેન્દ્ર સરકારે દેશના અર્થતંત્રની ઘોર ખોદી નાંખી છે. નોટબંધી અને ત્યારબાદ જી.એસ.ટી. ને કારણે દેશ આખાને પારાવાર મુશ્કેલીઓમાં મુકવાનું કામ ભાજપ સરકારે કર્યું છે ત્યારે ગુજરાતના શાણા અને સમજુ મતદારો ચુંટણીમાં ભાજપને બરાબરનો પાઠ ભણાવશે. જે ૧૭૭ ચીજ-વસ્તુઓ ૨૮ ટકામાં હતી અને ૪ મહિના સુધી દેશના લોકોએ તેના પર ઉંચો ટેક્સ ચૂકવ્યો છે તેનું શું? શું લોકોને તફાવતના ૧૦ ટકાનું વળતર મળશે? જનવિકલ્પ પાર્ટીની માંગ છે કે ૪ મહિના સુધી ૧૭૭ ચીજ-વસ્તુઓ પર જે બીલો ફાટ્યા છે અને સરકારને આવક થઇ તે પ્રજાને પાછી મળે. એક રીપોર્ટ મુજબ ૧૭૭ ચીજ વસ્તુઓને ૨૮ ટકા માંથી ૧૮ ટકા માં મુકવાથી સરકારને ૨૦ હજાર કરોડ ઓછા મળશે તેનો મતલબ એ થયો કે પ્રજાએ ૪ મહિના સુધી ૨૦ હજાર કરોડ ટેક્સ પેટે સરકારને ચૂકવ્યા છે તેનું વળતર પ્રજાને-ગ્રાહકોને અને વેપારી આલમને મળવું જોઈએ. સામાન્ય પ્રજા પર ૨૦ હજાર કરોડનો બિનજરૂરી આર્થિક બોજો લાદનાર નાણામંત્રી અરુણ જેટલી કે જેઓ રાજ્ય સભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે ગુજરાતના મતદારો તેમને માફ નહિ કરે. જનવિકલ્પ પાર્ટી ગુજરાતને પ્રજા વતી માંગ કરે છે કે ૪ મહિના ગુજરાતની પ્રજા પર કરોડોનો બીનજરૂરી બોજ લાદવા બદલ જેટલી મતદારોની માફી માંગે નહીતર તેમનો વિરોધ કરવામાં આવશે. લોલીપોપ આપવા માટે જાણીતી સરકારે જી.એસ.ટી. માં વધુ એક લોલીપોપ આપી છે પણ ગુજરાતની પ્રજા હવે ભાજપથી છેતરાય તેમ નથી.

## પાટીદાર સહીત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અમે પ્રજાને - પાટીદારોને ભ્રમમાં રાખવા માગતા નથી. એસ.ટી.-એસ.સી. અને ઓ.બી.સી. માં વધારો કરવો હોય તો બંધારણમાં સુધારો કરવો અનિવાર્ય છે અને તેમાં સુપ્રીમ કોર્ટ ક્યાય આડે આવતી નથી કેમ કે બંધારણમાં સુધારો થશે તો સુપ્રીમકોર્ટ તેમાં બિટવીન ધી લાઈન વાંચશે. તેમાં અંતરાય રૂપ નહિ બને. અમારી સરકાર સવર્ણ સમાજને ૨૫ ટકા અનામતની સાથે ઓ.બી.સી. માં જે અતિ પછાત વર્ગો છે જેમ કે કોળી, ઠાકોર, બજાણીયા, મદારી વગેરે. તેમના માટે ઓ.બી.સી. ના ૨૭ ટકા માંથી અલગથી ૧૦ ટકા અનામત આપવામાં આવશે. આ અતિ પછાત વર્ગની જ્ઞાતિઓ ઓ.બી.સી. માં છે અને ઓ.બી.સી. ના કોટામાંથી જ તેમને અલગથી ૧૦ ટકા અનામત અપાશે જેથી આ અતિ પછાત વર્ગની જ્ઞાતિઓ અલગથી ૧૦ ટકાના અનામતનો લાભ મેળવીને સામાજિક અને આર્થિક રીતે આગળ આવીને સમાજની મુખ્ય ધારામાં ભળી શકશે. શંકરસિંહ વાઘેલાની આ અડધા કલાકની મુલાકાત વેબસાઇટ દ્વારા ફેસબુકમાં લાઈવ પણ કરાઈ હતી.

## અમિતભાઈ શાહ...

પાના નં .૮ ચાલુ

જે પડકાર ઝીલીને અમિતભાઈ શાહ અને મોવડી મંડળ ડીસામાં ભાજપના ઉમેદવાર તરીકે અજોડ નિષ્ઠાવાન તરીકે કાર્યકરની પસંદગી કરશે. તો ડીસાની પ્રજા સ્પિરટી ટીમ સામૂહિક જોમ જુસ્સાથી જીતાડશે તેવો માહોલ ડીસા શહેર તાલુકામાં સર્વત્ર સર્જાયો છે.

સોનામાં સુંગંધ ભળે તેમ શશીકાંતભાઈને ગુજરાત શ્રમજીવી કલ્યાણ બોર્ડનું ડીરેકટર પદ મળ્યુ. આ બોર્ડ સતત જરૂરીયાત છતાં, સુષુપ્ત હતું શશીકાંતભાઈ જેવા જેન વિમાનની ગતિશિલતા વાળા અનેક નવિન ડીરેકટરો મળ્યાં. વિનમ્રતા અને વિવેક સાથે બોર્ડની બેઠકમાં અનેકવિધ સુધારાઓ ગરીબોના હિત માટે કરાયા આ બોર્ડને ડીસા તેમજ ગુજરાતમાં જેટ વિમાનની ગતિએ કાર્યરત કરાયું છે. બોર્ડમાં ભંડોળ અનેક રીતે વધ્યું. ગરીબોના ઘર સુધી સેવાની ગંગા પહોચાડી છે.

ડીસામાં ૧૯૯૫ માં ભાજપે પ્રથમવાર ધારાસભામાં જે વિજય મેળવ્યો એ કોઈ વ્યક્તિનો નહી, હિન્દુત્વના બીજમાંથી વટવૃક્ષ ઉગે એવી વેદનાભરી વિકાસયાત્રા હતી. ૧૯૮૯ થી ૧૯૯૩ સુધી રામ મંદિર માટે રામશીલા પુજન, રામ જયોતિરથ અયોધ્યા કારસેવા દરમ્યાન ડીસામાં તે સમયના શાસકો દ્વારા હિન્દુ પ્રજા પ્રત્યે કિન્નાખોરી પરેશાની, પૂર્વગ્રહ અને પીડાઓનો વરસાદ વરસ્યો હતો.

આ પીડાઓને તે સમયે ભાજપના યુવાનોના સાહસિક સેનાપતિ તરીકે શશીકાંતભાઈએ વડીલોના માર્ગદર્શન, સૌનો સહયોગ અને યુવાનોની ખુમારીથી એવો પ્રચંડ પ્રતીકાર કર્યો કે બે બે મહિના કરફયું દરમ્યાન દૂધ, શાકભાજી, અનાજ માટે યાતના વેઠનારી ડીસાની પ્રજાએ ૧૯૯૫ માં ભાજપને પ્રચંડ બહુમતિથી વિજય અપાવીને ઈતિહાસ સર્જયો હતો. પરંતુ તે માટે શશીકાંતભાઈ તેમજ કેટલાંય હિન્દુ યુવાનોએ જેલની યાતનાઓ વેઠી હતી.શંશી-કાંતભાઈ જેવા અનેક નિષ્ઠાવાન કાર્યકરોની મહેનત રંગ લાવી અને ડીસા ભાજપમાં ટર્નિંગ પોઈન્ટ (વળાંક) આવ્યો. શંશીકાંતભાઈ બહુ થોડું બોલે છે પરંતુ એક શબ્દે સતર ગરણે ગળીને બોલે છે. અને તે પણ ઢીલું ઢીલું નહી પરંતુ અગ્નિ જેવી ચેતના પ્રગટે તેવું બોલે છે. નવસો કરોડનું ભંડોળ ધરાવતું શ્રમજીવી કલ્યાણ બોર્ડ ચાર આં-કડામાં પહોચ્યું. શ્રમજીવી કલ્યાણ બોર્ડમાં શ્રમિકોની નોંધણી માટે કોન્ટ્રકટરોની મંજૂરીની લાચારી બંધ થઈ. આ બધાં સુધારા કરાવીને શંશીકાતભાઈને ફાયર બ્રાન્ડ નેતા શબ્દ એટલે નેગેટીવ નહી પરંતુ પોઝીટીવ થિન્કીંગનો પાવર શબ્દને પુરવાર કરી બતાવ્યો છે.

## પટેલ - ચૌધરી મતદારોની...

પાના નં .૮ ચાલુ

મતદારોને કોને મત આપવો તે સમજાવું પડતું નથી.આ બેઠકમાં જાતિવાદ મુજબ જોઈએ તો ક્ષત્રિય ૫૫૦૦૦ હજાર પટેલ-ચૌધરી ૪૦૦૦૦ હજાર, રબારી ૨૪૦૦૦ હજાર, મુસ્લિમ ૬૦૦૦ હજાર, દલિત ૨૨૦૦૦ હજાર આદિવાસી ૧૫૦૦૦ હજાર અને ઇતરકોમના કુલ ૬૨,૦૦૦ મતદારો છે.ધાનેરા બેઠક ૨૦૧૨માં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસે કબ્જે કરી હતી.ત્યારે આ વખતે જયારે આંદોલનો, મોઘવારી, નોટબંધી,ભ્રષ્ટાચાર સહિતના મુદ્દા મો વકાશીને ઉભા છે.ત્યારે ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને ભર શિયાળામાં મતદારો પરસેવો લાવી દે તેવુ હાલના તબકકે જણાઈ રહ્યું છે. ધાનેરા બેઠકમાં સત્તાવાર નોંધાયેલા ૨,૨૪,૪૬૮ મતદારો પેકી ક્ષત્રિય મતદારો ૫૫૦૦૦ હજાર હોવાના કારણે પ્રભુત્વ વધ્યું છે.પટેલ-ચૌધરી મતદારોની વાત કરીએ તો ધાનેરા બેઠકમાં ૪૦,૦૦૦ હજાર મતદારો છે.પરંતુ તેઓની મતદાન વિચારધારા ભૂતકાળની જેમ ઉમેદવારના ચહેરા પરથી નક્કી થાય છે.ધાનેરા બેઠકમાં દલિત અને આદિવાસીનો ઝુકાવ પસંદગી ઉમેદવાર તરફી જ રહ્યો છે.જેના કારણે ભાજપ અને કોંગ્રેસ પાર્ટી ઉમેદવારોની પસંદગીમાં રાહ જોવાની નીતિ અપનાવી રહી છે

## ડીસા મંડાર...

પાના નં .૮ ચાલુ

એ.ટી. પંચોલી સ્ટાફના માણસો સાથે શનિવારે ડીસા હાઈવે પર કુચાવાડા ગામ નજીક પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન વિદેશી દારૂ ભરીને એક જીપડાલુ આવવાનું હોવાની બાતમી મળતા પોલીસે કુચાવાડા નજીક નાકાબંધી ગોઠવી હતી. જે દરમ્યાન કુચાવાડા તરફથી જીપડાલા નંબર જીજે૦૮ ઇ ૩૮૧૨ આવતા પોલીસે તેને રોકવાની કોશિશ કરતા જીપડાલું મૂકી ત્રણ શખ્સો નાસી છૂટયા હતા. પોલીસે તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની ક્વાર્ટર બોટલ નંગ ની ૬૭ પેટી કુલ નંગ ૩૬૧૬. કિંમત રૂ ૩૬૧૬૦૦ અને જીપડાલાની કિંમત રૂ ૨.૫૦ લાખ મળી કુલ રૂ ૬ ૧૧૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે જીપડાલામાં થી નાસી છટેલ શખ્સ જહુભા બાદસંગ રાઠોડ રહે, જેરડા અને અશોક સોની રહે. ભાચલવા તેમજ અન્ય એક શખ્સ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામાં આજે...

પાના નં .૮ ચાલુ

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો તેમના કાર્યક્રમો સફળ બનાવવા માટે અત્યારથી કામે લાગી ગયા છે. અને વધુમાં વધુ લોકો સભામાં આવે તે માટે તૈયારીઓ કરી રહ્યા છે. આવતીકાલે એક સાથે બે દિગ્ગજ નેતાઓ એક જ દિવસે આવવાના હોઈ તે ને અનુલક્ષીને પોલીસ દ્વારા પણ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જિલ્લા પોલીસ વડા સહિત ઉચ્ચ અધિકારીઓએ શનિવારે બન્ને સભા સ્થળ ની રૂબરૂ મુલાકાત લઈ સુરક્ષા ની જાત નિરીક્ષણ કર્યું હતું .જિલ્લા પોલીસ વડા નિરાજકુમાર બડગુજરે જણાવ્યું હતું કે,કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે સુરક્ષા માટે ૧૫૦૦ થી પણ વધુ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

## ભીલડી પંથકમાં...

પાના નં .૮ ચાલુ

સાંડીયા વગેરે ગામોમાં દશ કલાકને બદલે માત્ર આઠ કલાક જ ખેત વપરાશ માટેની વિજ પુરવઠો અપાતા ખેડુતો પુરતા પ્રમાણમાં વાવેતર કરી શકે તેમ નથી. આ બાબતે ભીલડી યુજીવીસીએલના ડે. એન્જિયનર ડાભીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે કંસારીથી અપાતો વિજ પુરવઠો ૬૬ કે.વી. સબસેન્ટર જેવા કે લોરવાડા, ભીલડી તેમજ બલોધર વગેરે સબ સ્ટેશનોમાં ઓવરલોડ થવાને કારણે વિજ પુરવઠો દશ કલાક આપી શકાતો નથી. એકબાજુ સરકાર દશ કલાક વીજ પુરવઠો આપવાની વાત કરે છે. પરંતુ પુરવઠો ન મળતા ખેડુત આલમમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. આ અંગે ઘટતુ કરી કંસારી સ્ટેશનમાંથી પૂરતી વિજ પુરવઠો પુરો પાડી ભીલડી પંથકના ખેડુતોને દશ કલાક વિજ પુરવઠો પુરો પાડવામાં આવે તેવી ખેડુત આલમની માંગ છે.

## ભાભરમાંથી...

પાના નં .૮ ચાલુ

આધારે ભાભરજુના વિસ્તારમાં જાહેરમાં વરલી - મટકાનો હાર - જીતનો જુગાર ઉપર ત્રાટકતા જુગાર રમી રહેલા ૧૩ ઈસમો વરલી મટકાનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ ઉપરથી રોકડ રૂા.૩૯,૨૮૦ મોબાઈલ નંગ - ૧૨ કિ.રૂા.૧૨૫૦૦ તથા મો.સા.નંગ - ૧ કિ.રૂા.૩૫૦૦૦ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂા.૮૭૯૮૦ નો મુદ્દામાલ કબજે લઈ ૧૩ ઈસમોને ભાભર પોલીસ મથકે લઈ જઈ તમામ સામે ગુનો નોંધાવેલ છે. ભાભરમાંથી મોટી સંખ્યામાં વરલી - મટકાનો જુગાર ઝડપાતા જુગારીયા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે. ઝડપાએલ જુગારીયોમાં પ્રવિણભાઈ ઉર્ફે પવો ગોપાલભાઈ ઠક્કર, રહે.ભાભર જુના, ભગાભાઈ પચાણભાઈ પટેલ રહે.જોરાવરગઢ તા.સુઈગામ, કનુભાઈ ડાયાભાઈ ઠક્કર, રહે.ભાભરજુના, નટવરભાઈ વાલજીભાઈ સોની રહે. ખાડીયા વિસ્તાર ભાભર જીલુભા હાઉભા રાઠોડ રહે. ભાભરજુના, મનુભા હિરૂભા રાઠોડ રહે. ભાભરજુના, અનવરભાઈ અભેરામભાઈ ઘાંચી ઉ.વ.૩૬, રહે.ખાડીયા વિસ્તાર ભાભર, ઈમામભાઈ હુસેનભાઈ કુંભાર (મુસ્લા) રહે.રૂની તા.ભાભર, પોપટજી ધુડાજી ઠાકોર રહે.ઓગડપુરા તા.દિયોદર, પીલુભા વદનસિંહ રાઠોડ રહે. ભાભરજુના, ચકાભાઈ હમીરભાઈ ઠાકોર, રહે. લાડુલા, તા.ભાભર, બાબુભા કાનજી રાઠોડ રહે.ભાભરજુના હાઉભા મણાજી રાઠોડ, રહે.ભાભર જુનાનો સમાવેશ થાય છે.

## ડીસાના ઘનકચરાના...

પાના નં .૮ ચાલુ

ઢોર અને મેડિકલ વેસ્ટ પણ નાખવામાં આવતા ભયંકર દુર્ગંધ ફેલાતા વારંવાર રોગચાળો ફેલાય છે અને લોકો ચામડીના રોગનો ભોગ બને છે. સરકાર દ્વારા ૧૦ એકર જમીન ઘન કચરાના નિકાલ માટે ફાળવી હોવા છતાં આ જમીન માત્ર ડંપિંગ સાઈટ બની ગઈ છે.અહીં ડીસા પાલિકા દ્વારા ઘનકચરા નિકાળનો કોઈ પ્લાંટ કે મશીનરી લગાવાઈ નથી અને કચરાનો નિકાલ થવાને બદલે સળગાવાઈ દેવાતા ધુમાડો થતા સમગ્ર વિસ્તાર માં ભયંકર પ્રદુષણ ફેલાય છે અને ધુમાડાથી હાઈવે પર જોઈ પણ શકાતું ન હોઈ રાત્રીના સમયે અનેકવાર અકસ્માતો પણ થાય છે જેમાં કેટલાય લોકોએ જાન ગુમાવ્યા છે. આ કચરાના નિકાલ માટે તંત્ર ને ડીસા થી ગાંધીનગર સુધી રજુઆત કરી હોવા છતાં હજુ સુધી કોઈજ નિકાલ આવ્યો નથી. જેથી કંટાળેલા લોકોએ આજે ચૂંટણી બહિષ્કારનો નિર્ણય લઈ અને ગામમાં રેલી યોજી લોકોને વોટ નહી આપવા માટે રજુઆત કરાઈ છે. એટલુંજ નહી પરંતુ ગામમાં રાજકીય નેતાઓ આવવું નહી તેવા ૨૦૦ જેટલા બેનરો લગાવી ચૂંટણી નો બહિષ્કાર કર્યો છે.

શનિવારે ગામના યુવા અગ્રણીઓ અસલમ ઘાસુરા, વસીમ ચાવડા, સુરેશ ભાટિયા સહિત ગામના દરેક સમાજના લોકો હાઈવે પર એકત્રિત થયા હતા અને સમગ્ર ગામમાં ૨૦૦થી વધુ જગ્યાએ મતદાન બહિષ્કાર અને નેતાઓના પ્રવેશ પ્રતિબંધ ના બોર્ડ લગાવતા ભારે ચકચાર મચી છે. આ અંગે ગામના યુવા કાર્યકર અસલમ ઘાસુરા એ જણાવ્યું હતું કે, ખરેખર અમે આ મુદ્દે છેલ્લા ૧૦ વર્ષથી લડત ચલાવી રહ્યા છીએ. આ જગ્યા નદી વ્હોળાની હોવા છતાં કલેકટર દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ના નિયમો વિરુદ્ધ માં જગ્યા ફાળવાઈ છે. આ ઉપરાંત ડીસા નગરપાલિકા એ પણ ઘનકચરાના નિકાલનો પ્લાન્ટ બનાવવાની જગ્યાએ માત્ર ને માત્ર ડમ્પિંગ સાઈટ બનાવી દીધી છે. નગરપાલિકા ધન કચરા ની સાથે-સાથે મરેલા ઢોર અને મેડિકલ વેસ્ટ પણ નાખતી હોવાથી ભયંકર રોગચાળો ફેલાવા સાથે ગ્રામજનો ખુબ જ ત્રાસ ભોગવી રહ્યા છે. આ અંગે અમે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને પણ અવારનવાર રજુઆત કરી ચુકયા છે પરંતુ કોઈ પગલા લેવાતા નથી. જેથી ગામના તમામ તમામ સમાજના લોકો એક થઈ ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. જેથી ગામજનોને જાગૃત કરવા ગામમાં ૨૦૦થી વધુ જગ્યાએ મતદાનનો બહિષ્કાર અને કોઇપણ રાજકીય પક્ષના નેતાઓ કાર્યકરો ના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે.

# કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

પણ શું કામ ? મેં પુછ્યું..જ્યારથી પરણીને આવી છું ત્યારથી તળતી આવી છું.. કયાંક પાપડ અને કયાંક ભજીયા કયાંક પુરીઓ.. આ દિવાળી વખતે હું ઝારો ઝાલવાની નથી.. તમારે જ તળવાનું છે.. એણે આદેશ કર્યો.. જાણે દિલ્હીની હાઈકમાન્ડનો..હું મુંઝાયો.. પણ ફટાક કરતાં જવાબ આપી દીધો.. એ બધી બબાલ મને ન ફાવે.. મેં કહ્યું..

બધું જ ફાવશે.. અને તમો નહીં માનો.. શનિવારની સાંજે તો મેં ગાળી પણ રવિવારે સવારે નવ વાગ્યાથી ઝારો ઝાલી મઠીયા, સેવો, સક્કરપારા, પુરીઓ તળવા બેસી ગયો.. જેવા આવડયા એવા તળ્યા પણ સાંભળવા મળ્યું.. આહા..હા.. મારા વહાલા ગેસ આગળ.. ઝારો ઝાલીને બેઠા છો.. એવા વહાલા લાગો છો.. જાણે વિષ્ણુ વિલાસ રેસ્ટોરન્ટનો રસોયો...

દિવાળીમાં પત્ની કહે, અને પતિ ન માને એ કદી બને નહીં..મારો તો આ કિસ્સો છે.

સાડા બાર વાગે ઝારો ઝાલવાની, તળવાની ક્રીયાઓ અંત ભણી હતી ત્યાં કોઈ નબળી ક્ષણે પડોશણ વાટકી ચણાનો લોટ ઉછીનો લેવા આવી અને ઝારો ઝાલેલી મારી મીઠી દશા એની દ્રષ્ટીગોચર થઈ.. બસ ખલ્લાસ.. હું આ દિવાળી બાદ રસોયા વિષ્ણુ નામે ઓળખાયો.. વગોવાયા.. દિવાળી યાદ રહી ગઈ.. પત્નીઓ પણ આજકાલ ખરી છે પોતાના પતિઓ પાસે કેવા કેવા કામો કરાવે છે ?

સરકારે વળી આ દિવાળી ટાણે ફટાકડા ફોડવા પર પ્રતિબ-ંધ મુકી દીધો. વાહ દિવાળીમાં ફટાકડા નહીં ફોડવાના તો શું માટલા ફોડવાના.. કોઈના માથાં ફોડવાનાં મને એ વિષય પર કવિતા સુઝી આવેલી.. પણ લખી ન શકયા.. બાકી આ સરકાર પણ ખરી છે.. દિવાળીમાં ફટાકડા નહીં ફોડવાના ઉતરાયણમાં પતંગ નહીં ચગાવાના.. તુક્કલો નહીં ઉડાડવાની.. હો બીજાને રંગવાનું નહીં, પાણી છાંટવાનું નહીં,અરે એ તો નવરાત્રીમાં રાત્રે બાર વાગ્યા પછી ગરબા બંધ, ઢોલ નગારાં અને લાઈટો બંધનોય આદેશ થયા છે.

આપણા જ દેશમાં આપણા તહેવારોમાં જ આવા પ્રતિબંધો સબુર કરો. આગામી વર્ષોમાં નવા આદેશ આવશે..

ધનતેરસે ધનપુજા કરવાની નથી. જો પુજા કરવાના હોય તો પહેલાં લેખીત પરમીશન લો અને જણાવો કે નાણાં કયાંથી આવ્યા ? એ માટે જરૂરી આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ અને રહેઠાણનો પુરાવો.. આપો.. પછી ધનની પુજા કરો.. કાળી ચૌદશે ચાર રસ્તે દાળવડા મુકવા બંધ કરવાનો આદેશ.. દેશમાં લાખો લોકોને પેટ પુરતું ખાવા મળતું નથી અને તમે ચાર રસ્તે ચાર દાળવડા મુકી અનાજનું ઘોર અપમાન કરો છો.. અરે ભુખ્યા માનવીની તરફ તમારો દ્રષ્ટીકોણ સારો નથી. અને એથીય વધુ તો તમારો કકળાટ જતો નથી.. બારે મહીના કકળાટ, કકળાટ અને કકળાટ.. ઘરમાં પત્નીનો, ઓફિસમાં સાહેબનો, ચાર રસ્તે ટ્રાફિક હવાલદારોનો, પડોશનો પાણી અંગેનો..આ દિવાળી ગઈ પણ આપણે તો ભૈ એના એ....

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

# અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

અથવા તો મોટરની છત પર પડે છે. તો તેને પુરસ્કાર રૂપે એ મોટ-રકાર ઈનામમાં મળે છે.

૧૯૯૭ માં અમેરીકામાં આવેલ ઓરેગન સ્ટેટ વિશ્વ વિદ્યાલયમાં જુઠું બોલવાની એક અજીબો ગરીબ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મુંબઈની એક વ્યક્તિએ 'મહાન ગપ્પીદાસ' નો ખિતાબ મેળવ્યો હતો.

સ્પેનમાં બનયોલ શહેરમાં પ્રતિ વર્ષ 'લાટ મૈટીના' નામની એક સ્પર્ધા યોજાય છે. આ સ્પર્ધામાં લોકો એકબીજા ઉપર લાલ લાલ ટામેટાં ફેંકે છે. સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધો બધાં જ આ સ્પર્ધામાં ભાગ લઈને એક અનેરો આનંદ વ્યકત કરે છે. આખા શહેરની સડકો ટામેટાથી લાલ થઈ જાય છે. આ ઉપરાંત સ્પેનમાં એક અનોખી સ્પર્ધા 'નસકોરા બોલાવવાની' યોજાય છે.

આ સ્પર્ધામાં સ્પર્ધકે ખુલ્લા આકાશની નીચે સુવું પડે છે. આ સ્પર્ધામાં એ જોવામાં આવે છે વ્યક્તિ કેટલી ઝડપથી નિંદ્રાદેવની આગોશમાં સમાઈ જાય છે અને નિર્ધારીત સમયમાં કઈ વ્યક્તિએ કેટલા જોરથી નસકોરા બોલાવ્યા છે. પ્રતિવર્ષ અહીંયા અનેક કુંભકર્ણોના સંગમ થાય છે અને દર વરસે પાછલા વરસનો રેકોર્ડ તુટતો જોવા મળે છે.

ફ્રાન્સની રાજધાની પેરીસમાં દર વરસે મે મહીનામાં એક એવી અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે કે જેમાં ભાગ લેનાર વ્યક્તિના શરીરનું ઓછામાં ઓછું ૯૦ કી.ગ્રા. વજન હોવું જોઈએ. આ ભારેખમ વ્યક્તિઓએ ઝડપી ચાલે દોડીને નિર્ધારીત અંતર અમુક સમયમાં પુરૂં કરવાનું હોય છે. વિજેતા થનાર વ્યક્તિને વિશેષ પુરસ્કારથી સન્માન કરવામાં આવે છે.

અમેરીકામાં દર વરસે રડવાની અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં જે વ્યક્તિ રડીને સૌથી વધુ આંસુ વહેવડાવે છે. તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. આ વિજેતા વ્યક્તિને રોકડ ઈનામ ઉપરાંત એક વિશેષ ટ્રોફી આપીને પુરસ્કૃત કરવામાં આવે છે.ઈટાલીના સોગરવા નગરમાં ૧૯૭૩ માં 'નાકનો રાજા' નામની એક અજીબો ગરીબ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 'એલ્વીની' નામની વ્યક્તિને 'નાકનો રાજા' ઘોષિત કરવામાં આવેલો. આ વ્યક્તિનું નાક અઢી ઈંચ લાંબુ અને બે ઈંચ જેટલું પહોળું હતું.

આજે પણ વિશ્વમાં અનેક એવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં મનોરંજનની સાથે વિશેષ સન્માન પણ પ્રાપ્ત થાય છે..

**કમલેશ કંસારા**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૧૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૬૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૩૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૧૦૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૦૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૪૦-૩૦૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૫૦૦-૬૦૦
ટામેટા ૭૦૦-૮૦૦
ભીંડા ૪૦૦-૭૦૦
કોબી ૪૦૦-૫૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

# દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

વિદેશી દારૂનું વેચાણ પણ થતું હોય છે. યાત્રાધામોમાં દારૂના દુષણને કાયમી માટે બંધ કરવામાં આવે તે જરૂરી છે. જોકે સ્થાનિક સત્તાધીશો અને દારૂના ધંધાર્થીઓની મીલી ભગતના કારણે દારૂના દુષણને બંધ કરાવવું મુશ્કેલ છે. જોકે કાશી, મથુરા, શ્રીનાથજી અને હરદ્વારમાં તેમજ વિરપુરમાં મુખ્ય મંદિર ટ્રસ્ટ દ્વારા જે ધર્મશાળાઓનું નિર્માણ થયું છે ત્યાં રહેવાની સારામાં સારી સુવિધા હોવાથી સામાન્ય લોકોને રાહત થાય છે. હરદ્વારમાં ૫૦૦ થી વધુ મંદિરો આવેલા છે અને તેમાંય કચ્છી દાનવીરો દ્વારા મંદિર ટ્રસ્ટને બનાવવામાં આવેલી ધર્મશાળાઓમાં તો વિનામૂલ્યે રહેવાની સગવડ મળે છે. એક અઠવાડીયું કોઈ પરિવારને ત્યાં રહેવું હોય તો આરામથી રહી શકે છે અને ત્યાંથી નીકળતી વખતે ઈચ્છા પ્રમાણે ત્યાંની દાનપેટીમાં રૂપિયા નાંખી શકે છે. ત્યાં કેટલાક મંદિર ટ્રસ્ટીઓ દ્વારા વાહનની પણ સગવડતા કરી આપવામાં આવે છે.

જોકે ગુજરાતમાં યાત્રાધામોના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે પરંતુ તે ગ્રાન્ટોનો કયાં કેટલો ઉપયોગ કરવામાં આવ્યો તે બાબતે સરકારે તપાસ ચલાવરાવવી જોઈએ. સામાન્ય લોકોને ઓછા દરે ભાડામાં રાહતની વ્યવસ્થા કરવામાં આવે તો પર્યટન ઉદ્યોગથી સરકારને સારી એવી આવક થઈ શકી તેમ છે. ઉત્તરાખંડમાં ગત વર્ષે ભારે વરસાદના પરિણામે સંખ્યાબંધ યાત્રિકોને સહન કરવું પડયું હતું. જમીન ધસી પડવાના બનાવોમાં ગુજરાતના ૧૩ જણા દટાઈ મર્યા હતા. જોકે સરકારે મૃતકોને ત્વરીત સહાયની વ્યવસ્થા કરી આપી હતી. વર્તમાન સંજોગોમાં તમીલનાડુ અને કર્ણાટકમાં નવા પર્યટન સબ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. ત્યાંથી યાત્રિકોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.ગત વર્ષે કર્ણાટક સરકારને પર્યટન ઉદ્યોગથી તેર કરોડનો ફાયદો થયો હતો. સ્પે.ટ્રેનો બને, એર વિમાનની સેવા પુનઃ નવેસરથી શરૂ કરવામાં આવી છે. તેનાથી યાત્રીકોને તમામ પ્રકારની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. દેશના યાત્રાધામોમાં જે સંવેદનશીલ વિસ્તારો છે ત્યાં સુરક્ષા વ્યવસ્થા માટે સરકારે રૂા.૫૦ કરોડનું ભંડોળ મંજુર કરેલ છે. ગુજરાતમાં જે યાત્રાધામોનો વિકાસ કરવાનો છે તે માટે નવેસરથી યાદી તૈયાર કરવામાં આવી છે.તેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતનું પ્રભુત્વ જળવાઈ રહે તે માટે અગાઉથી ૪ થી ૫ યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટો મંજુર થઈ ચુકી છે. ખાસ કરીને અંબાજી (બનાસકાંઠા), બહુચરાજી માતાનું મંદિર (બહુચરાજી) અને પાટણમાં શ્રી સિદ્ધનાથ મહાદેવનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખુબ જ વિશાળ જડયો હોવાથી નવા ચાર મંદીરોનું નિર્માણ થશે તો મંદીર ટ્રસ્ટને સારી આવક થઈ રહેશે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

નામ :પ્રિન્સ માતાઃ વનીતાબેન પિતા : સુંઢીયા મહેશકુમાર
જ.તા.:૧૨-૧૧-૨૦૦૫ વર્ષ :૧૨ મુ.માહી તા.વડગામ

## 'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

## જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચયઃ ............................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : .............................................

## રાધનપુર તાલુકાના કામલપુર ગામે નર્મદા મૈયાના વધામણાં


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના કામલપુર ગામે પધારેલા નર્મદા મૈયાના વધામણાં પ્રસંગે ઉપસ્થિત ગામના અગ્રણી અને ચૌધરી સમાજના પ્રમુખ ગણેશભાઈ ચૌધરી, સરપંચ ભૂપતજી ઠાકોર, ઉપસરપંચ શંકરભાઈ ,ચેહરભાઈ, નેમાભાઈ , દઝાભાઈ ચૌધરી ગામના અગ્રણી અને ગ્રામજનો જોડાયા હતા, નર્મદા મૈયાના આગમનથી જગતના તાત ખેડુત માટે હરખની હેલી ઉમટી હોય તેવું વાતાવરણ જોવા મળ્યું હતું, અને સમગ્ર વાતાવરણ નર્મદા મૈયાના ગગનભેદી જયકાર થી ગુંજી ઉઠ્યું હતું.

## હિંમતનગરમાં રાહુલ ગાંધીનો વિરોધ, લાગ્યા મોદી-મોદીના નારા

(જી.એન.એસ) હિંમતનગર,

રાહુલ ગાંધીનો કાફલો હિંમતનગર પહોંચી ગયો છે. જ્યાં રાહુલ ગાંધીએ સભા સંબોધી હતી. જેમાં તેમણે મોદી પર જય શાહ, જીએસટી અને નોટબંધીને લઈને પ્રહારો કર્યા હતા, બીજી તરફ હિંમતનગરમાં રાહુલ ગાંધીનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. રાહુલનો કાફલો જ્યારે હિંમતનગરમાં પહોંચ્યો ત્યારે ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો હતો અને મોદી-મોદીના સૂત્રો પોકાર્યા હતા.

## અયોધ્યામાં રામ મંદિર હજુ કેમ બન્યું નથી? : પરેશ ધાનાણી

(જી.એન.એસ) પ્રાંતિજ

બીજી તરફ પરેશ ધાનાણીએ પણ પ્રાંતિજની જાહેર સભામાં મહત્વનું નિવેદન આપ્યું છે. પરેશ ધાનાણીએ સભામાં ભાજપ પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, ભાજપનું ૪૦ મહિનાનું શાસન થયું છે, તોયે અયોધ્યામાં મારા રામ ઘર વગરના છે. રામ મંદિર હજુ સુધી કેમ બન્યું નથી?

## કોંગી ઉપાધ્યક્ષનો બાળપ્રેમ : બે બાળકોને ઑટોગ્રાફ આપ્યા

(જી.એન.એસ) પ્રાંતિજ

કોંગ્રેસની નવસર્જન યાત્રાનું પ્રાંતિજમાં ભારે ઉત્સાહપૂર્વક સ્વાગત થયુ હતું. પ્રાંતિજમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, શિક્ષણ, રોજગાર સહિતના મેડિકલ કોલેજ સહિતના ક્ષેત્રમાં ગુજરાત કરતાં હિમાચલ પ્રદેશ આગળ છે.

પ્રાંતિજમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ગુજરાતમાં તમામ વર્ગ નાખુશ છે. તેમણે ગુજરાતની સરકાર પાંચ-દશ ઉદ્યોગપતિઓને સાચવતી હોવાનો આરોપ લગાવ્યો. ઉપરાંત તેમણે ગુજરાત કરતાં શિક્ષણ, રોજગાર સહિતના મેડિકલ કોલેજ સહિતના ક્ષેત્રમાં હિમાચલ પ્રદેશ આગળ હોવાનું જણાવ્યું હતું.

ઉત્તર ગુજરાતના પ્રવાસે આવેલા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ચીલોડાથી પ્રાંતિજ જતી વખતે એક ઢાબામાં ચાની મઝા માણી હતી. ઢાબાની મુલાકાત બાદ રાહુલ ગાંધીએ હેમાન અને આરૂષ નામના બે બાળકો સાથે મુલાકાત કરી હતી અને રાહુલ ગાંધીએ આ બાળકોને પોતાની તસ્વીર પર ઓટોગ્રાફ પણ આપ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ધાનેરા | જીરૂ | ૩૩૦૦-૩૫૧૧ |
| ઘઉં | ૨૯૩-૩૨૨ | એરંડા | ૮૪૦-૮૪૮ |
| બાજરી | ૨૩૬-૨૮૧ | રાયડો | ૬૭૦-૬૮૦ |
| મગ | ૭૭૧-૭૯૫ | ગવાર | ૬૬૮-૬૬૭ |
| ચોળા | ૫૫૦-૮૪૦ | ઘઉં | ૩૦૮-૩૪૩ |
| સુવા | ૭૯૮-૮૦૦ | બાજરી | ૨૪૫-૨૬૦ |
| ગવાર | ૬૪૪-૬૯૪ | બંટી | ૩૩૦-૩૩૫ |
| બીજડા | ૮૬૧-૧૧૬૭ | તલ | ૧૨૭૦-૧૩૧૫ |
| મેથી | ૪૯૧-૫૪૧ | અડદ | ૭૦૪-૭૮૦ |
| મગફળી | ૫૫૦-૮૩૩ | મગફળી | ૯૦૦ |
| રાયડો | ૬૫૦-૬૮૬ | | પાટણ |
| એરંડા | ૮૧૧-૮૪૩ | જીરૂ | ૩૦૦૦-૩૨૦૦ |
| ઈસ. | ૧૭૦૦-૧૭૧૮ | એરંડા | ૮૧૪-૮૫૯ |
| જીરૂ | ૨૯૦૦-૩૦૦૫ | વરી. | ૮૯૦-૧૦૭૫ |
| રાજગરો | ૭૬૪-૭૮૨ | મેથી | ૩૦૦-૪૦૦ |
| તલ | ૧૧૫૦-૧૪૦૧ | સુવા | ૭૦૦-૮૫૧ |
| સુવા | ૭૫૪-૮૦૯ | તલ | ૧૧૫૦-૧૩૭૦ |
| અન્ય | ૭૦૦-૭૬૧ | મગફળી | ૬૨૦-૭૫૪ |
| | થરાદ | અજમો | ૬૦૦-૭૭૫ |
| રાયડો | ૬૭૦-૭૦૨ | રાયડો | ૬૦૦-૬૮૭ |
| એરંડા | ૮૩૬-૮૫૦ | ગવાર | ૬૩૨-૬૮૩ |
| મગફળી | ૬૫૦-૭૯૦ | ઘઉં | ૩૦૫-૩૬૫ |
| મગ | ૭૦૦-૧૦૪૯ | બાજરી | ૨૩૦-૩૦૦ |
| ગવાર | ૬૬૦-૭૦૦ | બંટી | ૨૮૫-૩૩૮ |
| તલ | ૧૧૮૦-૧૪૧૮ | મગ | ૫૫૨-૮૦૦ |
| જીરુ | ૨૭૦૦-૩૫૭૧ | અડદ | ૬૫૦-૯૦૦ |
| મઠ | ૫૮૦-૬૬૧ | કપાસ | ૮૭૦-૯૨૦ |
| મેથી | ૪૯૬-૫૨૧ | | સિદ્ધપુર |
| અજમો | ૭૦૦-૧૩૨૬ | રાયડો | ૬૨૧-૬૮૩ |
| ચિકુડી | ૫૦૦-૭૭૧ | એરંડા | ૮૨૦-૮૫૮ |
| રજકાબાજરી | ૩૦૦-૩૪૧ | અડદ | ૬૨૧-૮૬૦ |
| | રાહ | ચોળા | ૪૨૫-૭૮૦ |
| રાયડો | ૬૭૦-૬૮૫ | મગ | ૫૦૦-૭૬૬ |
| એરંડા | ૮૩૫-૮૪૫ | ગવાર | ૬૬૬-૭૦૨ |
| રજકાબાજરી | ૩૦૦-૩૩૦ | ઘઉં | ૩૨૧-૩૯૦ |
| ચીકુડી | ૭૫૦-૮૮૫ | બાજરી | ૨૦૫-૨૮૦ |
| | થરા | કપાસ | ૮૫૦-૯૩૩ |

## પાટણ સિનિયર સીટીઝન ક્લબના ૩૧ સભ્યો વિદેશ પ્રવાસે રવાના



પાટણ

પાટણની સિનિયર સીટીઝન ક્લબ કે જે પાટણની સેવાકીય, સામાજિક પ્રવૃત્તિ કરતી સંસ્થા છે. આ સંસ્થાના ૩૧ સભ્યો ગતરોજ સવારે ૪:૦૦ વાગે ગાયત્રી મંદિર પરિસર ખાતે માં ગાયત્રી માતા દર્શન આરતી કરી ૭ દિવસના વિદેશ પ્રવાસે જવા રવાના થયા છે. દુબઈ, શાહજહા, અબુધાબી વિવિધ દેશોનો પ્રવાસ ૭ દિવસ કરી પરત ફરશે. પાટણની મીની લકઝરી બસમાં અમદાવાદ એરપોર્ટ જવા સવારે ૪:૦૦ વાગે ગાયત્રી મંદિરે દર્શન કરી નીકળ્યા હતા. આ પ્રવાસનું સુંદર આયોજન સંસ્થાના પ્રમુખ મંત્રી દ્વારા કરવામાં આવ્યું છે.

## વરાણા ગામના પુર અસરગ્રસ્તો અને ખેડૂતો સહાયથી વંચિત

હારીજ

સમી તાલુકાને અતિવૃષ્ટિ દરમિયાન પુરગ્રસ્ત જાહેર કરવામાં આવેલ હોવા છતાં પુર અસરગ્રસ્તોને અન્યાય કરી સરકારને બદનામ કરી ગયેલા જુના તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુઆતો કરવા છતાં કોઈ પરિણામ ન આવતાં અરજદારો ધક્કે ચડયા છે.

ગત વર્ષે પડેલ ભારે વરસાદ અને અતિવૃષ્ટિમાં સરકાર દ્વારા યુધ્ધના ધોરણે લોકોને સહાય મળી રહે તે માટે પ્રયત્નો કરી સમયસર લોકોને સહાય પુરી પાડવામાં આવી છે ત્યારે અન્ય અસંખ્ય લાભાર્થી ગ્રામજનો સહાયથી વંચિત રહી જવા પામ્યા છે. અનેકવાર રજુઆત છતાં વહીવટીતંત્રની બેદરકારી સરકારને બદનામ કરવાના હેતુથી સરકારનો આદેશ હોવા છતાં સહાય ચૂકવવામાં અન્યાય કરવામાં આવ્યો હોવાની બુમરાડ ઉઠી છે.

જેમાં સમી તાલુકાના વરાણા ગામના ઠાકોર બબાજી શીવાજી પુરપિડીત લાભાર્થી હોવા છતાં, તેમજ રાજયના મહેસુલમંત્રી, કલેકટરનો આદેશ હોવા છતાં સમીના જુના તાલુકા વિકાસ અધિકારી દ્વારા સહાય ચુકવાઈ નથી. લેખિતમાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

## જિલ્લા માહિતી કચેરી-પાટણ ખાતે એમ.સી.એમ. સી.અને ઈ.એમ.સી.નું તાલીમ સેશન યોજાયું



પાટણ

પાટણ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૭ના ઉપલક્ષમાંજિલ્લા માહિતી કચેરી-પાટણ ખાતે મિડીયા સેન્ટર ઉપરાંત મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટી અને ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરીંગ કમિટિ ચૂંટણી પંચના નિર્દેશ હેઠળ કાર્યરત કરાઈ છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એમ.સી.એમ.સી. અને ઇ.એમ.સી. ની કામગીરી અસરકારક, નિયમિત અને કાર્યદક્ષ કરવા માટે જિલ્લા માહિતી કચેરી સહિત ઇ.એમ.સી.માં સેવારત કરાયેલા કર્મચારીઓ માટેની તાલીમ યોજવામાં આવી હતી. એમ.સી.એમ.સી.અને ઇ.એમ. સી.ના નોડલ અધિકારી શ્રીમતી કાન્તાબેન પટેલે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિદ્ધ અને પ્રસારિત થતાં ચૂંટણી સબંધિત પેઈડ ન્યૂઝ પર ચુસ્ત નિરીક્ષણ રાખવા માટે માર્ગદર્શન આપ્યું હતું. સહાયક માહિતી નિયામક ભરતભાઇ રાવલે મિડીયા સેન્ટરની ભુમિકા, આદર્શ

આચાર સહિતાનો અમલ, ચૂંટણી દરમિયાન રાજકીય પાર્ટીઓ દ્વારા પ્રસિદ્ધ અને પ્રસારિત સમાચારો, તેનું પ્રારૂપ, તેમાં રાખવાની તકેદારી, ઈલેક્ટ્રોનિક મીડિયાનું રેકોડ'ગ વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. એસ.જી.પટેલે સોશ્યલ મીડિયા ફેસબુક, ટવીટર, બ્લોગ્સવગેરેમાં પ્રસારિત કરાતા સમાચારો અને જાહેર ખબરમાં કેવી રીતે કામ કરવું તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. સીનીયર સબ એડીટર ડી.પી.પટેલ, ડી.આર.વઢેર, આર.કે.પરમાર વગેરે પણ તાલીમ વર્ગમાં સૂચનો આપ્યા હતા. ઇ.એમ.સી. સાથે સંકળાયેલા કર્મચારીઓએ પણ તેમને મુંઝવતા પ્રશ્નો, કામગીરીની તરેહ, કાર્ય પધ્ધતિ વગેરે બાબતોને લગતા પ્રશ્નો અંગે સંવાદ કરી જાણકારી મેળવી હતી.

## કડી સર્વ વિદ્યાલયમાં ૩૫ કરોડના ખર્ચે એન્જિનિયરિંગ કોલેજ બંધાશે

કડી

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શતાબ્દી મહોત્સવના પ્રારંભે શુક્રવારે કેમ્પસમાં ૩૫ કરોડના ખર્ચે બંધાનાર એન્જિનિયરિંગ કોલેજનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે કોલેજના મુખ્ય દાતા સેરા સેનેટરીવેઅર કંપનીએ સાડા છ કરોડનું દાન જાહેર કર્યુ હતું.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સને ૧૯૧૯માં સંત કેશવાનંદજી મહારાજના આશીર્વાદથી પૂજ્ય છગનભાએ માત્ર ૬ વિદ્યાર્થીઓથી શૈક્ષણિક સંસ્થાનો આરંભ કર્યો હતો. હાલમાં કડી અને ગાંધીનગર કેમ્પસમાં ૫૪ હજાર છાત્રો અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૧૯માં સંસ્થાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ સંસ્થાના પ્રમુખ ડૉ.રામભાઈ પટેલ, ચેરમેન વલ્લભભાઈ પટેલ સહિત ટ્રસ્ટીમંડળ દ્વારા શતાબ્દી મહોત્સવ ઉજવવા નક્કી કરી સંસ્થા માટે ૧૦૦ કરોડનું દાન એકઠુ કરી વિવિધ શૈક્ષણિક સંકુલો બનાવવા નક્કી કર્યુ છે.

શતાબ્દી મહોત્સવના પ્રારંભે કડી કેમ્પસમાં શહેરની સૌપ્રથમ એન્જિનિયરિંગ કોલેજ ભવન બનાવવાનું નક્કી કરતાં નિર્માણ માટે સેરા કંપનીએ સાડા ૬ કરોડનુ દાન આપ્યું હતું. શુક્રવારે કંપનીના પ્રતિનિધિઓ અને સમાજના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં કોલેજ ભવનનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે સાહિત્યકાર જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ડૉ. રઘુવીર ચૌધરી, સાહિત્યકાર મોહનલાલ પટેલ, મંડળના પ્રમુખ ડૉ.રામભાઈ પટેલ, ચેરમેન વલ્લભભાઈ પટેલ, મંત્રી મહેશભાઈ પટેલ, ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ વિક્રમભાઇ પટેલ, કીરીટભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, સૌરીન પરીખ, કડી નાગરિક બેંકના ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ, એમડી રાજુભાઈ પટેલ, પાલિકા પ્રમુખ કનુભાઈ પટેલ સહિત સેરા કંપનીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અતુલ સંઘવી, સીઈઓ કોઠારી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર તાલુકાના કામલપુરમાં વિદ્યાર્થીઓને ડ્રેસ વિતરણ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના કામલપુર ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને દાતાઓ વડોદરાના યજુવેન્દ્રસિંહજી ગોહિલ તથા કામલપુરના ગણેશભાઈ ચૌધરીના સૌજન્યથી ૩૭૦ ડ્રેસ અને ૩ કોમ્પ્યુટરનું વિતરણ કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે ગામના અગ્રણી દઝાભાઈ ચૌધરી, સરપંચ ભૂપતજી ઠાકોર,ઉપસરપંચ શંકરભાઈ,ચેહરભાઈ,નેમાભાઈ સહીત ગામના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણના ત્રણ દરવાજા પર લાગેલ ઘડીયાળ ઘણા સમયથી બંધ

પાટણ

પાટણમાં ગોળશેરીથી સીધા જઈએ તો વચમાં ત્રણ દરવાજા આવે છે. તેની પર કીલાચંદ દેવચંદ શેઠના નામનું ટાવર બંને તરફ મુકવામાં આવેલ. વર્ષોથી આ ટાવરની દેખભાળ અને ટાઈમીંગ પાલિકા દ્વારા થતી આવી ત્યારે હાલમાં ટાવરની ઘડીયાળ બંધ હાલતમાં છે. જવાબદાર તંત્રને આ બાબતની જાણ હશે નહિ પાલિકાની ગાડીઓ રોજ ત્રણ દરવાજામાંથી પસાર થતી હોય છે છતાં જવાબદાર તંત્ર શા માટે બે જવાબદાર બની રહ્યું છે.

એક સમય એવો હતો કે પાટણના પશ્ચિમ વિસ્તારની જાહોજહાલી હતી અને ત્રણ દરવાજા પાસે આવેલી ઘીની દુકાનો બહાર ગાડવાના ઘીની રોજ હરાજી થતી હતી. સમગ્ર બજાર ધમધમતું હતું તે વખતે ત્રણ દરવાજા ટાવર નિયમીત ચાલતું અને દૂર સુધી તેના ટકોરા સંભળાતા હતા. પાલી-કામાં સત્તાધિન પક્ષ અને વિપક્ષ ભાજપ આ બાબતે જરૂરી પગલાં લેતું નથી ટાવરની ઘડીયાળ એ રીતે ગોઠવવામાં આવી છે. કે છેક હવેલી (ગોળશેરી) થી વ્યક્તિ ટાવરનો ટાઈમ જોઈ શકે. બંધ ટાવર શરૂ થાય તેવી માંગ ઉઠી છે.

## અરવલ્લી જિલ્લાની ૨૫૨ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાડવા આદેશ

મોડાસા

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓની સલામતીના પગલે અરવલ્લી જિલ્લાની તમામ ૨૫૨ માધ્ય. અને ઉ.મા. શાળાઓને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પરિપત્ર પાઠવી શાળાના સંચાલકને સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સીસીટીવી કેમેરા હેઠળ સમાવવા તાકીદ કરાઈ છે.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સલામતીના મુદ્દે તંત્ર ગંભીર બન્યું છે. શાળાઓમાં થતા કેટલાક પ્રકારના ગુનાઓ નિવારવા સફાળા જાગેલા તંત્રએ રાજ્યની તમામ મા. અને ઉ.મા. શાળાઓમાં સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા આદેશ કરાયા છે. જે શાળાઓ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા નહીં કરી શકે તેવી શાળાઓની માન્યતા રદ કરવામાં આવશે. તેવું ડીઈઓને જણાવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણબોર્ડ દ્વારા કરવામાં આવેલા પરિપત્ર બાદ અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જિલ્લાની શાળાઓને જણાવાયું છે.

## વિકાસથી વંચિત જેસંગપુર ગામના લોકોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

મોડાસા

આગામી વિધાનસભાની ચુંટણીમાં શાસક પક્ષ વિકાસના નામે ચુંટણી લડવાની તૈયારીઓ કરી રહેલ છે. ત્યારે માલપુર તાલુકામાં વિકાસથી વંચિત રહેલા જેસંગપુર ગામના ગ્રામજનો ચુંટણીનો બહિષ્કાર કરવાના હોઈ આ નિર્ણયથી આ વિસ્તારમાં ચકચાર મચી છે.

માલપુર તાલુકાનું જેસંગપુર ગામ અને તેની સાથે ગૃપ ગ્રામ પંચાયતમાં જોડાયેલ જુના તખતપુરા, વેડીટીંબા અને સોનીકપુર સહિતના ગામો અને ગ્રામજનો વિકાસથી વંચિત રહી જવા પામ્યા છે. જેસંગપુર ગ્રામ પંચાયતના સરપંચ દિનેશકુમાર પટેલના જણાવ્યા અનુસાર રાજય સરકારની વિકાસલક્ષી યોજનાઓ આ વિસ્તારના પાંચ હજાર ગ્રામજનો સુધી પહોચી નથી. રાજકીય પક્ષો વિકાસ અને નવસર્જનના નામે ચુંટણીઓની તૈયારી કરી રહેલ છે. પરંતુ જેસંગપુર પંચાયતનો હદ વિસ્તાર માર્ગો તેમજ આવાસ યોજનાથી વંચિત છે. ગ્રામ પંચાયત દ્વારા ૨૦૦ જેટલા લાભાર્થીઓ નોંધાયેલા હોવા છતાં એક પણ લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો નથી. જયારે ઘણા માર્ગો પેવર રોડથી વંચિત છે. તેથી ગ્રામજનોએ આગામી ચુંટણીનો બહિષ્કાર કર્યો છે.

## રાધનપુરમાં રાજસ્થાન પૂર્વ ધારાસભ્યે રાહુલ ગાંધીની સભા મામલે જાત માહિતી મેળવી


કમલ ચક્રવર્તી

રાધનપુર

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સોમવારે સમી તાલુકાના વરાણા ગામે જાહેર સભા યોજાવાની છે, જે સંદર્ભે રાધનપુર કોંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળે છે,શનિવારે રાજસ્થાનના પૂર્વ ધારાસભ્ય મદનલાલ પ્રજાપતે રાધનપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, જયંતીજી ઠાકોર સહીત અગ્રણીઓ પાસેથી સભા સંદર્ભે જાતમાહિતી મેળવી હતી.

## પાનોલોની એન.જે. એગ્રોકેમ કંપનીમાં આગ લાગવાથી પ્લાન્ટ ભસ્મીભુત

અંકલેશ્વર

પાનોલીની જી.આઈ.ડી. સી.માં આવેલી એન.જી. એગ્રોકેમ કંપનીમાં શુક્રવારની વહેલી સવાર ભીષણ આગ લાગવાથી દોડધામ મચી હતી. સદનસીબે કોઈને જનહાનિ થઈ ન હતી.

પાનોલીમાં આવેલી એન.જે. એગ્રોકેમ કંપનીમાં આગ લાગતાં ૩ ફાયર ટેન્ડરો સાથે લશ્કરોની ટીમ ઘટના સ્થળ પર દોડી આવીને ૪૫ મિનિટને જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પણ આગમાં આખો પ્લાન્ટ આગમાં ભસ્મીભુત થઈ ગયો હતો. આ આગ કયા કારણસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. તાલુકા ડિઝાસ્ટર ટીમ તેમજ ફેક્ટરી ઈન્સપેક્ટરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. અને આ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

## રાધનપુર તાલુકામાં ભાજપના અગ્રણીઓ દ્વારા લોકસંપર્ક

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકના અમીરપુરા તથા મસાલી ગામે ધારાસભ્ય નાગરજી ભાઈ ઠાકોર , જીલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈનાયક, જીલ્લા ભાજપ સંગઠન મહામંત્રી પ્રવિણભાઈ ઠક્કર, રાધનપુર માર્કેટયારના ચેરમેન અમથાભાઈ ચૌધરી, રાધનપુર તાલુકાભાજપ પ્રમુખ ભોજાભાઈ આહિર , મહામંત્રી ભાવાભાઈ ઠાકોર તથા પાર્ટી ના હોદેદારો એ ઘરે- ઘરે લોક સંપર્ક કર્યો અનેભાજપની રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની પ્રજાકલ્યાણલક્ષી કામગીરીથી લોકોને જાગૃત કર્યા..

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએગુજરાતની જનતાને જે પત્ર લખ્યો હતો તેની નકલો પણ લોકો સુધી પહોંચાડી હતી.

# ડીસામાં આજે રાહુલ ગાંધી અમિત શાહ ચૂંટણી પ્રચારમાં

## અમિત શાહ કાર્યકરો પાટણ- બનાસકાંઠાના કાર્યકરોને માર્ગદર્શન આપશે : રાહુલ ગાંધી હવાઈ પિલરમાં જાહેરસભા સંબોધશે





ડીસા

ગુજરાત વિધાનસભાની જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો એડી ચોંટી નું જોર લગાવી રહ્યા છે ત્યારે આજે રવિવારે પણ બંન્ને રાજકીય પક્ષના દિગ્ગજ નેતાઓ બનાસકાંઠા જિલ્લામાં ડીસા ખાતે આવી રહ્યા છે.જેમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ પાટણ- બનાસકાંઠા જિલ્લાના કાર્યકરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપશે તો કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી હવાઈ પિલ્લર મેદાનમાં જાહેરસભા સંબોધશે. જેથી પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી તદ્દન નજીક આવી રહી છે ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા માટે ઠેર ઠેર સભાઓ યોજી રહ્યા છે.ગુજરાત ના છેવાડે આવેલા બનાસકાંઠા જિલ્લામાં આજે રવિવારે ભાજપ અને કોંગ્રેસ ના બન્ને મુખ્ય દિગ્ગજ નેતાઓ એક સાથે આવી રહ્યા છે.ભાજપ ના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કાર્યકરોને ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપવા માટે ડીસા આવી રહ્યા છે. તેઓ પાલનપુર હાઈવે પર ભોંયણ પાસે આવેલા હેપ્પી પાર્ટી પ્લોટ ખાતે પાટણ અને બનાસકાંઠા બંને જિલ્લાના કાર્યકરો અને પેજ પ્રમુખો, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જને ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપશે.

જ્યારે કોંગ્રેસ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ નવસર્જન યાત્રા ને અનુલક્ષીને બનાસકાંઠામાં ચાર જગ્યાએ ચૂંટણી સભા યોજવાના છે.જેમાં તેઓ ડીસા ખાતે હવાઈ પીલ્લર મેદાનમાં જાહેરસભા સંબોધશે. જેથી આવતીકાલે બનાસકાંઠા જિલ્લો એ રાજકીય ચૂંટણી પ્રચાર નો હબ બની જશે.

અનુસંધાન પાના નં.૬

### રાહુલ ગાંધી ઉપર અગાઉ બનાસકાંઠામાં હુમલો થયેલ હોય ચુસ્ત વ્યવસ્થા

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અગાઉ ધાનેરા ખાતે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવ્યા ત્યારે તેમની કાર ઉપર પથ્થર ફેંક્યો હતો. ત્યારબાદ હવે તેઓ બીજી વખત ચૂંટણી પ્રચારને લઈ બનાસકાંઠા જિલ્લામાં આવી રહ્યાં છે ત્યારે ફરી વખત આવું કોઈ કૃત્ય ન થાય તે માટે પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા બે દિવસથી ડીસામાં પોલીસ દ્વારા વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ, માર્ચપાસ્ટ તેમજ રિહર્સલ સહિતની કવાયતો હાથ ધરાઈ હતી

### રાહુલ પાલનપુર, ડીસા અને થરામાં સભા સંબોધશે

ડીસા

યાત્રાધામ અંબાજીમાં રાત્રિ રોકાણ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે તા. ૧૨/૧૧/૨૦૧૭ ને રવિવારના રોજ બનાસકાંઠા મત વિસ્તારનો પ્રવાસ ખેડશે. જેમાં પાલનપુર, ડીસા અને થરામાં જાહેર સભા સંબોધશે. જ્યારે રસ્તામાં પણ ઠેરઠેર તેમનો સ્વાગત કાર્યક્રમ ગોઠવાયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ૩ દિવસ ઉત્તર ગુજરાતના પ્રવાસે આવ્યા છે. જેમાં ગઈકાલે પ્રથમ દિવસે સાબરકાંઠા મત વિસ્તારનો ઝંઝાવાતી પ્રવાસ ખેડ્યો હતો. બાદમાં ૬ વાગે હડાદથી તેમનો જિલ્લામાં પ્રવેશ થયો હતો. જ્યાં અંબાજી ખોડીવડલી ખાતે શાનદાર સ્વાગત બાદ તેઓએ મા અંબાના મંદિરમાં જઈ દર્શન પૂજા- અર્ચના કરી રાત્રિ રોકાણ કર્યુ હતું. ત્યારબાદ બીજા દિવસે રવિવારે આજે તેમનું સવારે ૧૦:૦૦ ક. દાંતામાં સ્વાગત થશે ત્યારબાદ ૧૦:૩૦ ક. પાલનપુર- રામપુર ખાતે સભાને સંબોધશે. એ પછી બપોરે ૧૨ ક. ડીસામાં પણ જાહેર સભા સંબોધશે. ત્યારબાદ બપોરે ૨ વાગે ભીલડીમાં સ્વાગત બાદ થરા વાળીનાથ મંદિરના દર્શન બાદ સભા સંબોધશે.

ત્યારબાદ શિહોરી થઈ પાટણ રાત્રિરોકાણ કરશે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની જિલ્લાની મુલાકાતને લઈ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે. જેથી તેમને આવકારવા ઠેરઠેર લોકોમાં સ્વયંભૂ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જ્યારે તેમની મુલાકાતને લઈ પોલીસ પણ ખડેપગે થઈ ગઈ છે. જેથી સભા સ્થળો અને સ્વાગત સ્થળો ઉપર અગાઉથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### ચૂંટણી ટાંણે લોકસેવકો આપણાં દ્વારે

# લોકસેવકો આપણી વચ્ચે આવે છે તો તેમની સામે આપણાં વણ ઉકેલ્યા પ્રશ્નો રજુ કરો નહિતર ?

ચૂંટણી દરમ્યાન નાણાંની લેતી- દેતી ઉપર રહેશે બાજ નજર... દારૂની હેરાફેરી અટકાવવા રેલ્વે પોલીસ સજ્જ... કોંગ્રેસ ઉમેદવારોની પ્રથમ યાદી ૧૬ મી નવેમ્બરે જાહેર કરે તેવી શક્યતા આ બધા વચ્ચે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે ગઈકાલથી આવ્યા છે. જેમાં આજે બનાસકાંઠામાં આવશે. કાંકરેજ તાલુકાના થરા ખાતે આવેલ સમસ્ત ગોપાલક ભરવાડ સમાજની ગુરુગાદી એવા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ મંદિર ખાતે સાંજના ૪:૩૦ કલાક આજુબાજુ આવી પહોંચશે ને ત્યાંથી ઓમ પ્લાઝા શોપીંગ સેન્ટરની પાછળના ગ્રાઉન્ડમાં થરાદ- વાવ- કાંકરેજ- દિયોદર- ભાભર- રાધનપુરની જાહેર જનતાને સંબોધશે. ત્યાંથી પૂ.સદારામ બાપુના આશ્રમ ટોટાણા જશે પરંતુ હજુ તે અંગે ચોક્કસ માહિતી નથી. તો ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ઉ.ગુ.ની મુલાકાતે છે. ચૂંટણીઓ આવે એટલે ટી.વી. છાપામાં જોવા મળતા નેતાઓ લોકસેવક બનીને અંતરિયાળ વિસ્તારમાં પ્રજાના હમદર્દી હોય તેવી લાગણી બતાવવા પહોંચી જાય છે ને પ્રજા આવા લોકોની સભામાં તાળીઓ પણ પાડે.. સાચું કોઈ ન બોલે કે, અમારા વિસ્તારમાં બનાસ નદી પવિત્ર છે, ભૂખનન માફિયાઓ અધિકારીઓની મીલીભગતથી રાત- દિવસ રેતની ચોરી કરીને ઓવરલોડ ટર્બા- ડમ્પર ટ્રક- ટ્રેક્ટર દ્વારા લઈ જઈ રહ્યા છે. અમારા વિસ્તારમાં સામખીયારીથી પાલનપુર સુધી છ જેટલા લૂટણખોરી કરતાં ટોલનાકા ઉભા કરવામાં આવી. લોકોની આઝાદી છીનવી લીધી છે. કાંકરેજ તાલુકાના વેપારી મથક થરાની સૌરાષ્ટ્રની તમામ એસ.ટી. બસો બંધ કરી દેવાઈ. તેના સિવાય બીજી વર્ષો જુની બસો પણ એનકેન બહાના હેઠળ બંધ કરાઈ. વ્યક્તિગત શૌચાલય - રોડ રસ્તાના વિજળી, પાણી પુરવઠા, ખેડૂતો, ગરીબો, ગાયના નામે મોટા કૌભાંડો ચાલી રહ્યો છે. ભેળસેળયુક્ત ઘી- તેલ દૂધ જાહેરમાં બની ઠલવાઈ રહ્યા છે.




યશપાલસિંહ ટી.વાઘેલા

### કાંકરજ સહિત જિલ્લાભરમાં પડતર પ્રશ્નોની વણઝાર

એકમમાત્ર કાંકરેજમાં નહિં જિલ્લાભરમાં પડતર પ્રશ્નોની વણઝાર છે. પરંતુ ના સાચી રજુઆત લોકશાહીમાં ન કરાય. આ લોકસેવકો ખાવા માટે જ સર્જાયા છે. ચૂંટણીટાણે પૈસા દારૂ- અફીણની લેતી- દેતી કેવી ચાલે છે. તે ગામડા- મહોલ્લાના રાવણામાં જઈને જુઓ કે સવાર- સાંજ આવતા જતા દારૂડીયાની લંગર શું સુચવે છે. રાહુલ ગાંધીને અમિત શાહ કોણ કોના વિશે શું બોલે. તેના કરતા આપણા વિસ્તારના વણઉકેલ્યા પ્રશ્નો ધ્યાને લેવા તેવું કંઈક કરો નહીતર ચૂંટણી તો કાલે પતી જશે. તબ પસ્તાવે ક્યાં રોત જબ ચીડીયા ચુગ ગઈ ખેત.

# ડીસા મંડાર હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલું ડાલું પકડાયું



ભરત સુંદેશા

### ડીસા તાલુકા પોલીસે રૂ ૬.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ જિલ્લામાં દારૂની રેલમછેલ ન થાય અને ચૂંટણી શાંતિપૂર્વક યોજાય તે માટે પોલીસ દ્વારા દારૂની હેરાફેરીમાં કડકપણે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અનુસંધાને શનિવારે ડીસા તાલુકા પોલીસે ડીસાના ઝેરડાના નજીકની નજીકથી વિદેશી દારૂ ભરેલું જીપડાલુ પકડી કુલ રૂ. ૬.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે ડીસાના વિભાગીય પોલીસ અધિક્ષક એચ.કે વાઘેલાની સુચના અનુસાર ડીસા તાલુકા પીઆઈ

અનુસંધાન પાના નં.૬

# મંત્રી શંકરભાઈ ચૌધરી વિરુદ્ધ પત્રિકા ફરતી થતા ચૂંટણીપંચમાં ફરિયાદ

### શંકરભાઈ ચૌધરી વિરુદ્ધ લોકલ અખબારનું કટીંગ સોશ્યલ મીડિયામાં વાયરલ થયું

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ રાજકીય નેતાઓ પર આક્ષેપ પ્રતિઆક્ષેપ થઈ રહ્યા છે. જેમાં વાવના ધારાસભ્ય અને રાજયકક્ષાના મંત્રી શંકરભાઈ ચોધરી વિરુદ્ધ છપાયેલા સમાચારનો કટીંગ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શંકરભાઈ ચૌધરીએ શનિવારે મોડી સાંજે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી છે.

વાવના ધારાસભ્ય અને રાજયના મંત્રી તેમજ બનાસકાંઠા જિલ્લાના મોટા કદના નેતા ગણાતા શંકરભાઈ ચૌધરી દ્વારા તેમના વિરુદ્ધ બનાસકાંઠાના કોઈ લોકલ અખબારમાં છપાયેલ સમાચાર નું કટીંગ નો ફોટો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવી છે. અખબારના એક્ટિંગમાં છપાયેલા સમાચાર મુજબ શંકર ચૌધરીએ તેમના વિસ્તારના ઠાકોર સમાજના લોકોને કોળીઓતો કાળેગડાનો ભારો કહી તેઓને દસ રૂપિયાની પોટલી મા ખરીદી લેવાશે તેમજ રાજપૂતોની પણ તેઓને મતદાર તરીકે જરૂર નથી, જ્યારે ચૌધરી સમાજમાં પણ અંદર અંદર ભાગલા પડાવ્યા હોય તે રીતના આક્ષેપો સાથે ના સમાચાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત મંત્રી દ્વારા જે ગામ લોકો મત નહી આપે તે ગામની દૂધ મંડળીઓ બંધ કરી દઈશું તેવી પણ ચીમકી અપાઈ હોવાનું આ લેખમાં છપાયું છે. જેને લઈ સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. અખબારનું કટીંગ કયા અખબારનું અને ક્યારનું છે તે જાણી શકાયું નથી. પરંતુ મંત્રી શંકરભાઈ ચૌધરી વિરુદ્ધ સંપૂર્ણ રાગ-દ્વેષથી છાપવામાં આવી હોય સ્વરૂપે એવું સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી શંકરભાઈ ચૌધરીએ મોડી સાંજે જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ લેખિત ફરિયાદ મોકલી આપી હતી અને આ અંગે તપાસ કરી યોગ્ય પગલા લેવા જણાવ્યું હતું.

# ડીસાના ઘનકચરાના નિકાલના પ્લાન્ટને લઈ જુનાડીસા ગ્રામજનોનો મતદાનનો બહિષ્કાર

### ઘનકચરાના નિકાલ પ્લાન્ટની જગ્યાએ નગરપાલિકાએ ડમ્પિંગ સાઈટ બનાવી



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરના ઘનકચરાના નિકાલના પ્લાન્ટ માટે જુનાડીસા ગંગાજી વ્હોળામાં સરકાર દ્વારા ફાળવાયેલી જગ્યામાં પાલિકાએ ઘનકચરાના નિકાલનો પ્લાન્ટ બનાવવાની જગ્યાએ માત્ર અને માત્ર ડમ્પિંગ સાઈટ બનાવી દેતાં છેલ્લા સાત વર્ષથી ઠલવાતા શહેરના કચરાના કારણે જુનાડીસા ગ્રામજનો સહિત આજુબાજુ વિસ્તારના લોકો ભયંકર ત્રાસ ભોગવી રહ્યા છે. જેના કારણે ગ્રામજનોની આ પરેશાનીનો કોઈ નિકાલ નહીં આવતા જુનાડીસા ના ગ્રામજનોએ વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરી ગ્રામમાં ઠેર-ઠેર મતદાન બહિષ્કાર અને નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધના બોર્ડ લગાવી દેવાયા છે. બનાસકાંઠા માં ડીસા તાલુકાના સૌથી મોટા ગામ ગણાતા જુનાડીસા ગામના લોકો છેલ્લા ઘણા સમય થી ઘન કચરાના નિકાલ ના મુદ્દે હેરાન થઈ રહ્યા છે. ગામની પાસે ગંગાજી વ્હોળામાં ડીસા નગપાલિકાએ કચરાની ડંપિંગ સાઈટ બનાવી દેતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે અને કચરાની સાથે સાથે મરેલા

અનુસંધાન પાના નં.૬

# પટેલ - ચૌધરી મતદારોની મહત્વની ભૂમિકા છતાં ધાનેરા બેઠકમાં ક્ષત્રિયોનું પ્રભુત્વ...

દાંતીવાડા

આગામી ડિસેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજનાર છે.ત્યારે સમગ્ર દેશની નજર ગુજરાત પર હોવાથી ચૂંટણી રસપ્રદ બની રહશે તે અંતર્ગત ૯ ધાનેરા વિધાનસભા બેઠકમાં આવતા મતદારો માટે ખુબજ મહત્વની છે.આ બેઠકમાં કુલ ૨,૨૪૪૬૮ મતદારો

છે જે પેકી આ બેઠકમાં સૌથી વધારે ક્ષત્રિય મતદારોનો સમાવેશ થતો હોવાથી ગમે ત્યારે ઉમેદવારની હાર જીતનું પાસું બદલી શકે છે.તેવું ભૂતકાળના અનુભવથી ફલીત થાય છે

૯ ધાનેરા વિધાનસભાની વાત કરીએ તો ધાનેરા તાલુકાના ૭૧ ગામોના તથા દાંતીવાડા તાલુકાના ૫૯ જેટલા ગામો બેઠકમાં આવે છે.જે પેકી ગ્રામ્ય વિસ્તારના મતદારો પર ભાજપ અને કોંગ્રેસને ઉમેદવારને વધુ મદાર રાખવો પડે છે.શહેરના મોટા ભાગના શિક્ષિત

અનુસંધાન પાના નં.૬

### જ્ઞાતિ આધારે લડાતી ચૂંટણીમાં જ્ઞાતિનું વધુ મહત્વ....

વિધાનસભાની ચૂંટણી જ્ઞાતિવાદના ધોરણે લડાય છે.ત્યારે સ્વભાવિક છે કે જે વર્ગના મતદારો વધુ હોય તેના પર ઉમેદવારો વિજયી થવાનો મદાર રાખે છે.પરંતુ ધાનેરા બેઠકમાં ૫૫,૦૦૦ હજાર ક્ષત્રિય મતદારો એવા છે કે તેમનો જોક જે તરફ હશે તે ઉમેદવારનું પલ્લું ભારે રહશે.જો કે કેટલાક મતદારો વિચારસરણી મુજબ પક્ષની વિચારધારા આધીન રહી મતદાન કરે છે.જ્યારે શિક્ષિત ગણાતા મતદારો આ બધા સાથે સમાજને કયો પક્ષ કેટલો ફાયદો ભવિષ્યમાં કરાવશે તેના આધારે ઉમેદવારની લાયકાત જોઈ મત આપે છે,જે મહત્વનું પાસું છે.

# ભાભરમાંથી ૧૩ જુગારીયા પકડાતા ચકચાર



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભરમાંથી આર.આર.સેલ ભુજ પોલીસે બાતમી આધારે વરલી - મટકાનો જુગાર રમતા ૧૩ જુગારીયાઓને રૂા.૮૭૯૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતા જુગારીયા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

પોલીસ મહા નિરીક્ષક પિયુષ પટેલ (બોર્ડર રેન્જ કચ્છ - ભુજ) એ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી અનુસંધાને દારૂ - જુગારના ગુનાઓ શોધી કાઢવા સૂચના આપી છે. જે સૂચના આધારે આર.આર.સેલ ભુજના અ.હેડ. કોન્સ. યશવંત સિંહ વાઘેલા, રમેશભાઈ વગેરે બનાસકાંઠા જિલ્લાના ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન યશવંતસિંહને મળેલ બાતમી હકિકત

અનુસંધાન પાના નં.૬

# અમિતભાઈ શાહ ડીસા બેઠકનો પડકાર ઝીલવા ચાણકય દષ્ટિથી સુયોગ્ય પસંદગી કરશે

ડીસા

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહ આજે ડીસાના પ્રાંગણમાં પધારી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે ભાજપને અમિતભાઈ શાહ જેવા નેતાનું પ્રમુખ પદ મળ્યું. ઉત્તર પ્રદેશ જ્યાં જંગલ રાજ હતું ત્યાં પરિશ્રમ અને હોંશિયારીથી ચાણકય જેવી વ્યૂહ રચનાથી ૭૧ બેઠકો લોકસભામાં મળી એ ઐતિહાસિક અદભૂત ઘટના હતી. આ એજ ઉત્તર પ્રદેશ છે કે જ્યાં અયોધ્યા કારસેવા વખતે મુલાયમનો કઠોર હુંકાર પક્ષી પણ નહી ફરકી શકે ત્યારે શશીકાંતભાઈ જેવા લાખો ભાજપ કાર્યકર્તાઓ શેરડીના ખેતરોમાંથી અયોધ્યા પહોંચ્યા હતા. તે યુપીમાં અમિતભાઈ શાહ, નરેન્દ્રભાઈ મોદીને જવલંત સફળતા સાંપડી હતી. અમિત શાહ જો યુ.પી.માં જંગલમાં મંગલ કરી શકતા



હોય તો ગુજરાત તો માદરે વતન છે. વતનની વ્હાલપ કેવી છે.

ડીસામાં શશીકાંતભાઈ પંડયા જેવા અનેક કાર્યકરોએ દાયકાઓ સુધી હિન્દુત્વ માટે ઝઝુમ્યા. ગુજરાતભરમાં છેલ્લા ૨૨ વર્ષથી જે શાંતી છે તે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવાં અજોડ તેજસ્વવી નેતાઓની ચાણકય દષ્ટિને આભારી છે. ડીસા વિધાનસભા બેઠક જીતવી ભાજપ માટે પડકાર છે. જનસંઘથી ભાજપ સુધી ડીસામાં વિશાળ ચોકકસ વર્ગ છે જેણે કદી કોંગ્રેસને વોટ આપ્યો નથી. શરત એક જ કે, ઉમેદવાર એના રોમરોમમાં હિન્દુવાદી હોવો જોઈએ. ૧૯૯૫ માં ડીસામાં ભાજપ પ્રથમવાર જીત્યું એ કોઈ વ્યક્તિનો વિજય નહી, હિન્દુત્વનો સ્વયંભૂ જુવાળ હતો. ડીસાની પ્રજામાં રાજહંસ જેવી દૂધ પાણી છૂટા પાડવાની વિવેક દષ્ટિ છે એ જોતા હિન્દુત્વના હમદર્દ હોય એવા ઉમેદવારની પસંદગી અનિવાર્ય છે. અમિતભાઈ શાહની ચાણકય દષ્ટિથી ઝવેરી જેમ હીરાને પારખે એમ સુયોગ્ય પસંદગી થશે જે એવો ડીસાની પ્રજાને અતૂટ વિશ્વાસ છે. ગુજરાતમાં ૧૮૨ બેઠકો સર કરવા અજોડ નિષ્ઠાવાન ઉમેદવારો જોઈશે

અનુસંધાન પાના નં.૬

# થરા ખાતે ઝાઝાવાડા મહાદેવના દર્શન કરી રાહુલ ગાંધી આજે જાહેર સભાને સંબોધશે..

**અલ્પેશ ઠાકોર, મુકેશ ભરવાડ, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર સહિતના આગેવાનો હાજર રહેશે : છ તાલુકાની જનતા રાહુલ ગાંધી અલ્પેશ ઠાકોરને સાંભળવા ઉમટી પડે તેવી સંભાવના...**

તા.પ્રતિ. થરા

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ ની જાહેરાત સાથે જ ભાજપ- કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓ લોકો વચ્ચે જઈને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તો ગઈકાલથી રાષ્ટ્રિય કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં આવેલા સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરુગાદી એવા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ મંદિર ખાતે આજે સાંજના ત્રણથી ચારેક વાગ્યાના સુમારે આવી દર્શન કરી સીધા જ ઓમ પ્લાઝા પાછળના ગ્રાઉન્ડના સભા સ્થળે પહોંચી કાંકરેજ, દિયોદર, વાવ, થરાદ, ભાભર, રાધનપુર તાલુકાની જનતાને સંબોધન કરશે. આ પ્રસંગે ઠાકોર ક્ષત્રિય સેના આગેવાન અલ્પેશ ઠાકોર, ભરવાડ સમાજમાંથી મુકેશભાઈ ભરવાડ, કોગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર સહિતના આગેવાનો સાથે રહી લોકોને સંબોધશે. આ માટે બનાસકાંઠા જિલ્લા કાંકરેજ તાલુકા- થરા શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગત પૂર વખતે રાહુલ ગાંધીની મુલાકાત સમયે કાળા વાવટા બતાવી વિરોધ કરનાર તત્વોને બીજી રીતે સુરક્ષા માટે પોલીસનું છેલ્લા ત્રણ દિવસથી સતત મોનીટરીંગ ચાલી રહ્યું છે. આજે રાહુલ ગાંધીની સભામાં કેવી માનવ મેદની ઉમટશે. તે અંગે ભાજપમાં ચહલપહલ છે. કાંકરેજ વિધાનસભાની સીટ અકબંધ રાખવા કોંગ્રેસ મથામણ કરશે તો ભાજપ આ સીટ પોતાના પક્ષમાં ખેંચવા? શું થાય એ તો સમય જ બતાવશે..

### ભીલડી પંથકમાં દશ કલાકને બદલે આઠ કલાક વિજ પુરવઠો આપતા ખેડુતો નારાજ

ભીલડી

અત્યારે શિયાળાની ઋતુની શરૂઆત થતા જ ખેડુતોએ રવિ સીઝનનું વાવેતર શરૂ કરી દીધું છે. આથી ગુજરાત સરકાર દ્વારા ૨૪ ઓક્ટોબરથી ૨૦ નવેમ્બર સુધી ચાર કલાકને બદલે દશ કલાક ખેતી માટે વિજ પુરવઠો આપવાનું જણાવેલ છે. પરંતુ ભીલડી પંથકના કેટલાક ગામો જેવા કે રતનપુરા, લોરવાડા, છત્રાલા, ખેટવા, ઘરનાળ, સોતમલા,

અનુસંધાન પાના નં.૬


## બેસણું / ઘડાકિયા



ઠક્કર રમેશભાઇ રાયચંદભાઇ-પિતા
ઠક્કર રાજેશભાઇ રમેશભાઇ-ભાઇ
ઠક્કર સુરેશભાઇ રમેશભાઇ-ભાઇ (ડીસા)
સમસ્ત ઘુડાજી કરશનજી ઠક્કર (કોયડા પરિવાર)



## શ્રધ્ધાંજલિ



સ્વ. ગુણીબેન ધીરજલાલ ઘરૂ
સ્વ. તા. ૧૨/૧૦/૨૦૧૭

અમારા કલ્યાણ મિત્ર હિતેષભાઈ ઘરૂનાં માતાશ્રી સ્વ. ગુણીબેન ધીરજલાલ ઘરૂની પ્રથમ માસિક પૂણ્યતિથિએ ભાવભિની શ્રધ્ધાંજલિ

લિ.

શાહ ચિરાગ રમેશભાઈ
શાહ રાહુલ રમેશભાઈ
સંઘવી નિરજ ભીખાભાઈ
ભણસાલી રિકિ ચંદ્રકાંતભાઈ
કોઠારી અર્પિત ભરતભાઈ
સંઘવી ઋષિન નવીનભાઈ